રાજ્યમાં મકરસંક્રાતિની ઉજવણી વચ્ચે પતંગની દોરીના કારણે જ ચાર લોકોએ જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. કુવાડવા રોડ પર રાજકોટમાં પતંગની દોરીના કારણે એક બાઈકચાલકનું મોત નિપજ્યું હતું. જ્યારે બીજો બનાવ સુરેન્દ્રનગરના પાટડીના ઓડુ ગામના ઈશ્વરભાઈ ઠાકોરનું પણ પતંગની દોરીના કારણે મોત નિપજ્યું હતું. ત્રીજો બનાવ હાલોલના રાહતલાવ ગામના ૫ વર્ષીય કુણાલનું પતંગની દોરીથી ગળું કપાવાને કારણે મૃત્યુ થયું છે. પરેશભાઈ તેમના પુત્ર કુણાલને ટુ વ્હીલર પર બેસાડીને પનોરમા ચોકડી પાસે ફુગ્ગા ખરીદવા જઈ રહ્યા હતા. આ દરમિયાન અચાનક તેમની આગળ પતંગની દોરી આવી ગઈ, જે આગળ બેઠેલા કુણાલના ગળામાં ભરાઈ ગઈ હતી. દોરી ઘસાવાથી બાળકનું ગળું ગંભીર રીતે કપાઈ ગયું હતું. ઈજાગ્રસ્ત કુણાલને તાત્કાલિક હાલોલની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. ડૉક્ટરોએ તાત્કાલિક સારવાર શરૂ કરી હતી, પરંતુ ટૂંક સમયમાં જ બાળકનું મોત નીપજ્યું હતું. ચોથો બનાવ કડીના કસ્બા વિસ્તારમાં વીજતાર પર પડેલી પતંગની દોરીને દૂર કરવા જતાં મહિલાને કરંટ લાગ્યો હતો. આ દરમિયાન મહિલાને બચાવવા ગયેલા ભાઈને કરંટ લાગતા તેનું કરૂણ મોત નીપજ્યું હતું.

ભાવનગરમાં ઉત્તરાયણનો પર્વ લોહિયાળ બન્યો છે. ચિત્રામાં બાઈક પર જતાં યુવકના ગળામાં ઘાતક દોરી ફસાતા ઈજાગ્રસ્ત થયો હતો. ત્યારે નજીકમાં રહેલા ટ્રાફિક જવાનોએ યુવકને સારવારમાં ખસેડ્યો હતો. બનાસકાંઠામાં દોરીથી ૨ વ્યક્તિઓના ગળા કપાતા ગભીર ઈજા પહોંચી છે. જેઓને સારવાર માટે નજીક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યારે વડોદરાના પાદરામાં પતંગની દોરીથી યુવાનનું ગળું કપાયું હતું. કરખડી ગામના યુવાનને પતંગની દોરીથી ગભીર ઈજાઓ પહોંચી હતી. યુવાનને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં યુવકને લઈ જવામાં આવતા યુવાનને ગળાના ભાગે ૩૦ ટાંકા લેવામાં આવ્યા હતા. તેમજ કરજણમાં પતંગની દોરીથી યુવકનું ગળું કપાયુ હતું. નેશનલ હાઈલ ૪૮ પરથી પસાર થતા સમયે પતંગ દોરીથી ગળાના ભાગે દોરી આવતા બાઈક સવાર ઈજાગ્રસ્ત થયો હતો. ચાલુ બાઈકે પતંગની દોરી યુવકના ગળામાં ફસાઈ જતાં ભારે ઈજાને કારણે સરકારી દવાખાનમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યારે છાણીના ૩૫ વર્ષીય મહિલા મધુરી કૌશિકભાઈ પટેલનું દોરીથી ગળુ કપાઈ જતાં મોત નિપજ્યું હતું. આ ઉપરાંત અન્ય એક વ્યક્તિ ધાબા પરથી નીચે પડકાતા હાલ બેભાન અવસ્થામાં સારવાર હેઠળ છે.

મહેસાણા જિલ્લામાં ઉત્તરાયણની ઉજવણી વચ્ચે એક દુખદ ઘટના સામે આવી છે. વડનગર તાલુકાના વડબાર ગામના ૩૫ વર્ષીય માનસાજી રગુંજી ઠાકોરનું ઘાતક દોરી વાગવાથી કરૂણ મોત નિપજ્યું છે. બનાવની વિગતો મુજબ, માનસાજી પોતાના બાઈક પર વડનગર કામ અર્થે ગયા હતા. બપોરે કામ પૂરૂં કરી ઘરે પરત ફરતી વખતે તેમના ગળાના ભાગે અચાનક ઘાતક દોરી વાગી હતી. ગંભીર ઈજાઓ સાથે તેમને તાત્કાલિક વડનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું.મૃતકના ભાઈ મોનાજી ઠાકોરે જણાવ્યું કે માનસાજી ઘર નજીક પહોંચ્યા ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી. ત્રણ બાળકોના પિતા એવા માનસાજીના અકાળ અવસાનથી સમગ્ર પરિવાર અને વિસ્તારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

રાજ્યમાં આજે ઉત્તરાયણના પર્વ પર સવારથી જ ૧૦૮ એમ્બ્યુલન્સ દોડતી રહી છે. રાત્રે ૯-૦૦ વાગ્યા સુધીમાં ૪૨૫૬ ઈમરજન્સી કોલ ૧૦૮ને મળ્યા હતા તો આ સાથે પશુ-પક્ષીના ઈજા થવાના બનાવો પણ વધ્યા હતા. જેમાં ૧૪૦૦ જેટલા પશુ-પક્ષી ઘાયલ થયા હતા. જ્યારે સાંજે ૬-૦૦ વાગ્યા સુધીમાં ૧૦૮ના કોલ સેન્ટરને ૩૭૦૭ જેટલા ઈમરજન્સી કોલ મળ્યા હતા. જેમાં અમદાવાદમાં સૌથી વધુ ૭૩૨ જ્યારે ૩૨૦ કોલ સાથે સુરત બીજા ક્રમે રહ્યું છે. ત્રીજા ક્રમે રાજકોટમાં ૨૩૪ કોલ અને વડોદરામાં ૨૩૪ કોલ મળ્યા હતા. આ સાથે રાજ્યમાં ટુ-વ્હીલર પર અકસ્માતના ૩૯૪ બનાવ બન્યા હતા તો ૨૨૪ બનાવો ધાબા વગેરેમાં ઉપરથી પડી જવાના બનાવો નોંધાયા હતા. રાજ્યમાં ઘાતક દોરીથી ૧૪૩ લોકોને ઈજા થવા પામી હતી. ૧૦૮ સર્વિસના દાવા અનુસાર ગત વર્ષ કરતા આ વખતે ઈમરજન્સી કેસમાં ૪૧૧નો વધારો થવા પામ્યો હતો.

## અબોલ પશુ-પક્ષીઓ માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉત્તરાયણ ઘાતક; ૧૪૦૦થી વધુ પશુ-પક્ષી ઘાયલ

ઉત્તરાયણ પર્વ પર લોકોની સાથે અબોલ પશુ-પંખીઓ પણ ઈજાગ્રસ્ત થવાના બનાવમાં વધારો નોંધાયો છે. બપોર ત્રણ વાગ્યા સુધીમાં કરૂણા એનિમલ એમ્બ્યુલન્સને ૮૬૬ ઈમરન્સી કોલ મળી ચૂક્યા હતા. જેમાં ૫૪૫ પશુના અને ૩૨૧ પક્ષીઓના ઈજાગ્રસ્ત થવાના હતા. ઉત્તરાયણના પર્વ પર સંભવિત અકસ્માતના બનાવને પહોંચી વળવા માટે ૧૦૮ની ટીમ સજ્જ કરવામાં આવી હતી. ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણના દિવસે સૌથી વધુ ઈમર્જન્સીના કેસો અમદાવાદ, સુરત, રાજકોટ, ગાંધીનગર, સુરેન્દ્રનગર, પાટણ, બનાસકાંઠા, અરવલ્લી, નવસારી અને પંચમહાલ જેવાં શહેરોમાં નોંધાતા હોય છે, જેથી આ શહેરોની પણ જાહેરાત કરવામાં આવી હતી.

### રાજ્યમાં ઉત્તરાયણની દિવસોથી તૈયારીઓ વચ્ચે અમદાવાદમાં આગલા દિવસે પતંગ બજારમાં જાણે કતલની રાત !

# અમદાવાદના કોટવિસ્તારના પતંગ બજારોમાં પતંગ રસિયાઓની આખી રાત ભારે-ભીડ ઉમટી !

## કાલુપુર, જમાલપુર, રાયપુર, દિલ્હી દરવાજા સહિતના પતંગ બજારોમાં સવાર સુધી ધમધમાટ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૧૪

રાજયભરમાં ઉત્તરાયણના પર્વનો એક અલગ જ ક્રેઝ હોય છે તેને લઈને લોકો અગાઉથી તૈયારીઓ કરતા હોય છે. પરંતુ રાજયના મુખ્ય શહેર અમદાવાદમાં તો ઉત્તરાયણના આગલા દિવસે પતંગ બજારમાં કતલની રાત હોય છે રાયપુર, દિલ્હી દરવાજા, કાલપુર, જમાલપુર સહિતના પતંગના મોટા બજારોમાં પતંગ રસિયાઓની ખરીદી માટેની ભીડ આખીરાત જામી હતી. કોટ વિસ્તારમાં પતંગ ખરીદનારાઓનું મહેરામણ ઉમટી પડતા કેટલાક વિસ્તારોમાં ટ્રાફિકજામ પણ જોવા મળ્યો હતો. અમદાવાદના પશ્ચિમના કેટલાક બજારોમાં મોડીરાત સુધી ખરીદી ચાલુ રહી હતી. મંગળવારે ઉત્તરાયણના દિવસે પવનની ગતિ કલાકના ૧૪થી ૨૦ કિલોમીટર સુધીની રહેવાની હવામાન વિભાગની આગાહી કરી છે. ત્યારે પતંગ માટે



સામાન્યપણે ૮થી ૧૦ કિલોમીટર સુધીનો પવન આદર્શ ગણાય છે. જો કે આ વખતે પવનને લઈ ઉત્તારાયણની મોજ રહેવાની ગણતરીએ આખીરાત ખરીદી માટે ભીડ જામી હતી. રાયપુર, કાલુપુર, જમાલપુર, દિલ્હી દરવાજા સહિતના પતંગ બજારોમાં આખીરાત ખરીદી માટે ભીડ જામી હતી. આ બજારો સુધી જવાનો માર્ગો પર ઠેર ઠેર ટ્રાફિકજામના દશ્યો જોવા મળ્યા હતા. કેટલાક માર્ગો તો પોલીસ દ્વારા ભારે ટ્રાફિકને લઈને બંધ કરી દેવામાં આવ્યા હતા. મોટાભાગના બજારો વહેલી સવાર સુધી ચાલુ રહ્યા હતા. પતંગ બજારોમાં પતંગના ભાવમાં ૫થી ૨૦ ટકાનો વધારો જોવા મળ્યો હતો. આ વર્ષે પતંગમાં રતન તાતાના ફોટાવાળા પતંગ પણ જોવા મળ્યા હતા. ચાઈનીઝ દોરીની અને હાઈકોર્ટ દ્વારા કાચવાળી દોરી પર પ્રતિબંધ લગાવ્યો હોવા છતાં બજારમાં વેચાણ થતું જોવા મળ્યું હતું. રાજયમાં આ વખતે પતંગ બજારમાં ભારે તેજી જોવા મળી હતી. જેમાં રાત્રી સુધીના એક જ દિવસમાં લાખો કરોડનો વેપાર થયો હોવાનું ગણિત વેપારી વર્ગ તરફથી અંદાજવામાં આવેલ છે. અમદાવાદ સહિત રાજયમાં પતંગના બજારમાં દર વર્ષે ટર્નઓવરમાં ખાસ્સો એવો વધારો થઈ રહ્યો છે. એક અંદાજ મુજબ પતંગ ઉદ્યોગ સાથે હજારો પરિવારની રોજી-રોટી સંકળાયેલ છે અને તેના પર આખુ વર્ષ તેમનું નભે છે.

### અમદાવાદ, વડોદરા, રાજકોટ સહિતના મુખ્ય શહેરોમાં સવારથી જ લાગી કતારો

# ગુજરાતીઓનો ઉત્તરાયણને લઈ ઊંધીયું, જલેબી સહિતના ખાણી-પીણીના સ્થળે ધસારો

## ઠેર-ઠેર ખાણી-પીણીના સ્થળે ભીડના દશ્યો; દૂર સુધી લોકો મનપસંદ વાનગી લેવા દોડયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૪

રાજયભરમાં આજે ઉતરાયણની ઉજવણી ધામધૂમથી થઈ રહી છે. ઉત્તરાયણ હોય અને ગુજરાતમાં ઊંધીયું ન હોય તે કેવી રીતે ચાલે, આજે વહેલી સવારથી જ બજારોમાં ઊંધીયું, ફાફડા, જલેબી, ચિક્કીની ખરીદી કરવા માટે લાંબી કતારો જોવા મળી રહી હતી. રાજયના મુખ્ય નગરોમાં ઉત્તરાયણને લઈ ઊંધીયાના ભાવમાં



ધરખમ વધારો થયો હોવા છતાં ઊંધીયાની મજા માણવા માટે સવારે ૬ વાગ્યાથી લોકો લાઈનમાં ઉભા રહ્યા હતા. અમદાવાદીઓ આજે ફક્ત એક જ દિવસે લાખો રૂપિયાનું ઊંધીયું ખાઈ જાય છે. સવારથી જ ઊંધીયાના સ્ટોલ અને દુકાનોમાં ઠેર-ઠેર ઊંધીયું ખરીદવા લોકોની લાંબી લાઈન લગાવાના દશ્યો શહેરોમાં જોવા મળ્યા હતા. વડોદરામાં વહેલી સવારથી જ ઊંધીયું ખરીદવા માટેલોકો ઉમટયા હતા. ઊંધીયા, જલેબીના સ્ટોલ પર રીતસરની લોકોની લાઈનો લાગી હતી. ઉત્તરાયણના દિવસે મસાલેદાર ઊંધીયુંઅને જલેબી ખાવાની વર્ષોજુની પરંપરા, વડોદરાવાસીઓએ અકબંધ રાખી છે. તો રાજકોટમાં પણ ઉત્તરાયણના પર્વની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી છે. આજે વહેલી સવારથી લોકોએ ઊંધીયુ, જલેબીની જયાફત માણી હતી. સવારથી ઊંધીયું સાથે જલેબી અને ખીચડાની ખરીદી માટે લોકોની ભીડ જોવા મળી હતી. ગત વર્ષ કરતા ઊંધીયું, જલેબી વગેરેમાં ૪થી ૫ ટકાનો ભાવમાં વધારો જોવા મળ્યો હોવા છતાં તહેવારની મજા માણનારા શોકીન લોકોને તેની કોઈ અસર વર્તાઈ ન હોય તેમ ઠેર ઠેર ઉત્સાહપૂર્વક ખરીદી કરતા જોવા મળ્યા હતા. અમદાવાદ શહેરમાં તો તેનો એક ખાસ અલગ ક્રેઝ હોય તો શોકીન લોકો ફેમસ સ્થળો ભલે દૂર હોય ત્યાં સુધી ઊંધીયું જલેબી વગેરે ખરીદવા જતા જોવા મળ્યા હતા. સાંજ સુધી લોકોએ ઊંધીયું, જલેબી ચિક્કી વગેરેની મોજ માણી હતી. તો રાત્રે જમવા માટે મોટાભાગના લોકોએ વિવિધ રેસ્ટોરન્ટ હોટલના ઢાબાઓ પર ધસારો કર્યો હતો. જેને લઈને શહેરોમાં મોટાભાગના સ્થળો પર ભીડના દશ્યો જોવા મળ્યા હતા.

## રાજકોટમાં દોરીથી ૧૦ લોકોનાં ગળા કપાયા

રાજકોટમાં ઉત્તરાયણનો તહેવાર ઘાતક બન્યો છે. દોરીથી ૧૦ લોકોના ગાળા કપાયા છે. જયારે શહેરમાં ૨૧ અકસ્માતની ઘટના બની છે. શહેરમાં અનેક જગ્યાએ અઘટીત બનાવો બનતા ઈમરજન્સી સેવા માટે ૧૦૮ એમ્બ્યુલન્સ સતત દોડી રહી છે. સરકારે આ પરિસ્થિતિને ધ્યાને લઈને લોકોને બાઈક પર બહાર ન નીકળવા અને જો બહાર નીકળ્યા જ હોય તો સ્પીડમાં બાઈક ન ચલાવવા અપીલ કરી છે.




ગુજરાત ટુડેના તાજેતરમાં યોજાયેલા વિચારગોષ્ઠિ કાર્યક્રમમાં એડવોકેટ સમીર મનસુરીએ ગુજરાત ટુડે દૈનિક દ્વારા કરાતી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ અને સામાજિક જાગૃતિના કાર્યોને બિરાદાવતા સંસ્કૃતનો શ્લોક 'કર્મણ્યે વાધિકારસ્તે મા ફલેષુ કદાચનમ' ટાંકયો હતો. જેનો ભાવાર્થ એવો થાય છે કે ફળની આશા રાખ્યા વિના કર્મ કરતા રહો. જે મુજબ ગુજરાત ટુડે પોતાના કાર્યો પ્રશંસનીય રીતે આગળ ધપાવી રહ્યું છે.

## મદ્રસા રહમાનીયહ ગોલહોઝ, ખાતે "કુર્આન અને મોડર્ન સાયન્સ એક્ઝિબિશનનો" ભવ્ય કાર્યક્રમ



મદ્રસા રહ્માનીયહ ગોલહોઝ, કાલુપુર, અમદાવાદ ખાતે "કુર્આન અને મોડર્ન સાયન્સ એક્ઝિબિશનનો" ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ એક્ઝિબિશનમાં નીચેના મુખ્ય હેતુઓ ધ્યાનમાં રાખવામાં આવ્યાં. ૧) કુર્આનમાં ઉલ્લેખિત વિજ્ઞાનસંગત તથ્યો અને આધુનિક વિજ્ઞાન વચ્ચેના સંબંધોને ઉજાગર કરવા. ૨) આ પ્રદર્શનનો હેતુ માત્ર ધાર્મિક જ્ઞાન પૂરતો ન હતો, પરંતુ વૈજ્ઞાનિક ચેતના ફેલાવવાનો હતો, જેથી અમારા વિદ્યાર્થીઓ કુર્આન સાથે વિજ્ઞાનને સારી રીતે સમજી જીવનમાં સફળતાના શિખરો સિદ્ધ કરે. એક્ઝિબિશનમાં વિવિધ મૉડલ, લઘુચિત્રો અને સ્ક્રીન દ્વારા ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, બાયોલોજી અને મેડિકલ સાયન્સના વિષયો પર કુર્આનના ઉલ્લેખોને વર્ણવવામાં આવ્યા હતો. આ સાથે આધુનિક વિજ્ઞાનના આધારે તેમના સાબિતીપૂર્ણ ઉદાહરણો પણ રજૂ કરાયા હતા. સ્થાનિક લોકો, વિદ્યાર્થીઓના વાલીઓ અને સામાન્ય નાગરિકો આ પ્રદર્શન જોવા માટે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રદર્શન દરમિયાન વિવિધ વ્યાખ્યાનો અને પ્રશ્નોત્તરી કરવામાં આવી, જેમાં લોકોને તેમના મનમાં ઊભા થયેલા પ્રશ્નોના વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક ઉકેલો મળ્યા હતા. આ કાર્યક્રમના આયોજન માટે સૌપ્રથમ સંસ્થાના એકેડેમિક ઇન્ચાર્જ અમાનુલ્લા શેઠવાલાએ પ્રસ્તાવ મૂક્યો અને તેમના માર્ગદર્શન તથા મદ્રસાના જીમેદાર મુફ્તિ યહ્યા મસ્તાન અને મોલાના સલમાનની સહમતી અને સહકાર દ્વારા અને તમામ શિક્ષક ગણ અને ઉસ્તાદના સહકારથી આ કાર્યક્રમ સફળતાપૂર્વક સમાપ્ત થયો હતો. એક્ઝિબિશનને સફળ બનાવવા માટે સંસ્થાના જીમેદારો દ્વારા મૌલાના હુસેન, આલિમ અને શિક્ષક મોલાના અબ્દુલ બાસિત , મોલાના હોઝેફા તથા શિક્ષક ગણ,ઉસ્તાદો અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

## વડાપ્રધાનના અધ્યક્ષપદવાળી કેન્દ્ર સરકારની સંસ્થા PMMLમાં ડો. રિઝવાન કાદરીની પાંચ વર્ષ માટે ફરીથી નિમણૂક

અમદાવાદ,તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષપદવાળી પ્રાઈમિનિસ્ટર્સ મ્યુઝિયમ એન્ડ લાયબ્રેરી (PMML) નવી દિલ્હી નામની સોસાયટીમાં ગુજરાતના અગ્રણી ઈતિહાસકાર ડો. રિઝવાન કાદરીની ફરીથી પાંચ વર્ષ માટે નિમણૂક કરવામાં આવી છે. અગાઉ નહેરૂ મેમોરિયલ તરીકે જાણીતી આ સોસાયટીને પુનઃ ગઠિત કરી હવે તેનું નામ પ્રાઈમ મિનિસ્ટર્સ મ્યુઝિયમ એન્ડ લાયબ્રેરી (PMML) રાખવામાં આવ્યું છે જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અધ્યક્ષ તરીકે અને સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ વાઈસ પ્રેસિડેન્ટ તરીકે તેમજ અન્ય ૩૨ સભ્યોમાં ગૃહમંત્રી અમિત શાહ, નાણામંત્રી નિર્મલા સિતારમણ તથા અન્ય કેન્દ્રીય મંત્રીઓ ધર્મેન્દ્ર પ્રધાન, અશ્વિની વૈષ્ણવ, ગજેન્દ્રસિંહ શેખાવત, સ્મૃતિ ઈરાની સહિતનાનો સમાવેશ કરાયો છે. આ સોસાયટીમાં અમદાવાદના રિઝવાન કાદરીની પુનઃ નિમણૂક કરવામાં આવી છે.

### અમરેલીમાં બની ચોંકાવનારી ઘટના

# રિલ બનાવવાના ચક્કરમાં ઝેરી દવા ગટગટાવી ગયો બાળક

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૪

આજકાલનાં યુવાનોમાં સોશિયલ મીડિયા પર લોકો દ્વારા મુકવામાં આવતી રીલ્સનું ચલણ વધી રહ્યું છે. ત્યારે યુવાનો જીવનાં જોખમે સોશિયલ મીડિયામાં રીલ્સ મુકી રહ્યા છે. અમરેલીનાં બગસરામાં એક સગીર બાળકે રીલ્સ બનાવવાની લ્હાયમાં ઝેરી દવા પી લીધી હતી. ત્યારે આ સમગ્ર બાબતની જાણ બાળકનાં પરિવારજનોને થતા પરિવારજનો દ્વારા તાત્કાલિક બાળકને સારવાર અર્થે હોસ્પિટલ

## ૧૫ વર્ષીય બાળકને હોસ્પિટલ ખસેડાયો

ખસેડવામાં આવ્યો હતો. અવાર નવાલ બાળકો સોશિયલ મીડીયાનાં ક્રેઝમાં સગીરો જીવલેણ અખતરો કરતા હોય છે. રીલ બનાવવાની ઘેલછામાં સગીરે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. બગસરામાં ખેત મજૂરનાં ૧૫ વર્ષીય બાળકે ઝેરી દવા પી લીધી હતી. બાળકે ખેતી પાકમાં વપરાતી દવા પી જતા તેને તાત્કાલીક હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. આ સમગ્ર મામલે પરિવારજનો દ્વારા તપાસ કરતા સગીર દ્વારા નવા વાઘણીયાની વાડીમાં રીલ બનાવવા દવા પી લીધી હોવાનુંસામે આવ્યું હતુ. ખેતીપાકમાં વપરાતી દવા પી જતા બાળકને હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. સોશિયલ મીડિયા માટે બનાવેલી રીલ બાળકના મોબાઈલમાંથી મળી આવી હતી. જે બાદ સમગ્ર ઘટનાની પરિવારજનોને જાણ થઈ હતી. ઉલ્લેખનીય છે કે, આ ઘટના વાલીઓ માટે લાલબત્તી સમાન છે.

### મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે

# સુરેન્દ્રનગરમાં ગાયોના ઘાસચારા માટે ફાળો એકત્રિત કરતો દાઉદી વ્હોરા સમાજનો યુવાન

સુરેન્દ્રનગર, તા.૧૪

ગાયોના ઘાસચારા માટે વઢવાણ મહાજન પાંજરાપોળ વર્ષમાં એક જ વાર જયારે મકરસંક્રાંતિના પર્વને લઈ ફાળો એકત્રિત કરે છે ત્યારે દાઉદી વોરા સમાજના યુવાન પણ ગાયો માટે ફાળો એકત્રિત કરી સમાજમાં ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે. હિન્દુ ધર્મમાં મકરસંક્રાંતિ પર્વ એટલે દાન પુણ્યનો મહિમા આ દિવસે હિન્દુ ધર્મના લોકો મોટી માત્રામાં દાન પુણ્ય કરતા હોય છે ખાસ કરી અને અબોલ જીવ એટલે કે ગાય હોય કે પછી અન્ય જીવો હોય તેના માટે ફાળો એકત્રિત કરતા હોય છે અને દાન પુણ્ય કરી ધન્યતા પ્રાપ્ત અને કરેલા કર્મોની પૂર્ણાહુતિ કરી નવા વર્ષની શરૂઆત કરતા હોય છે ત્યારે સુરેન્દ્રનગર શહેરમાં ખીજડીયા હનુમાનના મંદિરની બાજુમાં જ દાઉદી વોરા સમાજના એક યુવાન છેલ્લા કેટલાક વર્ષોથી છેલ્લા ચાર દિવસ છાવણી નાખે છે અને ગાયોના ઘાસચારા માટે



દાન ઉઘરાવવામાં આવે છે. દરેક સમાજના લોકોને કેવી રીતે તેમની સાથે વર્તવું અને કેવી રીતે ફાળો વધુને વધુ એકત્રિત કરવો તે આ દાઉદી વોરા સમાજના યુવાન લોકોને સમજાળે છે. છેલ્લા ચાર દિવસમાં વધુમાં વધુ દાન એકત્રિત કરી. વઢવાણ મહાજન પાંજરાપોળને અર્પણ કરે છે. અહીંયા લોકો હોશે દાન આપવા માટે આવે છે. આગળ દાન આપ્યું હોય તો પણ અહીંયા તો દાન આપે જ કારણ કે જયારે દેશની અંદરમાં કેટલાક સમાજના લોકોમાં મુસ્લિમો પ્રત્યે રાગ દોષ જોવા મળતી હોય છે. ત્યારે આ ઉદાહરણ આ યુવાન પૂરૂ પાડે છે. વઢવાણ મહાજનમાં મોટી માત્રામાં ફાળો એકત્રિત કરી અને મુસ્લિમ યુવાન પોતાના ધંધા રોજગાર બંધ રાખી ફાળો એકત્રિત કરી અને વઢવાણ મહાજનને અર્પણ કરે છે ત્યારે કોમી એકતાનો માહોલ જોવા મળે છે.

# ઈઝરાયેલની જેલમાં તબીબી બેદરકારીના કારણે વધુ એક પેલેસ્ટીની કેદીનું મોત


IATA
હાજી અસ્પાક :- 91+ 9714635786
Registered : Ministry of Minority Affairs (Haj-cell)
હજ્જ-2025 બુકિંગ ચાલુ છે
અલ-સફા હજ્જ ટુર્સ & ટ્રાવેલ્સ
મ્યુ. કોર્પોરેશન સામે, ગોળલીમડા બસસ્ટેન્ડ પાસે, આસ્ટોડિયા રોડ, અમદાવાદ
ટેલિફોન નં :- + 91-79-25324445
ઇ-મેઇલ :- alsafa.hajtours@yahoo.com
www.alsafahajtoursandtravels.com
ફાતમા માંડાવાલા ગ્રુપ

AL FAROOQ TOURS & TRAVELS Since 1996 IATA
હજ્જ 2025 પેકેજ રૂા.5,85,000 (તમામ ટેક્ષ સાથે) દિવસ ૩૮ થી ૪૦ બુકીંગ ચાલુ છે
વેકેશન ઉમરાહ રમઝાન ઉમરાહ દિ.૩૨ રૂા.૨,૦૦,૦૦૦
હાજી યાકુબ મુન્શી - ૯૮૨૫૨ ૭૫૩૩૩ - ૯૮૨૫૫ ૫૧૯૧૫ - ૯૮૯૮૦ ૩૪૪૭૮
૧, સંજરી એપાર્ટમેન્ટ, શાહેઆલમ, અમદાવાદ -૨૮

અલ સહદ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
અમદાવાદથી અમદાવાદ ડાયરેક્ટ ફ્લાઈટ
દિવસ 18 ફેબ્રુઆરી શબે બારાત મદીનામાં રવાનગી : ૦૫-૦૨-૨૦૨૫ રીટર્ન તા.૨૨-૦૨-૨૦૨૫ મક્કા હોટલ : 350થી 400 મીટર મદીના હોટલ : 250 થી 300 મીટર ડિલક્ષ પેકેજ
ફક્ત રૂા. ૯૫,૦૦૦
દિવસ 35 ફક્ત રૂા. 1,85,000 ડિલક્ષ પેકેજ રમઝાન ઉમરાહ રવાનગી : 26-02-2025 રીટર્ન તા.02-04-2025
મક્કા હોટલ : ૩૫૦થી ૪૦૦ મીટર ● મદીના હોટલ : ૨૫૦થી ૩૦૦ મીટર
હેડ ઓફિસ : લોખંડવાલા હોસ્પિટલ પાસે, લીંબડી ચોક, જોર્ડન રોડ, દરિયાપુર, અમદાવાદ - 380 001
હાજી કાસમભાઈ (ચા વાળા) 8401226544, 9725058828
મો.સહદ 8347063437 મો.બિલાલ 8154041646 મો.અતા 9978659664

ન્યુ ઝમઝમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
રમઝાન ઉમરાહ 1,35,000/- 40 દિવસ
હજ-ઉમરાહ હજ બુકિંગ 5,50,000 38થી 40 દિવસ (હજ વિઝા તથા તમામ ટેક્ષ સાથે)
2 ફેબ્રુઆરી 25 દિવસ 85,000/-
સિદ્ધપુર Contact અમદાવાદ
+ 91 9638929480 : 9825442205


(એજન્સી) તા.૧૪



પેલેસ્ટીની ઈન્ફોર્મેશન સેન્ટરે અહેવાલ આપ્યો છે કે પ્રશાસનિક કેદી મોઆતઝ મહમૂદ અબુ ઝાનિદનું ગઈકાલે રાત્રે ઈઝરાયેલની જેલોમાં તબીબી બેદરકારીને કારણે મૃત્યુ થયું છે. અબુ ઝાનીદ, ૩૫, જ્યારે તેની તબિયત ગંભીર રીતે બગડી ત્યારે તેને રેમન જેલમાં રાખવામાં આવ્યા હતા. જો કે, જેલ પ્રશાસને જાણીજોઈને તેને હોસ્પિટલમાં લઈ જવામાં વિલંબ કર્યો જ્યાં સુધી તે કોમામાં ન ગયો. તેને ૬ જાન્યુઆરીએ સોરોકા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો અને ગઈકાલે રાત્રે તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. જૂન ૨૦૨૩માં અટકાયતમાં લેવાયેલા અબુ ઝાનીદને તેની અટકાયત પહેલા કોઈ આરોગ્ય સમસ્યા નહોતી. ઓક્ટોબર ૨૦૨૩માં ઈઝરાયેલના આક્રમણની શરૂઆતથી, ઈઝરાયેલની જેલોમાં ૫૫ પેલેસ્ટીની કેદીઓ મૃત્યુ થયા છે. આનાથી ૧૯૬૭થી ઈઝરાયેલની કસ્ટડીમાં મૃત્યુ પામેલા પેલેસ્ટીની કેદીઓની કુલ સંખ્યા ૨૯૨ થઈ ગઈ છે. અબુ ઝાનેદને પાંચ વખત ઈઝરાયેલી જેલમાં રાખવામાં આવ્યો હતો, અને તેની પ્રશાસનિક અટકાયતના વિરોધમાં એક કરતા વધુ વખત ભૂખ હડતાળમાં ભાગ લીધો હતો. તેમના મૃત્યુના પ્રતિભાવમાં, હમાસે આંતરરાષ્ટ્રીય સમુદાય, સંયુક્ત રાષ્ટ્ર અને તેની સંસ્થાઓને ઈઝરાયેલના કબજાવાળી જેલોમાં રાખવામાં આવેલા પેલેસ્ટીની કેદીઓને બચાવવા અને 'ઉગ્રવાદી ઝિઓનિસ્ટ શાસન'ના હાથે જે ગંભીર ઉલ્લંઘનોનો સામનો કરવો પડે છે તેને રોકવા માટે કામ કરવા માંગ કરી.

# બેનકિરાને 'ઈઝરાયેલના નરસંહાર સામે ગાઝા પેલેસ્ટીનીઓની અભૂતપૂર્વ દૃઢતાની પ્રશંસા કરી

(એજન્સી) તા.૧૪

મોરોક્કોની વિપક્ષી જસ્ટિસ એન્ડ ડેવલપમેન્ટ પાર્ટીના સેક્રેટરી જનરલ અબ્દુલ્લાહ બેનકિરાનેએ રવિવારે જણાવ્યું કે ઈઝરાયેલી નરસંહાર સામે ગાઝા પટ્ટીમાં પેલેસ્ટીનીઓનો નિર્ધાર 'ઈતિહાસમાં અભૂતપૂર્વ' છે. રાજધાની રબાતમાં તેમની પાર્ટી દ્વારા આયોજિત મીટિંગમાં ભાષણ દરમિયાન તેમની ટિપ્પણીઓ કરવામાં આવી હતી, જે એનાડોલુ એજન્સીના સંવાદદાતા દ્વારા જોવામાં આવી હતી. બેનકિરાનેએ જણાવ્યું કે 'ઈતિહાસમાં પ્રથમ વખત કોઈ રાષ્ટ્રને વિસ્થાપન અને વિસ્થાપન અને ભયંકર વેદના વચ્ચે પસંદગી આપવામાં આવી છે અને ૧૫ મહિનાની વિવિધ પ્રકારની (ઈઝરાયેલ) હત્યાઓ છતાં તેની જમીન પર રહેવાનું પસંદ કર્યું છે.' મોરોક્કોના પૂર્વ વડાપ્રધાને ગાઝામાં પેલેસ્ટીનીઓની દૃઢતાને 'અદ્‌ભૂત' અને 'ઈતિહાસમાં અભૂતપૂર્વ' ગણાવ્યું અને જણાવ્યું કે 'તેમની દૃઢતાનું એક કારણ તેમની ઈસ્લામિક શ્રદ્ધા છે.' ગાઝામાં ઈઝરાયેલી નરસંહાર અંગે, બેનકિરાને વધુમાં જણાવ્યું કે 'છોકરીઓ, છોકરાઓ અને વૃદ્ધ લોકો મૃત્યુ પામ્યા છે તેમજ પેલેસ્ટીનીઓ જેમને ગંભીર ઈજાઓ થઈ હતી કારણ કે તેઓ (ઈઝરાયેલી દળો દ્વારા) નાશ પામ્યા પછી તેઓને હોસ્પિટલો મળી ન હતી. 'કેટલાક લોકો બાકી છે. તબીબી પુરવઠો વિના અને તેમ છતાં તેઓ દૃઢ રહે છે અને બચાવ કરવાનું ચાલુ રાખે છે.'દ પેલેસ્ટીનીઓ ભૂખ, તરસ, દવાનો અભાવ અને તમામ માળખાના વિનાશનો સામનો કરી રહ્યા છે. મોરોક્કન પ્રદેશ એડેન અને રબાત સહિત અન્ય શહેરોમાં પ્રદર્શનો અને કાર્યક્રમોના સંગઠન દ્વારા ગાઝા પટ્ટી સાથે એકતાના મોટા પ્રમાણમાં સાક્ષી છે, જ્યાં સહભાગીઓ ઈઝરાયેલી નરસંહારનો



અંત લાવવા, ઘેરો હટાવવા, સહાયની મંજૂરી આપવા માટે માંગ કરી રહ્યા છે. દાખલ કરો અને ઈઝરાયેલ સાથેના સામાન્યીકરણ કરારને સમાપ્ત કરવાની માંગ કરી. યુએસ અને યુરોપ દ્વારા સમર્થિત ઈઝરાયેલી કબજેદાર દળોએ ગાઝા પટ્ટી પર સતત ૪૬૦ દિવસ સુધી તેમનું આક્રમણ ચાલુ રાખ્યું છે. આ હુમલાઓમાં ૧,૫૬,૦૦૦થી વધુ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે અને ઘાયલ થયા છે, જેમાંથી મોટાભાગની મહિલાઓ અને બાળકો છે. સામૂહિક વિનાશ અને દુષ્કાળ વચ્ચે ૧૧,૦૦૦થી વધુ લોકો ગુમ હોવાનું માનવામાં આવે છે જેણે વિશ્વની સૌથી ખરાબ માનવતાવાદી આપત્તિઓમાંથી એકમાં ડઝનેક બાળકો અને વૃદ્ધ લોકોના મોત નીપજ્યા છે.

# સગીર છોકરાને મળવાનો પ્રયાસ કરવા બદલ પૂર્વ ઈઝરાયેલી લોબીસ્ટની ધરપકડ કરવામાં આવી

(એજન્સી) તા.૧૪

બ્રિટિશ પોલીસના જણાવ્યાં અનુસાર, પૂર્વ બ્રિટિશ સાંસદ અને ઈઝરાયેલ તરફી લોબી સમૂહના નેતાની બાળ જાતીય અપરાધના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. ટ્રેન્ચ કોટ અને લાલ ટોપી પહેરેલા એક માણસને બ્રિટિશ પોલીસ દ્વારા પકડવામાં આવ્યો હતો અને તેને 'પીડોફિલ શિકારીઓ' દ્વારા સામનો કરવામાં આવ્યો હતો, જેમણે આરોપ લગાવ્યો કે તે એક સગીર સાથે ઓનલાઈન જાતીય સંચાર કરતો હતો, જે અઠવાડિયાના અંતે ઓનલાઈન ફરતો હતો. આ વ્યક્તિ ૨૦૦૫ સુધી દક્ષિણ ઈંગ્લેન્ડમાં હોવના પૂર્વ લેબર સાંસદ આઈવર કેપલિન હોવાનું બહાર આવ્યું, જેણે પૂર્વ વડાપ્રધાન ટોની બ્લેરની સરકારમાં જુનિયર સંરક્ષણ મંત્રી તરીકે પણ સેવા આપી હતી. તે યહૂદી મજૂર ચળવળ (JLM)ના પૂર્વ અધ્યક્ષ પણ હતા, જે બ્રિટનમાં ઈઝરાયેલી દૂતાવાસ સાથે વ્યાપક જોડાણ ધરાવતા સમૂહ હતા. જ્યારે તેઓ તે પદ પર હતા, ત્યારે ઈઝરાયેલ તરફી સમૂહ બ્રિટનમાં પૂર્વ લેબર નેતા અને વડાપ્રધાન પદના ઉમેદવાર જેરેમી કોર્બીન અને અન્યો સહિત સંખ્યાબંધ સામાજિક અને રાજકીય વ્યક્તિઓ સામે સ્મીયર્સ અને વિરોધી સેમિટીઝમના આરોપોની ઝુંબેશમાં મોખરે હતું. સસેક્સ પોલીસે એક નિવેદનમાં જાહેરાત કરી કે 'અમે સોશિયલ મીડિયા પર ફરતા ફૂટેજથી વાકેફ છીએ જેમાં બ્રાઈટનમાં એક વ્યક્તિની બાળક સાથે ઓનલાઈન જાતીય



સંચારમાં સામેલ થવાની શંકાના આધારે અટકાયત કરવામાં આવી છે. અધિકારીઓ પુષ્ટિ કરી શકે છે કે 'એક સ્થાનિક ૬૬ વર્ષીય વ્યક્તિ શનિવાર, ૧૧ જાન્યુઆરીએ ધરપકડ કરવામાં આવી હતી અને હાલમાં તે કસ્ટડીમાં છે.' જો કે પૂર્વ સાંસદે તેમની સામેના આરોપોને નકારી કાઢ્યા છે, તેમ છતાં, તેમની ધરપકડ ગયા વર્ષના મે મહિનામાં 'ગંભીર આરોપો' માટે કેપલિનને તેના રેન્કમાંથી સસ્પેન્ડ કર્યાના મહિનાઓ બાદ કરવામાં આવી છે જેનો ખુલાસો કરવામાં આવ્યો નથી.

# સઉદી અરેબિયા વર્ક વિઝા માટે ફરજિયાત લાયકાત ચકાસણી લાગુ કરશે

(એજન્સી) તા.૧૪

સઉદી અરેબિયા ૧૪ જાન્યુઆરી મંગળવારથી તમામ વર્ક વિઝા અરજીઓ માટે ભારતીય નાગરિકોની વ્યાવસાયિક અને શૈક્ષણિક લાયકાતની ફરજિયાત પૂર્વ-ચકાસણી શરૂ કરવા માટે તૈયાર છે.

આ પહેલ શરૂઆતમાં છ મહિના પહેલાં ૧૯ વ્યવસાયો માટે પ્રસ્તાવિત કરવામાં આવી હતી, જેમાં ઈલેક્ટ્રિશિયન, પ્લમ્બર, વેલ્ડર અને HVAC મૈકેનિક્સનો સમાવેશ થાય છે, હવે બધા વર્ક વિઝા અરજદારો માટે વિસ્તૃત થશે. નવા નિયમો હેઠળ અરજદારોને વિઝા આપવામાં આવે તે પહેલાં તેમની શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાતોની સંપૂર્ણ ચકાસણી કરાવવી આવશ્યક છે.

TNIEના અહેવાલ મુજબ ભારતમાં સઉદી દૂતાવાસ દ્વારા જારી કરાયેલ એક પરિપત્ર વર્ક વિઝા જારી કરવા માટે વ્યાવસાયિક ચકાસણી પ્રક્રિયાઓ ૧૪ જાન્યુઆરીથી લાગુ કરવામાં આવશે.

અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે, વર્ક વિઝા મેળવવા માટે વ્યાવસાયિક ચકાસણી ફરજિયાત પૂર્વશરત બનશે.

આ પહેલનો હેતુ વિદેશી કામદારો પાસે ચકાસાયેલ શૈક્ષણિક ઓળખપત્રો હોવાની ખાતરી કરીને અયોગ્ય ભારતીય કામદારોને સાઉદી શ્રમ બજારમાં પ્રવેશતા અટકાવવાનો છે.

સઉદી અરેબિયાના વિઝન ૨૦૩૦ના ભાગરૂપે જે તેના નાગરિકો માટે રોજગારની તકો વધારવાનો પ્રયાસ કરે છે, શ્રમ ક્ષેત્રે વિવિધ નોકરી શ્રેણીઓમાં કડક પ્રમાણપત્ર આવશ્યકતાઓ રજૂ કરી છે. એવું અહેવાલ છે કે, નોકરીદાતાઓ અને એચ.આર. વિભાગોને વિદેશી કર્મચારીઓ દ્વારા પૂરા પાડવામાં આવેલા પ્રમાણપત્રોને માન્ય કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

નોંધનીય છે કે, સઉદી અરેબિયામાં ભારતીય ડાયસ્પોરામાં નોંધપાત્ર વધારો થયો છે, ૨૪ લાખ વિદેશી કામદારો સાથે, તે દેશમાં બીજા ક્રમનું સૌથી મોટું વિદેશી કાર્યબળ બનાવે છે.

સંબંધિત વિકાસમાં સઉદી જનરલ ડિરેક્ટોરેટ ઓફ પાસપોર્ટ (જવાઝત) એ તાજેતરમાં જાહેરાત કરી હતી કે, રાજ્યની બહાર સ્થિત વિદેશીઓ અને ઘરેલુ કામદારોના આશ્રિતો હવે તેમના ઈકામા (નિવાસ પરવાનગી)ને નવીકરણ કરી શકે છે.




વધુમાં સઉદી અરેબિયાની બહારના વિદેશીઓ સિંગલ અથવા મલ્ટિપલ એક્ઝિટ અને રી-એન્ટ્રી વિઝાની અવધિ લંબાવી શકે છે. એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે, અંતિમ એક્ઝિટ વિઝાની વિનંતી કરતી વખતે ઈકામા ઓછામાં ઓછાં ૩૦ દિવસ માટે માન્ય હોવો જોઈએ.

# ગાઝા યુદ્ધવિરામ પર કતારની વાટાઘાટોમાં 'પ્રગતિ' થઈ છે : ઈઝરાયેલી વિદેશમંત્રી

## હમાસની સશસ્ત્ર પાંખે કહ્યું કે, તેણે છેલ્લા ૭૨ કલાક દરમિયાન ઉત્તરી ગાઝા પટ્ટીમાં ૧૦થી વધુ ઈઝરાયેલી સૈનિકોને મારી નાંખ્યા છે

(એજન્સી) તા.૧૪

ઈઝરાયલી વિદેશમંત્રી ગિદોન સા'આરે કહ્યું કે, ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ કરાર પર કતારમાં થયેલી વાટાઘાટોમાં 'પ્રગતિ' થઈ છે જે પેલેસ્ટીની ઉગ્રવાદી જૂથ દ્વારા રાખવામાં આવેલા ઈઝરાયેલી બંધકોની મુક્તિને સુનિશ્ચિત કરશે. સા'આરે ડેનિશ વિદેશમંત્રી લાર્સ લોકે રાસમુસેન કે જે આ પ્રદેશના પ્રવાસે છે તેમની સાથે સંયુક્ત ટિપ્પણી દરમિયાન કહ્યું, 'બંધકોને મુક્ત કરવા માટેની વાટાઘાટોમાં પ્રગતિ થઈ છે'. ઈઝરાયલ બંધકોને મુક્ત કરવા માંગે છે અને સોદા પાર પાડવા માટે સખત મહેનત કરી રહ્યું છે. પરોક્ષ વાટાઘાટોમાં એક મુખ્ય મુદ્દો કેવા પ્રકારનો યુદ્ધવિરામ હશે તે રહ્યો છે. હમાસ કાયમી યુદ્ધવિરામની માંગ કરી રહ્યું છે, જ્યારે ઈઝરાયેલ કામચલાઉ વિરામ માંગે છે જે જો જરૂરી હોય તો સુરક્ષા કારણોસર લશ્કરી કાર્યવાહી ફરી શરૂ કરવાનો વિકલ્પ જાળવી રાખે છે. દોહામાં વાટાઘાટોનો હેતુ ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ૧૫ મહિનાથી વધુ સમયથી ચાલી રહેલા ઘાતક યુદ્ધનો અંત લાવવાનો છે. મીડિયા અહેવાલ અનુસાર મોસાદના વડા ડેવિડ બાર્નિયા અને શિન બેટ સ્થાનિક સુરક્ષા એજન્સીના વડા રોનેન બારના નેતૃત્વમાં ઈઝરાયેલી પ્રતિનિધિમંડળ સાથે દોહા પહોંચ્યા હતા, જ્યાં તેઓ અમેરિકાના ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના મધ્ય પૂર્વના રાજદૂત સ્ટીવ વિટકોફ અને કતારના વડાપ્રધાન અને વિદેશ પ્રધાન મોહમ્મદ બિન અબ્દુલરહમાન બિન જસીમ અલ થાની સાથે ચર્ચા કરશે. અગાઉ ઈઝરાયેલી અધિકારીઓએ પણ સંકેત આપ્યો હતો કે, ગાઝા યુદ્ધવિરામ અને બંધકોને મુક્ત કરવાના સોદા પર કતારમાં વાટાઘાટોમાં 'નોંધપાત્ર પ્રગતિ' થઈ છે, જોકે હજુ સુધી કોઈ કરાર થયો નથી. અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, એવું લાગે છે કે, વાટાઘાટોની દિશા સકારાત્મક છે અને ઉમેર્યું હતું કે, ઈઝરાયલે કરારને અનુસરવા માટે 'છૂટછાટો' આપી છે અને હમાસના પ્રતિભાવની રાહ જોઈ રહ્યું છે. જો બંને પક્ષો સંમત થાય તો સોદાની વિગતોને 'આગામી દિવસોમાં' અંતિમ સ્વરૂપ આપી શકાય છે. ઈઝરાયેલના સરકારી માલિકીના મીડિયાએ અહેવાલ આપ્યો હતો કે, આ દરમિયાન ઈઝરાયેલી સરકારી અધિકારીએ એ મીડિયા અહેવાલોને નકારી કાઢ્યા હતા જેમાં દાવો કરવામાં આવ્યો છે કે, કતારે ઈઝરાયેલ અને હમાસ બંનેને 'અંતિમ ડ્રાફ્ટ કરાર' સબમિટ કર્યો છે. પ્રસ્તાવિત કરારમાં ત્રણ તબક્કાઓનો સમાવેશ થાય છે, જે દરમિયાન હમાસ યુદ્ધવિરામના બદલામાં બંધકોને મુક્ત કરશે અને ઈઝરાયેલી જેલોમાં બંધ પેલેસ્ટીની કેદીઓની મુક્તિ કરશે. ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ દક્ષિણ ઈઝરાયેલી સરહદ પર હમાસના હુમલાનો બદલો લેવા માટે ઈઝરાયલ ગાઝા પટ્ટીમાં હમાસ સામે મોટા પાયે આક્રમણ કરી રહ્યું છે, જે દરમિયાન લગભગ ૧૨૦૦ લોકો માર્યા ગયા હતા અને લગભગ ૨૫૦ લોકોને બંધક બનાવવામાં આવ્યા હતા. ગાઝા સ્થિત આરોગ્ય અધિકારીઓએ અહેવાલ આપ્યો હતો કે, ગાઝામાં ઈઝરાયેલી



હુમલાઓમાં ઓછામાં ઓછા ૪૬,૫૬૫ લોકો માર્યા ગયા છે. અગાઉ પેલેસ્ટીની રાષ્ટ્રપતિએ આંતરરાષ્ટ્રીય સમુદાયને ગાઝામાં લોહિયાળ સંઘર્ષને સમાપ્ત કરવા માટે પ્રયાસો વધારવા વિનંતી કરી હતી, જેમાં ઈઝરાયેલ પર મોટા પાયે 'હત્યા, વિનાશ અને વિસ્થાપન'નો આરોપ મૂકવામાં આવ્યો હતો. રાષ્ટ્રપતિના પ્રવક્તા નબીલ અબુ રૂદેનેહે ન્યૂઝ એજન્સીને આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ મહમૂદ અબ્બાસના નેતૃત્વ હેઠળ પેલેસ્ટીની ઓથોરિટી પહેલા દિવસથી જ સંઘર્ષનો અંત લાવવા અને પેલેસ્ટીનીઓને વિનાશથી બચાવવા માટે કામ કરી રહી છે. રૂદેનેહે જણાવ્યું હતું કે, ઈઝરાયેલી આક્રમણથી ૨,૦૦,૦૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા, ઘાયલ થયા, અટકાયતમાં લેવામાં આવ્યા અને ગુમ થયા. પ્રવક્તાએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ અબ્બાસ યુદ્ધવિરામને ઝડપી બનાવવા અને યુએન સુરક્ષા પરિષદના ઠરાવ ૨૭૩૫ને લાગુ કરવા માટે અરબ અને આંતરરાષ્ટ્રીય પક્ષો સાથે સઘન વાટાઘાટો કરી રહ્યા છે. પેલેસ્ટીની નેતૃત્વ માને છે કે, ગાઝામાં લોકો સામેના વ્યાપક સંઘર્ષનો અંત સ્વીકારવા તેમજ પશ્ચિમ કાંઠા અને પૂર્વ જેરૂસલેમમાં ચાલી રહેલા ઈઝરાયેલી ઉલ્લંઘનોને રોકવા માટે કબજે કરનાર રાજ્યને ફરજ પાડવાનો સમય આવી ગયો હોવાનું તેમણે જણાવ્યું હતું. રાષ્ટ્રપતિના પ્રવક્તાએ ભાર મૂક્યો હતો કે, પ્રદેશમાં સુરક્ષા અને સ્થિરતા પ્રાપ્ત કરવી એ 'અરબ અને આંતરરાષ્ટ્રીય કાયદેસરતા'નો આદર કરવા પર આધારિત છે, મુખ્ય દેશોને યુએનના ઠરાવોનું પાલન કરવા અને ઈઝરાયલની 'માફી'ને સમાપ્ત કરવા માટે તાત્કાલિક કાર્યવાહી કરવા વિનંતી કરી. હમાસની સશસ્ત્ર પાંખ અલ-કાસમ બ્રિગેડ્સે જણાવ્યું હતું કે, તેણે છેલ્લા ૭૨ કલાક દરમિયાન ઉત્તરી ગાઝા પટ્ટીમાં ૧૦થી વધુ ઈઝરાયેલી સૈનિકોને મારી નાખ્યા છે. બ્રિગેડ્સના પ્રવક્તા અબુ ઓબેદાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટેલિગ્રામ પર જણાવ્યું હતું કે, ઈઝરાયેલી સેના દ્વારા કરવામાં આવેલા વ્યાપક વિનાશ અને નરસંહારના ૧૦૦થી વધુ દિવસો પછી અમારા સભ્યો હજુ પણ તેના પર કઠોર પ્રહાર કરી રહ્યા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ઈઝરાયેલી સેના જેણે તેના નુકસાનની સાચી હદ છૂપાવી છે, તે ઉત્તરી ગાઝા પટ્ટીમાંથી પાછી ખેંચી લેશે અને તેની 'એકમાત્ર સિદ્ધિ નિર્દોષ લોકો સામે વિનાશ, વિનાશ અને નરસંહાર છે'.

# ગાઝામાં લાખો ટન કાટમાળ એકઠો થયો છે, ઘરો ધ્વસ્ત થઈ ગયા છે : રિપોર્ટ

(એજન્સી) તા.૧૪

જાહેર બાંધકામ અને આવાસ મંત્રાલયે જણાવ્યું છે કે ઓક્ટોબર ૨૦૨૩થી ઈઝરાયેલ દ્વારા પડોશી વિસ્તારો, શહેરો અને હાઉસિંગ કોમ્પ્લેક્ષના વિનાશના પરિણામે ગાઝામાં લાખો ટન કાટમાળ એકઠો થયો છે. અહેવાલમાં સૂચવવામાં આવ્યું છે કે આ કાટમાળને હટાવવો એ ગાઝાના પુનઃનિર્માણ તરફનું એક મહત્ત્વપૂર્ણ પહેલું પગલું છે. આ પ્રક્રિયામાં માત્ર ખતરનાક બાંધકામોને તોડી પાડવાનો સમાવેશ થતો નથી પણ ક્ષતિગ્રસ્ત ઈમારતોને મજબૂત કરવા અને ડિમોલિશનની કામગીરી દરમિયાન આસપાસના વિસ્તારોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો પણ સમાવેશ થાય છે. ઈઝરાયેલના આક્રમણને કારણે સર્જાયેલી પરિસ્થિતિના વ્યાપક મૂલ્યાંકન પછી અધિકારીઓએ ભારપૂર્વક જણાવ્યું કે કાટમાળને દૂર કરવા માટે સ્થાનિક મશીનરી અપૂરતી હતી, કારણ કે સરકારી, મ્યુનિસિપલ અને નાગરિક સુવિધાઓને નિશાન બનાવતા હવાઈ હુમલા દરમિયાન તેનો મોટાભાગનો ભાગ ક્ષતિગ્રસ્ત અથવા નાશ પામ્યો હતો. તેથી, સફાઈના પ્રયાસોને સરળ બનાવવા માટે પટ્ટીમાં ભારે મશીનરીના પ્રવેશની તાતી જરૂરિયાત છે. ઈઝરાયેલ દ્વારા બોમ્બ વિસ્ફોટની ઝુંબેશ દરમિયાન ૧૯ લાખથી



વધુ પેલેસ્ટીનીઓને બળજબરીથી વિસ્થાપિત કરવામાં આવ્યા હોવાથી મંત્રાલયે આવાસની કટોકટીનો સામનો કરવા માટે બે મુખ્ય હસ્તક્ષેપોની દરખાસ્ત કરી છે; પાણી પુરવઠા અને સ્વચ્છતા સુવિધાઓ જેવી જરૂરી માળખાકીય સુવિધાઓ સાથે હાલના રહેણાંક વિસ્તારોની નજીક મોબાઈલ એકમો (કાફલા) દ્વારા કામચલાઉ આશ્રય પૂરો પાડવો. પરિવારોને તેમના સમુદાયમાં વચગાળાના આવાસ સુરક્ષિત કરવામાં મદદ કરવા માટે ભાડા ભથ્થાના સ્વરૂપમાં નાણાકીય સહાય પણ આપવામાં આવી રહી છે. ગાઝા સ્થિત સરકારી મીડિયા ઓફિસે તાજેતરમાં જાહેર કર્યું કે ઈઝરાયેલના આક્રમણમાં ૧,૬૧,૬૦૦થી વધુ આવાસ એકમો સંપૂર્ણપણે નાશ પામ્યા છે, જ્યારે ૧,૯૪,૦૦૦ માળખાને આંશિક રીતે નુકસાન થયું છે; ૮૨,૦૦૦ જેટલા મકાનો રહેવા લાયક બની ગયા છે. ગાઝામાં એકંદરે વિનાશ અભૂતપૂર્વ સ્તરે પહોંચી ગયો છે, અંદાજ મુજબ ૮૮ ટકા પટ્ટી નાશ પામી છે; પ્રત્યક્ષ આર્થિક નુકસાનની રકમ આશરે ૩,૭૦૦ કરોડ ડોલર છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# વિદેશી હૂંડિયામણમાં સતત ઘટાડો અને રૂપિયાનું ભારે ધોવાણ ગંભીર આર્થિક સ્થિતિનો સંકેત

વિદેશી હૂંડિયામણ ભંડોળમાં ઘટાડાને અર્થતંત્ર માટે સારી નિશાની નથી જ. છેલ્લા બે મહિનામાં, એક પણ અઠવાડિયું એવું નથી ગયું જ્યારે ભારતીય વિદેશી હૂંડિયામણ ભંડોળમાં ઘટાડો નોંધાયો ન હોય. આની સાથે સાથે, ભારતીય રૂપિયાનું મૂલ્ય પણ ડોલર સામે સતત ઘટી રહ્યું છે. રૂપિયો છ્યાસીને પાર કરી ગયો છે. આનું મુખ્ય કારણ યુએસ ફેડરલ રિઝર્વની નીતિઓમાં ફેરફાર, ડોલરની મજબૂતાઈ અને ભારતીય બજારમાંથી વિદેશી રોકાણકારોનું મોટાપાયે પલાયન હોવાનું કહેવાય છે. નિષ્ણાતો કહે છે કે સરકારે રૂપિયાના ઘટતા મૂલ્યને રોકવા માટે વિદેશી મુદ્રા ભંડોળમાંથી ઉપાડ શરૂ કર્યો હતો. પરંતુ તે અસરકારક ઉકેલ સાબિત થઈ શક્યો નહીં. હવે બંનેમાં સમાંતર ઘટાડો નોંધાઈ રહ્યો છે વિદેશી રોકાણ આકર્ષવા, લોન પર વ્યાજની ચુકવણી, આવશ્યક આયાત વગેરેને ધ્યાનમાં રાખીને જોવામાં આવે તો આ ગંભીર ચિંતાનો વિષય છે. રૂપિયાના ઘટતા મૂલ્યને કારણે આયાત મોંઘી બને છે અને પર્યટન, વિદેશી શિક્ષણ વગેરે પર ખર્ચ વધે છે. વિદેશી હૂંડિયામણ ભંડોળમાં સતત ઘટાડો થવાથી, વિદેશી દેવા પર વ્યાજ ચુકવણી અંગે ચિંતાઓ વધુ ઘેરી બનવા લાગે છે.

વિદેશી હૂંડિયામણ ભડોળમાં સતત ઘટાડો એ પણ સંકેત આપે છે કે અપેક્ષિત વિદેશી રોકાણ આવી રહ્યું નથી. રોકાણકારોનો વિશ્વાસ નબળો પડી રહ્યો છે, તેથી તેઓ સલામત સ્થળો તરફ વળી રહ્યા છે. આવું એટલા માટે પણ થઈ રહ્યું છે કે ભારતીય અર્થતંત્રમાં ઝડપી વિકાસનું જે ચિત્ર રજૂ કરવામાં આવી રહ્યું હતું તે હવે ઝાંખું પડવા લાગ્યું છે. મુખ્ય ઔદ્યોગિક ક્ષેત્રોનો વિકાસ દર નીચો રહ્યો છે. ઉત્પાદન અને સેવા ક્ષેત્રો (પ્રોડક્શન એન્ડ સર્વિસ સેક્ટર) સંઘર્ષ કરી રહ્યા હોય તેવું લાગે છે. બાંધકામ ક્ષેત્ર પણ નબળું પડી રહ્યું છે. છેલ્લા બાર-તેર વર્ષથી માથાદીઠ આવકમાં કોઈ વધારો થયો નથી. નિકાસ સતત અડચણોનો સામનો કરી રહી છે અને સ્થાનિક બજાર તેની ચમક પાછી મેળવી શકતું નથી. ફુગાવાને કાબૂમાં રાખવો હજુ પણ મુશ્કેલ છે. આમ છતાં, એ વિચિત્ર છે કે સરકારો મફત યોજનાઓની જાહેરાત કરવાની દોડમાં છે. તે વિદેશી લોન લઈને તેમને ચલાવવાનો પ્રયાસ કરી રહી છે. આ અસંતુલનને દૂર કર્યા વિના, વિદેશી હુંડિયામણ ભંડોળ ભરવાની અપેક્ષા રાખી શકાતી નથી. એટલે ચૂંટણી જીતવા માટે વિવિધ પક્ષો લોકરંજક ઘોષણાઓ અને મફતની રેવડીઓ વહેંચવાનું બંધ નહી કરે તો આ ખરાબ પરિસ્થિતિ હજુ વધુ ખરાબ થશે... કથળતી જતી આર્થિક સ્થિતિને સુધારવા માટેનો સમય તો ક્યારનોય પાકી ગયો છે પણ આપણા શાસકો પ્રજાને અવાસ્તવિક સપનાઓ બતાવીને છેતરી રહ્યા હોવાની લાગણી જન્મી રહી છે.

# ચૂંટણી પંચે ચૂંટણીની અખંડિતતા અંગેના પ્રશ્નોના જવાબ આપવા જ જોઈએ

## લોકશાહીમાં નાગરિકોને એવી સિસ્ટમનો અધિકાર છે જે ચૂંટણી લોકશાહીના આવશ્યક સિદ્ધાંતોનું પાલન કરે છે

દેશમાં આપણી ચૂંટણી પ્રક્રિયાની અખંડિતતા પરના વિવાદને યોગ્ય ફ્રેમિંગની જરૂર છે. તે ફ્રેમિંગમાં, ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (EVM)નું સ્થાન ચૂંટણી લોકશાહીના મુખ્ય સિદ્ધાંતોના પાલન કરતાં ઘણું ઓછું મહત્વ ધરાવતું હોવું જોઈએ. આવો જ એક મુખ્ય સિદ્ધાંત એ છે કે મતદારનો મત ઈરાદા મુજબ નાખવામાં આવ્યો છે; કાસ્ટ તરીકે રેકોર્ડ કરવામાં આવ્યો છે; અને રેકોર્ડ તરીકે ગણવામાં આવ્યો છે. આ સિદ્ધાંત EVMની કથિત 'ઝડપ અને કાર્યક્ષમતા' કરતાં અગ્રતા ક્રમમાં હોવો જોઈએ.

વર્તમાન ચર્ચા એવી રીતે કરવામાં આવી રહી છે કે તે મશીનોની ટેકનિકલ સલામતી અથવા અન્યથા અન્ય પક્ષ તરફ આકર્ષાય છે, પરંતુ તે ચૂંટણી લોકશાહીના મુખ્ય સિદ્ધાંતો સાથે પ્રક્રિયાના પાલન કરતું નથી. એવું નથી કે આ મશીનો બિનમહત્વપૂર્ણ છે. પરંતુ આપણે આ ચર્ચાને સ્પષ્ટ રીતે આગળ વધારવાની જરૂર છે કે ટેક્નોલોજીના ઉત્સાહીઓ અને ચૂંટણી પંચના નિરર્થક નિવેદનો આ EVM વિશેની વાસ્તવિક શંકાઓને આપણી લોકશાહી કલ્પનાના ઉદભવનો અંતિમ બિંદુ તરીકે ગણીને ઉપહાસપૂર્વક ફગાવી દે છે.

આપણી ચૂંટણી પ્રક્રિયાની અખંડિતતા અંગે શંકાઓના હઠીલા પ્રશ્નોની દૃઢતાનું સૌથી મહત્વપૂર્ણ કારણ ભારતીય ચૂંટણી પંચ (ECI)ના આચરણમાં અપારદર્શકતા છે. સુપ્રીમ કોર્ટ (SC) સહિત ન્યાયતંત્ર પણ કેટલાક દોષોમાં સામેલ છે કારણ કે તે ECIની રજૂઆતોને સ્વીકારવા અને ઉતાવળમાં આદેશો આપવાની તૈયારી દર્શાવે છે, અને તે નિર્દોષ ક્ષમતાના સ્વતંત્ર નિષ્ણાતોના અભિપ્રાયને અવગણે છે.

કેન્દ્ર સરકારે, ખાસ કરીને ૨૦૧૯થી, શંકાસ્પદ રીતે કાર્ય કર્યું છે જેના કારણે અનેક શંકા ઊભી થઈ છે કે ECI અને કેન્દ્રમાં શાસક પક્ષ અપારદર્શકતાને કાયમ રાખવામાં સહયોગ કરી રહ્યા છે. ૨૦ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ભારતના ગેઝેટમાં સૂચિત કરાયેલા ચૂંટણી આચાર નિયમોના નિયમ ૯૩(૨)(એ)માં તાજેતરનો સુધારો ફરી એકવાર અપારદર્શકતાનો મુદ્દો ઉઠાવે છે. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે ચૂંટણી કમિશનરને નાગરિક અરજદારને ચૂંટણી પ્રક્રિયા સંબંધિત ચોક્કસ રેકોર્ડ ઉપલબ્ધ કરાવવાનો આદેશ આપ્યો હતો.

આ હાલના નિયમો મુજબ છે પરંતુ કેન્દ્ર સરકારે પોતાની સત્તાઓનો ઉપયોગ કર્યો અને ભારતના ચૂંટણી પંચ સાથે પરામર્શ કરીને, નાગરિકોને મહત્વપૂર્ણ રેકોર્ડ્સ સુધી એક્સેસ આપવા ન દેવા માટે નિયમોમાં સુધારો કરવા માટે ઉતાવળ કરી છે. આ કૃત્ય અનિવાર્યપણે અજાણતા જ સ્વીકાર કરે છે કે EVMના વચન આપેલા વહીવટી, તકનીકી અને કાનૂની રક્ષણ ફક્ત કાલ્પનિક છે અને તે જાહેર ચકાસણીનો સામનો કરી શકતા નથી.

**આ મુદાઓ આ અનિવાર્યપણે અનેક શંકાઓ તરફ દોરી જાય છે કે:**

શું ચૂંટણી કમિશન અને કેન્દ્રમાં સત્તામાં રહેલા પક્ષ પાસે છુપાવવા માટે કંઈક છે?

શું તેઓ આપણી ચૂંટણી પ્રક્રિયાના રેકોર્ડની સંપૂર્ણ જાહેર તપાસથી ડરે છે?

આશા છે કે આવું હશે નહીં. પરંતુ જો આવું નથી, તો ચૂંટણી નિયમોમાં આ સુધારા લાવવાની આ અભદ્ર ઉતાવળ શું સમજાવે છે? જો ચૂંટણી પંચે હાઈકોર્ટના નિર્દેશનું પાલન કર્યું હોત તો કોઈને પણ આપણી ચૂંટણી પ્રક્રિયાની અખંડિતતા પર શંકા કરવાનો કોઈ આધાર રહ્યો ન હોત. આ સુધારો કેન્દ્રમાં શાસક પક્ષ દ્વારા પારદર્શિતાને છીનવી લેવાનો વધુ એક પ્રયાસ છે.

૨૦૧૯માં તેમણે જે સુધારો કર્યો હતો તેમાં માહિતી પંચ અને તેના કમિશનરોને તેમના પગાર અને પદ પર સતત રહેવા માટે તે સમયની સરકારના લાભ માટે તેઓને ગુલામ બનાવી દેવામાં આવ્યા હતા. આ પગલાંથી સંસ્થાની સ્વાયત્તતા સાથે સમાધાન થવાની સંભાવના છે. આ પગલાનો સમય મહત્વપૂર્ણ છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણી દરમિયાન VVPAT ગણતરીના ડેટા અંગે ECI સામે અનેક આરોપોને પગલે આ કરવામાં આવ્યું હતું.

ન્યૂઝ પોર્ટલ ધ ક્વિન્ટ દ્વારા RTI પ્રશ્નના જવાબમાં ECIએ તેની અપારદર્શકતા જાહેર કરતા કહ્યું હતું કેઃ

લોકસભા ચૂંટણી - ૨૦૧૯નો મતદાન મથક મુજબનો ડેટા કમિશન પાસે ઉપલબ્ધ નથી. તે બધા રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના CEO પાસે ઉપલબ્ધ હોઈ શકે છે. તમે RTI કાયદા, ૨૦૦૫ હેઠળ અલગથી અરજી સબમિટ કરીને રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના CEOના કાર્યાલયમાંથી આ માહિતી મેળવી શકો છો. તમારી અરજી તેમને ટ્રાન્સફર કરી શકાતી નથી કારણ કે RTI કાયદા, ૨૦૦૫ની કલમ ૬(૩) હેઠળ એક કરતાં વધુ PIO સામેલ છે.

પરંતુ આ જવાબ ECIના પોતાના પરિપત્રની વિરુદ્ધ છે જેમાં બધા CEOએ મતગણતરી દિવસના સાત દિવસની અંદર તેમનો VVPAT ડેટા કમિશનને સબમિટ કરવાનો હોય છે. ECIનો જવાબ કમિશનના આદેશની પણ વિરુદ્ધ છે જે સ્પષ્ટપણે જણાવે છે કે જો માહિતી શેર કરવા માટે બહુવિધ PIOની જરૂર હોય, તો પણ મૂળ પ્રશ્ન ધરાવતા PIOની જવાબદારી છે કે તે બાકીના PIOને તે ટ્રાન્સફર કરે.

ભલે આ જવાબ ખોટો અને ગેરમાર્ગે દોરનારો હોય, પણ ECIનો આ જવાબ ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીઓના VVPAT પર માહિતી અને દસ્તાવેજો માંગતી RTI અરજીઓનો પ્રવાહ શરૂ કરવાની ક્ષમતા ધરાવે છે. આ ECIને મુશ્કેલીમાં મૂકી શકે છે. તેથી, કેન્દ્ર સરકારનું તે સમયે માહિતી પંચને કાબૂમાં રાખવાનું આ પગલું તેની સ્વાયત્તતાને નબળી પાડવા માટે છે.

જો ૨૦ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ચૂંટણી નિયમોમાં સુધારો કરવાના પગલા અને ૨૦૧૯ના માહિતી પંચને કાબૂમાં રાખવાના પગલાને એકસાથે જોવામાં આવે, તો કોઈને પણ આશ્ચર્ય થવા લાગે છે કે શું ECI અને કેન્દ્રમાં વર્તમાન શાસક સરકારનો હેતુ નાગરિકો દ્વારા આપણી ચૂંટણી પ્રક્રિયાની સંપૂર્ણ અને ફોરેન્સિક ચકાસણી અટકાવવાનો છે.

IPMIE અને અન્ય નાગરિક સમાજ સંગઠનોએ ૨૦૧૯ અને ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓમાં EVMના મતો અને ગણતરી કરાયેલ EVM મતો વચ્ચે મેળ ન હોવાના અનેક કિસ્સાઓ નોંધ્યા છે. તેમણે મતદાનના સત્તાવાર બંધ થવાના સમયે કામચલાઉ મતદાનના આંકડા અને ECI દ્વારા જાહેર કરાયેલા અંતિમ આંકડા આ બંને વચ્ચે મતદાનમાં અસામાન્ય વધારો દર્શાવ્યો હતો. ઘણી રાજ્ય વિધાનસભા ચૂંટણીઓના કિસ્સામાં પણ આવા ઉદાહરણો સ્પષ્ટ અનુભવપૂર્ણ પુરાવા સાથે દર્શાવવામાં આવ્યા હતા.

૨૦૨૪ની ચૂંટણીમાં કામચલાઉ અને અંતિમ આંકડા વચ્ચે નોંધપાત્ર તફાવત હતો એટલું જ નહીં, પરંતુ અન્ય ગંભીર અસામાન્યતાઓ પણ જોવામાં આવી હતી. ઉદાહરણ તરીકે, ECIએ શરૂઆતમાં ફક્ત મતદાન થયેલા મતોની ટકાવારી જ જાહેર કરી હતી, કુલ મતદાનના આંકડા જાહેર જ કર્યા ન હતા. શરૂઆતમાં, આ આંકડા એકંદર રાજ્ય સ્તરના સરેરાશ ટકાવારી હતા અને મતવિસ્તાર મુજબ કુલ અથવા તો ટકાવારીના આંકડા ન હતા.

જો કે, દેશમાં ખૂબ જ હોબાળો અને આક્ષેપો થયા પછી, ૨૫ મે, ૨૦૨૪ના રોજ ચૂંટણી સંસ્થાએ પાંચ તબક્કા માટે રાજ્યવાર કુલ આંકડા તેમજ લોકસભા મતવિસ્તાર મુજબ કુલ આંકડા જાહેર કર્યા હતા અને તેના ત્રણ દિવસ પછી, ૨૮ મે ૨૦૨૪ના રોજ, તબક્કા ૬ના કુલ મતદાન ડેટા, રાજ્યવાર તેમજ લોકસભા મતવિસ્તાર મુજબ, પણ જાહેર કરવામાં આવ્યા હતા. તેણે ઘણા દિવસોના વિલંબ પછી ટકાવારીમાં અંતિમ આંકડા જાહેર કર્યા હતા. ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાનના અંતિમ ટકાવારીના આંકડા જાહેર કરવામાં પૂરા બાર દિવસ લાગ્યા હતા. બાકીના ૬ તબક્કા માટે આ અંતર ત્રણથી પાંચ દિવસ વચ્ચે હતું.

બીજા તબક્કા માટે, ચૂંટણી પંચે સત્તાવાર મતદાન સમયના અંતે સમગ્ર તબક્કા માટે ફક્ત રાષ્ટ્રવ્યાપી પ્રારંભિક કુલ ટકાવારી જાહેર કરી હતી. રાજ્યવાર અને લોકસભા મતવિસ્તાર વાર પ્રારંભિક આંકડા, ટકાવારીમાં પણ, આજે પણ બીજા તબક્કા માટે જાહેર કરવામાં આવ્યા નથી. આમ ચૂંટણી પંચે બીજા તબક્કાના પ્રારંભિક આંકડા અને અંતિમ આંકડા વચ્ચેનો તફાવત શોધવાનું કોઈને પણ અશક્ય બનાવ્યું હતું. અમારી પાસે અંતિમ આંકડાઓની તુલના કરવા માટે પ્રારંભિક આંકડા પણ નથી.

આ એક અન્ય કોયડો છે જે કોઈની સમજની બહાર છે. ચૂંટણી પંચે ૨૮ મે ૨૦૨૪ના રોજ ૬ તબક્કા માટે લોકસભા મતવિસ્તારવાર અંતિમ કુલ આંકડા જાહેર કર્યા હતા. અને સાતમા તબક્કા માટે, કુલ મતદાન થયેલા મતોના અંતિમ આંકડા ૬ જૂન, ૨૦૨૪ના રોજ જાહેર કરવામાં આવ્યા હતા. ૬ જૂને ગણતરી પૂર્ણ થયાના બે દિવસ પછી. તેમ છતાં, આટલા લાંબા વિલંબ પછી પણ, મતદાન માટેના ૫૪૨ મતવિસ્તારોમાંથી ૫૩૮ મતવિસ્તારોમાં EVM દ્વારા મતદાન કરાયેલા મતોના આંકડા ગણતરી કરાયેલા EVM મતોના આંકડા સાથે મેળ ખાતા નથી. સુરત લોકસભા મતવિસ્તારમાં મતદાન થયું ન હતું.




અગાઉ ECIએ SCને જણાવ્યું હતું કે તે નાગરિકોને ફોર્મ ૧૭C ઉપલબ્ધ કરાવવા માટે કાયદા દ્વારા બંધાયેલ નથી. એવું માનવામાં આવે છે કે રાજકીય પક્ષો અને ઉમેદવારો પાસે એવા ફોર્મ હોવા જોઈએ જે દરેક બૂથ પર મતદાન કરાયેલા કુલ મતોની સંખ્યા જણાવે છે તે કદાચ હોઈ શકે. પરંતુ ECI દ્વારા નાગરિકોને ડેટા જાહેર કરવાનો ઈન્કાર અનેક ગંભીર પ્રશ્નો ઉભા કરે છેઃ

એવા નાગરિકનું શું જે ઉમેદવાર કે રાજકીય પક્ષ નથી?

શું તે અથવા તેણીને આ વિશે જાણવાનો હક નથી?

શું મીડિયાને નાગરિકોને માહિતી આપવા માટે ડેટા જાણવાનો હક નથી?

શું આપણી ચૂંટણી પ્રક્રિયા ફક્ત રાજકીય પક્ષો અને ECI વચ્ચે રમાતી રમત બની ગઈ છે?

આ સમગ્ર પ્રક્રિયામાં મૂળભૂત હિસ્સેદાર કોણ છે?

શું માહિતી માંગનાર દેશનો સામાન્ય નાગરિક નથી?

શું નાગરિક દેશનો અંતિમ સાર્વભૌમ નથી જેના પ્રત્યે દરેક બંધારણીય સંસ્થા જવાબદાર હોવી જોઈએ?

શું ECIએ જવાબદાર અને પારદર્શક હોવું જરૂરી નથી?

નાગરિકો માટે ચકાસણી માટે ફોર્મ ૧૭C ડેટા અને અન્ય કોઈપણ માહિતી જાહેર કરવામાં તે શા માટે અનિચ્છા દર્શાવે છે? તે સમયની સરકારે માહિતી પંચને સંચાલિત કરતા ધોરણોમાં ફેરફાર કરીને અપારદર્શકતા શા માટે આચરી છે?

સરકારે 'ECI સાથે પરામર્શ' કરીને ચૂંટણી આચાર નિયમોમાં ઉતાવળમાં સુધારો કેમ કર્યો અને નાગરિકો દ્વારા ચકાસણી માટે ચૂંટણી પ્રક્રિયાના મહત્વપૂર્ણ રેકોર્ડ્સ ઉપલબ્ધ શા માટે ન કરાવ્યા? લોકશાહીમાં નાગરિકો એવી સિસ્ટમનો અધિકાર ધરાવે છે જે ચૂંટણી લોકશાહીના આવશ્યક સિદ્ધાંતોનું પાલન કરે છે. ચૂંટણી પ્રક્રિયાની અખંડિતતા જાળવવા માટે આ એક બિન-વાટાઘાટપાત્ર જરૂરિયાત છે. કોઈપણ કાર્ય અથવા અવગણના જે આ અધિકારની પરિપૂર્ણતા સાથે સમાધાન કરે છે અથવા તેને નષ્ટ કરે છે તે લોકશાહીમાં અસ્વીકાર્ય છે.

**- પરકલા પ્રભાકર અને એમજી દેવસહાયમ**

**(સૌ. : ધ વાયર.ઈન)**

# લોસ એન્જલસ દાવાનળના લાઈવ અપડેટ્સ : LA જંગલની આગના પીડિતોની કાર, આશ્રયસ્થાનો અને હોટલોમાં ઊંઘ માટે મથામણ

**લોસ એન્જલસના જંગલની આગના લાઈવ અપડેટ્સ : હવા વધુ તીવ્ર બને તેવી આશંકાને પગલે લોસ એન્જલસ વિસ્તારમાં વધારાના પાણીના ટેન્કર અને અગ્નિશામકો ખડકાયા હતા, જે બે મોટી આગ પર થયેલી પ્રગતિને જોખમમાં મૂકી શકે છે જેણે ૨૪ લોકોના જીવ લીધા છે અને હજારો ઘરોનો નાશ કર્યો છે**

(એજન્સી) તા.૧૪

વિમાનોએ રહેઠાણો અને ટેકરીઓ પર ગુલાબી અગ્નિ-પ્રતિરોધક રસાયણોનો છંટકાવ કર્યો હતા, જ્યારે ક્રૂએ સૂકી વનસ્પતિવાળા સંવેદનશીલ વિસ્તારોની નજીક ફાયર એન્જિન ગોઠવ્યા હતા. ગયા અઠવાડિયે બે મોટી આગ શરૂ થઈ ત્યારે હાઈડ્રેન્ટ ખાલી થઈ ગયા પછી પુરવઠો પુનઃસ્થાપિત કરવા માટે પાણીની ટ્રકો પહોંચી હતી.

તાબિથા ટ્રોસેન અને તેના બોયફ્રેન્ડે તેમના વિસ્તારના તોળાઈ રહેલ જોખમ અંગે સતત ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, 'અમારી બિલાડીઓ જવા માટે તૈયાર છે, અમારી પાસે તેમના વાહકો દરવાજા પાસે તેમના નાના ભરાયેલા પ્રાણીઓ અને તેના જેવી વસ્તુઓ સાથે તૈયાર છે.' સંભવિત નુકસાનનો વિચાર કરતી વખતે તેની ગર્લફ્રેન્ડના સતત ઉમેરાઓની નોંધ લેતા ટ્રોસેને કહ્યું, 'તે એવું છે કે, હું મારી જાતની સંભાળ કેવી રીતે રાખું, અને કઈ વસ્તુઓ છે જે મને એક માણસ તરીકે વાસ્તવિકતા પર રાખશે અને મને મારી પૃષ્ઠભૂમિ, મારા જીવન અને મારા પરિવારની યાદ અપાવશે.'

લોસ એન્જલસના મેયર કરેન બાસ અને અધિકારીઓએ, તેમના પ્રારંભિક પ્રતિભાવ અંગે ટીકા છતાં, યુએસ, કેનેડા અને મેક્સિકોમાંથી વધારાના અગ્નિશામકોની મદદથી તેમની તૈયારીમાં વધારો કરવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો.

ફાયર ચીફ એન્થોની મેરોને પુષ્ટિ આપી છે કે એક અઠવાડિયા પહેલા જ્યારે વાવાઝોડાથી ચાલતા પવનોએ જ્યાં આઠ મહિનાથી વધુ સમયથી વરસાદ પડ્યો નથી તે સૂકા પ્રદેશમાં અનેક આગ ફેલાવી હતી, તેની સરખામણીમાં તૈયારીમાં સુધારો થયો છે. જ્યારે પવન વાવાઝોડાની શક્તિ સુધી પહોંચવાની અપેક્ષા નથી, તેમ છતાં તેઓ હવાઈ અગ્નિશામક કામગીરીને પ્રતિબંધિત કરી શકે છે. મેરોને ચેતવણી આપી હતી કે 70 mph (112 kph) પવનો આગ પર નિયંત્રણના પ્રયાસોને ગંભીર રીતે અવરોધશે. અધિકારીઓએ ઉચ્ચ જોખમ ધરાવતા વિસ્તારોમાં રહેવાસીઓને સલાહ આપી હતી કે જો તેઓ ઔપચારિક આદેશોની રાહ જોયા વિના ભયનો અનુભવ કરે તો તેઓ તત્કાળ સ્થળાંતર કરે.

લા ક્રેસેન્ટાના ટિમ કાંગે આ સલાહનું પાલન કર્યું, ખરાબ હવા ગુણવત્તા અને આગની ચિંતાઓને કારણે તેના ભાઈઓ સાથે પાસાડેનામાં તેની ગર્લફ્રેન્ડના નિવાસસ્થાને તેણે સ્થળાંતર કર્યું હતું. લોસ એન્જલસ નજીક ચાર આગ એક અઠવાડિયા કરતાં ઓછા સમયમાં ૬૨ ચોરસ માઈલ (૧૬૦ ચોરસ કિલોમીટર)થી વધુ વિસ્તારને ભસ્મીભૂત કરી ચૂકી છે. રાષ્ટ્રીય હવામાન સેવા દ્વારા આગામી એક-બે દિવસમાં ખતરનાક પરિસ્થિતિઓની આગાહી કરવામાં આવી છે, જેમાં 65 mph (105 kph)ની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

પાસાડેના નજીક ઈટન આગના લગભગ એક તૃતીયાંશ ભાગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો છે, જ્યારે મોટા પેસિફિક પેલિસેડ્સ દરિયાકાંઠાની આગ મોટાભાગે અકબંધ છે. શેરિફ રોબર્ટ લુનાએ સંકેત આપ્યો કે મૃત્યુઆંક વધી શકે છે, જેમાં લગભગ બે ડઝન લોકો ગુમ છે. તેમણે ચાલુ પુનઃપ્રાપ્તિ કામગીરીને ધ્યાનમાં લેતા પાછા ફરવા માટે ઉત્સુક રહેવાસીઓને ધીરજ રાખવા વિનંતી કરી. કેટલાક સ્થળાંતર કરનારાઓ શાંત સપ્તાહના અંતે પાછા ફર્યા. જીમ ઓર્લેન્ડિની કે જેમનો અલ્ટાડેના હાર્ડવેર સ્ટોર નાશ પામ્યો હતો, તેમણે ૪૦ વર્ષ જૂનું પોતાનું ઘર અકબંધ જોયું. ફાયર ચીફ ક્રિસ્ટિન ક્રોલીએ ક્ષતિગ્રસ્ત ગેસ લાઈનો અને અસ્થિર માળખાંના જોખમોને કારણે બળી ગયેલા વિસ્તારોમાં પ્રવેશવા સામે ચેતવણી આપી હતી. હાલમાં, લગભગ ૧,૦૦,૦૦૦ લોસ એન્જલસ કાઉન્ટી રહેવાસીઓ સ્થળાંતરના આદેશો હેઠળ છે. મુકદ્દમામાં દાવો કરવામાં આવ્યો છે કે યુટિલિટીના સાધનોએ વિનાશક ઈટન આગને ભડકાવી હતી, પરંતુ તપાસ હજુ પણ ચાલુ છે. સોમવારે દાખલ કરાયેલા મુકદ્દમામાં દાવો કરવામાં આવ્યો છે કે યુટિલિટી સાધનોએ લોસ એન્જલસ વિસ્તારમાં બે જીવલેણ જંગલી આગમાંથી એકને ભડકાવી હતી જ્યારે પેસિફિક પેલિસેડ્સના કેટલાક રહેવાસીઓ માને છે કે બીજી આગ વાવાઝોડા-ભારે પવનોએ નવા વર્ષના દિવસે લાગેલી આગના બુઝાયેલા અવશેષોને ફરીથી સળગાવી દીધા ત્યારે શરૂ થઈ હશે. અધિકારીઓએ આગનું સત્તાવાર કારણ નક્કી કર્યું નથી, જે ગયા મંગળવારે ભડકી ઉઠી હતી અને ઓછામાં ઓછા ૨૪ લોકો માર્યા ગયા હતા. બ્યુરો ઓફ આલ્કોહોલ, ટોબેકો, ફાયરઆર્મ્સ અને એક્સપ્લોઝિવ્સની એક ટીમે તપાસમાં આગેવાની લીધી હતી.

સધર્ન કેલિફોર્નિયા એડિસન સામે અનેક મુકદ્દમામાં દાવો કરવામાં આવ્યો છે કે યુટિલિટીના સાધનોએ પાસાડેના નજીક જીવલેણ ઈટન આગને વેગ આપ્યો હતો. એડિસને સ્વીકાર્યું છે કે ફાયર એજન્સીઓ તપાસ કરી રહી છે કે શું તેના સાધનોએ તે જ દિવસે ફાટી નીકળેલી ન્છ-એરિયાની ઘણી નાની આગ શરૂ કરી હશે.

ઈટન ફાયરે ઓછામાં ઓછા ૭,૦૦૦ ઘરો અને અન્ય માળખાંનો નાશ કર્યો અને સમગ્ર વિસ્તારમાં કચરો ફેલાવ્યો હતો. પોતાના ઘર ગુમાવનારા ઘરમાલિકોનું પ્રતિનિધિત્વ કરતા વકીલોએ જણાવ્યું હતું કે તેમનું માનવું છે કે એડિસનના સાધનોને કારણે આ ઘટના બની હતી. આગની શરૂઆતની મિનિટોમાં લેવાયેલા વીડિયોમાં ઈલેક્ટ્રિક ટાવર્સની નીચે સીધી મોટી આગ લાગી હતી. લોસ એન્જલસના જંગલી આગના લાઈવ અપડેટ્સ : આપત્તિ ઝોનથી દૂર રહેવાની ચેતવણી લોસ એન્જલસ કાઉન્ટી શેરિફ રોબર્ટ લુનાએ જણાવ્યું હતું કે, મૃત્યુઆંક વધવાની શક્યતા છે. તેમણે કહ્યું કે ઓછામાં ઓછા બે ડઝન ગુમ છે. લુનાએ કહ્યું કે તેઓ સમજે છે કે લોકો નુકસાનનું સર્વેક્ષણ કરવા માટે તેમના ઘરો અને વિસ્તારમાં પાછા ફરવા આતુર છે, પરંતુ તેમણે તેમની ધીરજ રાખવા વિનંતી કરી. તેમણે કહ્યું, 'અમારી પાસે લોકો શાબ્દિક રીતે તમારા વિસ્તારોના અવશેષો શોધી રહ્યા છે. પેલિસેડ્સ આગ અંગે સમુદાયની બેઠકમાં, લોસ એન્જલસ પોલીસ વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે ગુમ થયાની જાણ કરાયેલા ઘણા લોકો મળી આવ્યા છે. શેરિફ દ્વારા શેર કરાયેલા આંકડાઓમાં ઓવરલેપ છે કે કેમ તે સ્પષ્ટ નથી. લોસ એન્જલસમાં ભારે પવનની આગાહી આગ સામેની લડાઈને જોખમમાં મૂકે છે. સોમવારે લોસ એન્જલસ વિસ્તારમાં વધારાના પાણીના ટેન્કર અને ઘણા અગ્નિશામકો પહોંચ્યા, જે ભારે પવનો પાછા ફરવાની આગાહી કરવામાં આવી હતી અને હજારો ઘરોનો નાશ કરનાર અને ઓછામાં ઓછા ૨૪ લોકોના મોત નીપજેલા બે વિશાળ આગ પર અત્યાર સુધીની પ્રગતિને જોખમમાં મૂકે છે. વિમાનોએ ઘરો અને ટેકરીઓ પર તેજસ્વી ગુલાબી અગ્નિ-પ્રતિરોધક રસાયણોનો છંટકાવ કર્યો હતો, જ્યારે ક્રૂ અને ફાયર એન્જિનોને ખાસ કરીને સૂકા ઘાસવાળા સંવેદનશીલ સ્થળોએ મૂકવામાં આવ્યા હતા. ગયા અઠવાડિયે જ્યારે બે સૌથી મોટી આગ ફાટી નીકળી ત્યારે હાઈડ્રેન્ટ્સ સુકાઈ ગયા પછી પુરવઠો ફરીથી ભરવા માટે ડઝનબંધ પાણીની ટ્રકો દોડી આવી હતી.

# મોદી અને કેજરીવાલ એક જ રમત રમી રહ્યા અને એક જ વાત કહે છે રાહુલ ગાંધીએ દિલ્હી ચૂંટણી માટે પ્રચારની શરૂઆત કરી

**વિધાનસભા ચૂંટણી પહેલા NCRમાં રાજકારણ ગરમાય રહ્યું છે, ત્યારે કોંગ્રેસની 'જય બાપુ, જય ભીમ, જય સંવિધાન' રેલી જાહેર કરે છે કે કોંગ્રેસ લડત આપવાના મૂડમાં છે**

(એજન્સી) તા.૧૪

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે તેમના પક્ષના પ્રચારની શરૂઆત 'જય બાપુ, જય ભીમ, જય સંવિધાન'ના નારા સાથે કરી હતી. સીલમપુર (શાહદરા) માં યોજાયેલી આ રેલીમાં તેઓએ NCRમાં ભાજપ અને AAP બંનેના પ્રચાર અભિયાનોની આકરી ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, આ ફક્ત રાજકીય લડાઈ નથી; આ વિચારધારાઓની લડાઈ છે. ભાજપ-RSSના લોકો નફરત ફેલાવે છે અને સમુદાયોને વિભાજીત કરે છે. પરંતુ બંધારણ આપણને યાદ અપાવે છે કે ભારત દરેક નાગરિકોનું છે. ઉત્તર-પૂર્વ દિલ્હી ૨૦૨૦ના રમખાણોનું સાક્ષી રહ્યું છે. ખાસ કરીને મુસ્લિમ સમુદાયમાં રોષ છે, જેમાં મોટાભાગના લોકો AAP અને તેના નેતા અરવિંદ કેજરીવાલ પર તેઓ આરોપ લગાવે છે કે તેઓ તેમના સૌથી અંધકારમય સમયમાં સાથ આપ્યો નથી. ઘણા લોકોએ ગાંધીજીના સતત સંપર્ક માટે પ્રશંસા કરી અને કહ્યું કે, આ ત્રીજી વખત છે જ્યારે રાહુલ ગાંધી અહીં આવ્યા છે. તેમણે કોંગ્રેસના નેતા દ્વારા ૨૦૨૩માં આ વિસ્તારમાં ભારત જોડો યાત્રાનું નિર્દેશન કરવામાં આવ્યું હતું તે યાદ કર્યું. તે પહેલાં ૨૦૨૦માં, તેમણે અન્ય કોંગ્રેસી કાર્યકરો સાથે રમખાણો પછી તરત જ મુલાકાત લીધી હતી અને રમખાણોના પીડિતોને મળ્યા હતા. આ રેલીમાં મહિલાઓ અને બાળકો પણ હાજર હતા, જે સમર્થનમાં અહીં ભેગા થયા હતા. કેટલાક લોકોએ 'બંધારણ બચાવો' ના નારા લગાવતા પ્લેકાર્ડ હાથમાં રાખ્યા હતા. એક દલિત યુવાને એક અનોખા પોસ્ટર સાથે રેલીમાં બધાનું ધ્યાન ખેંચ્યું હતું. તેને ધ્વજની જેમ લહેરાવતા, તેણે તેને ઉંચો કર્યો. આ પોસ્ટરમાં રાહુલ ગાંધીને 'ભારત વર્ષના બાહુબલી' તરીકે દર્શાવવામાં આવ્યા હતા. રેલીમાં મહાત્મા ગાંધી અને બી.આર. આંબેડકરના વારસા તેમજ બંધારણીય મૂલ્યો વિશ્વદીપક સાથે કોંગ્રેસનું જોડાણ દર્શાવવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, પહેલી વાર, રાહુલ ગાંધીએ ખુલ્લેઆમ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર નિશાન સાધ્યું હતું જે એક સમયે ઈન્ડિયા ગઠબંહનના મુખ્ય સહયોગી હતા. તેઓએ તેમના પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીની જેમ કામ કરવાનો આરોપ લગાવ્યો. રાહુલે કહ્યું કે, મોદીજી ખોટા વચનો આપે છે અને ખોટો પ્રચાર ફેલાવે છે. કેજરીવાલજી એક જ રમત કરે છે. આ બંને વચ્ચે કોઈ તફાવત નથી. તેમણે બંને નેતાઓ પર દલિત અને પછાત વર્ગો, આદિવાસી સમુદાયો અને લઘુમતીઓને ન્યાય ન આપવાનો આરોપ મૂક્યો હતો. એક મહત્વપૂર્ણ નીતિગત પ્રસ્તાવમાં, ગાંધીએ જાતિગત વસ્તી ગણતરી પ્રત્યે કોંગ્રેસની પ્રતિબદ્ધતા અને ૫૦ ટકાની અનામત મર્યાદાને આગળ ધપાવવાનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે કહ્યું કે, અમે એકમાત્ર પક્ષ છીએ જે હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોના અવાજને મજબૂત બનાવે છે. કોંગ્રેસ સમાન ભાગીદારી અને બંધારણના રક્ષણ માટે છે. દિલ્હીના પ્રચાર પર નજર રાખનારા રાજકીય નિરીક્ષકો માને છે કે મુસ્લિમ-દલિત વસ્તીવાળા વિસ્તારમાં રાહુલ ગાંધી દ્વારા પહેલી રેલીની પસંદગી એ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને દાવેદાર તરીકે પુનઃસ્થાપિત કરવા માટે એક ગણતરીપૂર્વકનું પગલું છે. તેનો પ્રભાવ કદાચ ઓછો થઈ ગયો હશે, પરંતુ પુનરાગમન માટે એક ચોક્કસ આધાર છે. ગાંધીએ શાહદરાને આ સ્થળ તરીકે પસંદ કર્યું અને તેમના ઉગ્ર વક્તવ્ય સાથે, તેઓ એ પણ સૂચવે છે કે પાર્ટી દિલ્હીમાં AAPને તેના મુખ્ય હરીફ તરીકે જુએ છે, ભલે ભાજપના સમગ્ર ભારતમાં સત્તા તોડી પાડવાનું તેમનું મુખ્ય લક્ષ્ય હોય. આ ભીડની પ્રતિક્રિયા શીલા દીક્ષિત યુગની જૂની યાદોને દર્શાવે છે. ઘણા લોકોએ કહ્યું કે, રાહુલ ગાંધીના શબ્દો સાચા લાગે છે. અહી શાંતિ જાળવવા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ત્યાં હાજર પોલીસ અધિકારીઓ પણ ખાતરી પામ્યા હોય તેવું લાગતું હતું. સામાન્ય જનતા તાળીઓ પાડી રહી હતી ત્યારે કેટલાક લોકો માથું હલાવતા જોવા મળ્યા હતા. કોંગ્રેસના ટીકાકારો પણ સહમત થશે કે સામાજિક ન્યાયનું સમર્થન કરતી વખતે ભાજપ અને AAPના વર્ચસ્વને પડકારવાનું ગાંધીનું વચન ઉપસ્થિતોને ખૂબ જ ગમ્યું હતું. એક સમયે કોંગ્રેસનો ગઢ ગણાતો સીલમપુરમાં તાજેતરની ચૂંટણીઓમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળ્યું છે, મતદારો AAP અને BJP જેવા હરીફ પક્ષો તરફ વધુને વધુ આકર્ષાયા છે. પરંતુ આ વખતે, ઘણા લોકોએ કહ્યું કે અમે પંજાને પસંદ કરીશું. જે કોંગ્રેસનું પ્રતીક છે. હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો પર સ્પષ્ટ ધ્યાન કેન્દ્રિત કરીને અને મોદી અને કેજરીવાલ બંનેની ટીકા સાથે, રાહુલ ગાંધીએ હવે દિલ્હીમાં કોંગ્રેસના પ્રચાર માટે સૂર નક્કી કર્યો છે.

**હદીસ બોધ**

જૂઠું બોલવાથી વેપાર તો થશે પણ તેમાં બરકત નહીં હોય.
- હદીસ બોધ

**બોધ વચન**

તમે પોતે જ તમારી સફળતા માટે વિઘ્નરૂપ છો.
- રવીન્દ્રનાથ ટાગોર

**આજની આરસી**

| | |
|---|---|
| ૧૫ જાન્યુઆરી બુધવાર | ૨૦૨૫ |
| ૧૪ રજબ હિજરી | ૧૪૪૬ |
| પોષ વદ બીજ સંવત | ૨૦૮૧ |
| સુબ્હ સાદિક | ૫-૫૯ |
| ખત્મે ઝવાલ | ૧૨-૪૯ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૭-૨૩ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૧૫ |

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર **'અલ્લામા ઈકબાલ'** કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ**

**મદ્રસાને તેરી આંખોસે છૂપાયા જિનકો,**
**ખલવત-એ-કોહ-એ-બયાંબાંમેં વો અસરાર હૈ ફાશ**

મદ્રસા (અરબીમાં કોઈપણ શૈક્ષણિક સંસ્થા), અહીં દુન્યવી શિક્ષણ સંસ્થાએ તને ફકત દુન્યવી તાલીમ આપી. આત્મખોજ વિષે કાંઈ ન કહ્યું. તારાથી જે રહસ્યો છૂપાવાયા છે તે પર્વત (કોહ), રણ (બયાંબાં)ના એકાંતમાં જાહેર (ફાશ) થાય છે. તૂં આત્મનિરીક્ષણ કરી શકે છે અને રૂહાની જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. એટલે જ ઈસ્લામમાં એતિકાફ (૧૪૦૦ વર્ષ પહેલાંનો કવોરન્ટાઈનનો અર્થ)નું મહત્વ છે. કોરોના ના હોય ત્યારે પણ કવોરન્ટાઈન (ખલવત) થવાનો સંદેશ છે. **-(ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)**

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. **- વ્યવસ્થાપક**

# આ દિવસે : પાર્થિવ પટેલે રેકોર્ડબ્રેક ચેઝ સાથે ગુજરાતને પહેલીવાર રણજી ટ્રોફી ટાઇટલ અપાવ્યું

નવી દિલ્હી, તા.૧૪

આ દિવસે ૨૦૧૭માં ગુજરાતે ઈન્દોરના હોલકર ક્રિકેટ સ્ટેડિયમમાં એક રોમાંચક ફાઈનલમાં મુંબઈને હરાવી પોતાનું પ્રથમ રણજી ટ્રોફી ટાઈટલ જીત્યું હતું. ગુજરાતે રણજી ટ્રોફી ફાઈનલમાં સૌથી મોટું સફળ રન ચેઝ કરતા ૩૧૨ રનના લક્ષ્યાંકને પાર કરતા પાંચ વિકેટે જીત મેળવી



હતી. ફાઈનલ મેચ ઘણી રોમાંચક રહી હતી, જેમાં રેકોર્ડ ૪૧ રણજી ટાઈટલ સાથે મુંબઈ ફેવરિટ ટીમ હતી પણ ગુજરાતની દૃઢ સંકલ્પ અને રણનીતિ સાથેની રમતે તેને ઐતિહાસિક વિજય અપાવ્યો. બેટિંગ માટે ઉતરેલી મુંબઈની ટીમ ગુજરાતની શિસ્તબદ્ધ બોલિંગ સામે સંઘર્ષ કરતી રહી અને ૨૨૮ રનમાં સમેટાઈ ગઈ. મુંબઈ તરફથી પૃથ્વી શૉ (૭૧) અને સૂર્યકુમાર યાદવ (૫૭)એ અર્ધસદી બનાવી. જ્યારે ગુજરાત માટે આર.પી. સિંહ, ચિંતન ગજા અને રૂજુલ ભટ્ટે બે-બે વિકેટ ઝડપી. જવાબમાં ગુજરાતે ૩૨૮ રન બનાવ્યા અને ૧૦૦ રનની મહત્ત્વપૂર્ણ લીડ મેળવી. કપ્તાન પાર્થિવ પટેલે ૯૦ રન બનાવ્યા અને મનપ્રીત જુનેજા (૭૭)એ તેને સારો સાથ આપ્યો. તેમની ભાગીદારીએ મજબૂત પાયો નાંખ્યો અને ગુજરાતને મહત્ત્વપૂર્ણ લીડ અપાવી. મુંબઈને બીજી ઈનિંગમાં મજબૂત પ્રદર્શનની જરૂર હતી તે ૪૧૧ રન બનાવવામાં સફળ રહ્યું અને ગુજરાતને વિજય માટે ૩૧૨ રનનું પડકારજનક લક્ષ્યાંક આપ્યું. શ્રેયસ અય્યરે ૮૨ અને અભિષેક નાયરે ૯૧ રન બનાવ્યા. ગુજરાતના ચિંતન ગજાએ કારકિર્દીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરતા ૧૨૧ રનમાં ૬ વિકેટ ઝડપી. રણજી ટ્રોફી ફાઈનલમાં ૩૧૨ રનનો પીછો કરવો અભૂતપૂર્વ હતો પણ ગુજરાતે લક્ષ્યાંકને સફળતાપૂર્વક પાર કર્યું. પાર્થિવ પટેલે એકવાર ફરી પોતાની નેતૃત્વ ક્ષમતા અને બેટિંગ ટેલેન્ટનો પરિચય આપતા શાનદાર ૧૪૩ રન બનાવ્યા. તેણે મનપ્રીત જુનેજા સાથે મહત્ત્વપૂર્ણ શતકીય ભાગીદારી કરી. આ ઐતિહાસિક જીતે ગુજરાતને પ્રથમ રણજી ટ્રોફી ટાઈટલ અપાવ્યું, જેનાથી ટુર્નામેન્ટમાં મુંબઈનું વર્ચસ્વ સમાપ્ત થઈ ગયું. અત્રે ઉલ્લેખનીય છે કે, મુંબઈએ ૧૯૯૦-૯૧ બાદથી કોઈ રણજી ફાઈનલ હારી ન હતી.

# ઉચ્ચ જાતિની મહિલાઓએ સાવિત્રીબાઈ ફુલેનો આભાર માનવો જોઈએ

**૧૮૬૩માં ફુલે દંપતીએ બાળ હત્યા નિવારણ ગૃહ શરૂ કર્યું, કોઈપણ વિધવા અહીં આવીને પોતાના બાળકને જન્મ આપી શકતી હતી, તેનું નામ ગુપ્ત રાખવામાં આવતું હતું. આ બાળ હત્યા નિવારણ ગૃહના પોસ્ટર બધે લગાવવામાં આવ્યા હતા, આ પોસ્ટરો પર લખ્યું હતું, ''વિધવાઓ ! કોઈપણ અવરોધ વિના અહીં ગુપ્ત રીતે તમારા બાળકને જન્મ આપો, તમારા બાળકને તમારી સાથે લઈ જાઓ અથવા અહીં રાખો; તે તમારી ઈચ્છા પર નિર્ભર રહેશે**

(એજન્સી) તા.૧૪

સાવિત્રીબાઈ ફૂલેનો જન્મ ૩ જાન્યુઆરી, ૧૮૩૧ના રોજ પશ્ચિમ મહારાષ્ટ્રના નાયગાંવમાં થયો હતો. તેમણે તેમના પતિ જ્યોતિરાવ ફૂલે સાથે શિક્ષણ ક્રાંતિ માટે જે કાર્ય કર્યું તે દરેક જાણે છે. પરંતુ આ સાથે ફૂલે દંપતીએ સમાજની અન્ય સમસ્યાઓ પર પણ ધ્યાન આપવાનું શરૂ કર્યું. ખાસ કરીને સ્ત્રી મુક્તિ માટે. તે યુગમાં વિધવાઓની સ્થિતિ સૌથી ખરાબ હતી. તેમાંના મોટા ભાગના ઉચ્ચ જાતિના બ્રાહ્મણ પરિવારોમાંથી હતા. ઘણીવાર, છોકરીઓના લગ્ન તેમના કરતા ઘણા મોટા પુરૂષો સાથે નાની ઉંમરે કરવામાં આવતા હતા. આવી સ્થિતિમાં ઘણી છોકરીઓ વિધવા બની ગઈ. આ કહેવાતી ઉચ્ચ જાતિઓમાં આ વિધવાઓ ફરીથી લગ્ન કરી શકતી ન હતી. સમાજ તેમને નીચી નજરે જોતો હતો. તેમને અશુભ અને ખરાબ શુકનવાળી સ્ત્રી માનવામાં આવતી હતી. તેઓ ઘણીવાર સફેદ કે ભગવા રંગની સાડી પહેરતી હતી. તેમના વાળ મુંડાવવામાં આવતા હતા. આ બધાનો હેતુ એ હતો કે તેઓ બીજા પુરૂષો તરફ આકર્ષિત ન થાય, કે કોઈ પુરૂષ તેમના તરફ આકર્ષિત ન થાય. તેમનામાં પ્રેમની લાગણી ઉત્પન્ન ન થાય. પરંતુ ઘણી




વખત તેઓ કોઈના તરફ આકર્ષિત થતી. જો તેઓ બહારના પુરૂષોથી છટકી શકતી, તો ઘણી વખત આ વિધવાઓ પોતાના જ સંબંધીઓની વાસનાનો ભોગ બનતી. આવી સ્થિતિમાં જો તેઓ ગર્ભવતી થાય, તો તેમની પાસે આત્મહત્યા કરવા અથવા જન્મ પછી બાળકને મારી નાખવા સિવાય કોઈ વિકલ્પ નહોતો. બ્રાહ્મણ વિધવા કાશીબાઈ સાથે પણ આવી જ ઘટના બની. કોઈના સંપર્કમાં આવીને તે ગર્ભવતી થઈ. તેણે એક બાળકને જન્મ આપ્યો. જાહેર શરમથી મજબૂર થઈને તેણે તે બાળકને કૂવામાં ફેંકી દીધું. તેના પર હત્યાનો કેસ દાખલ કરવામાં આવ્યો અને ૧૮૬૩માં તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવી. આ ઘટનાએ સાવિત્રીબાઈ ફૂલે અને જ્યોતિરાવ ફૂલેને હચમચાવી નાખ્યા. ૧૮૬૩માં ફૂલે દંપતીએ બાળહત્યા નિવારણ ગૃહ શરૂ કર્યું. કોઈપણ વિધવા અહીં આવી શકે છે અને પોતાના બાળકને જન્મ આપી શકે છે. તેનું નામ ગુપ્ત રાખવામાં આવતું હતું. આ બાળહત્યા નિવારણ ગૃહના પોસ્ટર બધે લગાવવામાં આવ્યા હતા. આ પોસ્ટરો પર લખ્યું હતું કે ''વિધવાઓ ! કોઈપણ અવરોધ વિના અહીં ગુપ્ત રીતે તમારા બાળકને જન્મ આપો. તમારા બાળકને તમારી સાથે લઈ જાઓ કે અહીં રાખો; તે તમારી ઈચ્છા પર નિર્ભર રહેશે. નહીં તો અનાથાશ્રમ તે બાળકોની સંભાળ રાખશે. વિધવાઓ માટે આ ભારતમાં આ પ્રકારનું પહેલું ઘર હતું. સાવિત્રીબાઈ ફૂલે પોતે બાળહત્યા નિવારણ ગૃહમાં આવતી મહિલાઓ અને તેમને જન્મેલા બાળકોની સંભાળ રાખતા હતા. ૧૮૭૪માં એક રાત્રે મૂઠા નદીના કિનારે ચાલતી વખતે, જ્યોતિરાવની નજર એક મહિલા પર પડી જે પોતાનું જીવન ટૂંકાવવા માટે નદીમાં કૂદી પડવા તૈયાર હતી. જોતિરાવ તેને રોકવા દોડી ગયા. મહિલાએ તેમને કહ્યું કે તે વિધવા છે અને તેના પર બળાત્કાર થયો છે. તે છ મહિનાની ગર્ભવતી હતી. જોતિરાવે તેને સાંત્વના આપી અને તેને ઘરે લઈ ગયા. સાવિત્રીબાઈએ ખુલ્લા હાથે મહિલાનું સ્વાગત કર્યું. તે સ્ત્રીએ એક બાળકને જન્મ આપ્યો, જેનું નામ યશવંત રાખવામાં આવ્યું. ફુલે દંપતીએ યશવંતને દત્તક લીધો અને તેને પોતાનો કાયદેસર વારસદાર જાહેર કર્યો. તેઓએ યશવંતને શિક્ષણ આપ્યુંઅનેતે ડૉક્ટર બન્યો. જોતિરાવ અને સાવિત્રીબાઈએ માત્ર તેની ડિલિવરીની વ્યવસ્થા જ નહીં પરંતુ તેના પુત્ર યશવંતને પણ દત્તક લીધો. ફુલે દંપતીએ પોતે બાળકને જન્મ આપવાને બદલે અજાણી સ્ત્રી પાસેથી બાળકને દત્તક લેવાનું નક્કી કર્યું તે હકીકત તેમના સિદ્ધાંતો અને વિચારો પ્રત્યેની તેમની ઊંડી પ્રતિબદ્ધતા દર્શાવે છે. આમ કરીને તેઓએ જાતિ, વંશ, માતૃત્વ, પિતૃત્વ વગેરે વિશે પ્રવર્તમાન રૂઢિચુસ્ત માન્યતાઓને ખુલ્લેઆમ પડકારી. તો આ માતા સાવિત્રીબાઈ ફૂલે હતી. ભારતની દરેક સ્ત્રીએ તેમના ઋણી રહેવું જોઈએ.

# પુણે પુસ્તક મેળામાં બાબાસાહેબ આંબેડકરનું પુસ્તક પકડીને 'કચરો' વિણનારી તે છોકરી

**પુણે પુસ્તક મહોત્સવમાં શિક્ષિત નોકરી કરતા અધિકારીઓની ભીડમાં એક છોકરી કચરો એકઠો કરી રહી હતી, કોઈએ તેની તરફ ધ્યાન આપ્યું નહીં. પરંતુ ધ્યાન કચરો એકઠો કરતા પિતા પર હતું, જેમણે તેની દુનિયા બદલી નાખી**

(એજન્સી) તા.૧૪

આજે પુણે પુસ્તક મહોત્સવનો છેલ્લો દિવસ છે અને કચરો એકઠો કરતી વખતે આ બહેને સ્ટોલ પર બેઠેલા છોકરાને કહ્યું- 'મને બાપ આદમીનું આ પુસ્તક જોઈએ છે, તેની કિંમત કેટલી છે ? પુસ્તક મહોત્સવમાં બધા વાચકો ઉચ્ચ શિક્ષિત લોકો હતા. પુસ્તક ખરીદવા માટે ભીડ એકઠી થઈ છે. પરંતુ આ




ભીડમાં આ બહેનના શબ્દો મારા કાન પર પડ્યા. મારા મનમાં આવ્યું કે ''પુસ્તક મહોત્સવમાં ભાગ લેનારા બધા સેલિબ્રિટી એક તરફ છે અને આ વાચક બહેન બીજી તરફ છે. જયારે મેં આ બહેનને એક હાથમાં કચરાની થેલી અને બીજા હાથમાં #Baap Adami નામનું પુસ્તક લઈને ઉભી જોઈ, ત્યારે મારી આંખોમાં આપમેળે આંસુ આવી ગયા. મને લાગ્યું કે તે પુસ્તક મહોત્સવનું સૌથી મોટું વ્યક્તિત્વ છે.

# રાજસ્થાનના બાડમેરમાં દલિત યુવકને ઝાડ વડે બાંધી મારમાર્યો

(એજન્સી) તા.૧૪

રાજસ્થાનના બાડમેર જિલ્લામાં એક દલિત વ્યક્તિને ઝાડ સાથે ઊંધો બાંધીને માર મારવામાં આવ્યો હોવાનું પોલીસે શનિવારે જણાવ્યું હતું. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ઘટનાનો વીડિયો શનિવારે ઓનલાઈન સામે આવ્યો હતો, જેના પગલે કેસ નોંધવામાં આવ્યો હતો. ગુડામલાની પોલીસ સ્ટેશનના વડા મુક્તા પારીકએ જણાવ્યું હતું કે શુક્રવારે શ્રવણ મેઘવાલને ગામમાં ઝાડ સાથે ઊંધો બાંધીને માર મારવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીઓએ મેઘવાલ પર ચોરીમાં સામેલ હોવાનો આરોપ લગાવ્યો છે. આ મામલે પીડિતાએ ફરિયાદ નોંધાવી છે. તેમણે કહ્યું કે પાંચથી છ લોકો સામે કેસ નોંધવામાં આવ્યો છે અને વધુ તપાસ ચાલી રહી છે.





# એવા ક્રિકેટરો જે ધનવાનમાંથી ગરીબ બની ગયા ભારતની સર્વ પ્રથમ ટેસ્ટ મેચમાં જે ખેલાડી રમ્યો હતો તેના જીવનનો અંત ભિખારી તરીકે થયો


**ક્રિકેટથી દૂર થયા બાદ લુ વિન્સેટ મજૂરી કરી તો ક્રિસ કેર્ન્સે ડ્રાઈવરની નોકરી કર અને સફાઈકામ પણ કર્યું હોવાના અહેવાલ છે**

**ન્યુઝીલેન્ડના સફળ બેટ્સમેન રહી ચૂકેલા મૈથ્યુ સિંક્લેયરે સેલ્સપર્સન તો પાકિસ્તાનના અરશદખાન સિડનીમાં ટેક્સી ચલાવે છે**

ભારતીય દિગ્ગજ સચિન તેન્ડુલકર ફેરારીનો માલિક થનાર પ્રથમ ક્રિકેટર હતા. એમ.એસ.ધોની પાસે મોંઘી સુપરબાઈકોનો દુર્લભ સંગ્રહ છે. વિરાટ કોહલી વિશ્વમાં સૌથી વધારે કમાણી કરનારા એથ્લિટોમાંથી એક છે અને ક્રિસ ગેલ એક એવી હવેલીનો માલિક છે જે એક ફાઈવ સ્ટાર હોટલ જેવી છે. આજકાલ ક્રિકેટર આઈપીએલ અને બિગબેશ જેવી ફ્રેન્ચાઈઝી લીગની મદદથી કરોડપતિ બની રહ્યા છે. હવે આ રમત સાથે ઘણા બધા વ્યવસાય અને માર્કેટિંગ જોડાયેલું છે. જેણે આ રમતને વૈશ્વિક બનાવી દીધી છે અને એટલા માટે આમાં ઘણા બધા પૈસા સામેલ છે. હવે આ ગેરન્ટી છે કે એકવાર જયારે તમે ઈન્ટરનેશનલ ક્રિકેટ રમી લો છો તો તમારી પાસે એક મજબૂત નાણાકીય ભવિષ્ય હોવાની પૂરી સંભાવના છે. પણ જો આપણે થોડા વર્ષો પહેલાની વાત કરીએ તો આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ લેવાનો મતલબ એ ન હતો કે કોઈ પોતાની કારકિર્દી દરમ્યાન કરેલી કમાણીથી પોતાનું ગુજરાન ચલાવી શકે છે. આવામાં અમુક ઉદાહરણ છે જ્યાં અમુક ખેલાડી ખરાબ આદતોના કારણે ગરીબીમાં ધકેલાઈ ગયા.



**અંશુમન ગાયકવાડ :** પૂર્વ ભારતીય ક્રિકેટર અને મુખ્ય કોચ અંશુમન ગાયકવાડે ખેલાડી તરીકે સંન્યાસ લીધા બાદ વિભિન્ન ભૂમિકામાં દેશની સેવા કરી. અત્રે ઉલ્લેખનીય છે કે ગાયકવાડે ક્રમશઃ ૧૫ વન-ડે અને ૪૦ ટેસ્ટ મેચોમાં ટીમ ઈન્ડિયાનું પ્રતિનિધિત્વ કર્યું છે. આ ઉપરાંત તેમણે રાષ્ટ્રીય પસંદગીકાર તરીકે પણ કામ કર્યું. તે ૧૯૮૩ વિશ્વકપ જીતનારી ટીમનો હિસ્સો હતા. એટલા માટે વિભિન્ન ભૂમિકાઓમાં કામ કર્યા બાદ સંન્યાસ બાદ પણ નિયમિત નોકરી કરનાર પૂર્વ ક્રિકેટર માટે જીવન સારૂં લાગી રહ્યું હતું. જો કે સમય વિતવાની સાથે વસ્તુઓ વિચિત્ર થઈ ગઈ અને એક સમય એવો આવ્યો જ્યારે તેમને પોતાની સારવાર માટે પૈસાની તંગીનો સામનો કરવો પડ્યો. ગાયકવાડ બ્લડ કેન્સરથી પીડિત હતા. તેમનો સંઘર્ષ જોયા બાદ કપિલ દેવ અને સંદીપ પાટિલ જેવા તેમના પૂર્વ ક્રિકેટરોએ પણ બીસીસીઆઈને ક્રિકેટરની મદદ કરવા અનુરોધ કર્યો હતો. બીસીસીઆઈએ તેમની સારવાર માટે એક કરોડ રૂપિયાની જાહેરાત કરી પણ દુર્ભાગ્યથી ૩૧ જુલાઈ, ૨૦૨૪ના રોજ તેમનું નિધન થઈ ગયું.



**વિનોદ કામ્બલી :-** સચિન તેન્ડુલકરના પૂર્વ સાથી ખેલાડી વિનોદ કાંમ્બલીએ પોતાની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કારકિર્દીની શાનદાર શરૂઆત કરી હતી. જો કે સમયની સાથે સાથે તેમની કારકિર્દી જે શિખરે પહોંચી રહી હતી. અચાનક તે પડી ભાંગી કે તેમણે ભારતીય ટીમમાંથી પોતાનું સ્થાન ગુમાવી દીધું. પરિણામ સ્વરૂપ સમયની સાથે તે ઈન્ટરનેશનલ ક્ષેત્રોમાંથી પૂરી રીતે ગાયબ થઈ ગયો. હાલમાં જ એક વીડિયો વાયરલ થયો છે. જેમાં કામ્બલી હેલ્થ સમસ્યાઓ સામે ઝઝૂમતો દેખાઈ રહ્યો છે. પૂર્વ ક્રિકેટરો દ્વારા દૈનિક જીવનમાં પોતાની જરૂરિયાતો પૂરી ના કરી શકવાનો મામલો એકવાર ફરી ચર્ચામાં આવ્યો છે. વિનોદ કામ્બલીની સ્ટોરી ખૂબ જ ગરીબીની છે. કારણ કે તે બીસીસીઆઈના માસિક પેન્શન પર નિર્ભર છે. જે લગભગ ૩૦,૦૦૦ રૂપિયા માસિક છે. મુંબઈ જેવા મહાનગરમાં રહેવાના કારણે મોંઘવારી અને ખર્ચાઓના કારણે ભારતીય ક્રિકેટના એક સ્ટાર માટે જીવન નિર્વાહ મુશ્કેલ થઈ ગયો છે.



**અરશદખાન :-** પાકિસ્તાનના લાંબા કદના ઓફ સ્પિનર અરશદખાને ૧૯૯૭-૯૮માં વેસ્ટઈન્ડિઝ વિરૂદ્ધ ડેબ્યુ કર્યું હતું. તેણે ૨૦૦૬ સુધી પોતાના દેશ માટે નવ ટેસ્ટ અને ૫૮ વન-ડે મેચ રમી. એક રિપોર્ટ અનુસાર અરશદખાન હવે સિડનીમાં રહે છે. જ્યાં ટેકસી ચલાવે છે. જે પૂર્વ ક્રિકેટરની દયનીય હાલત દર્શાવે છે. પોતાના દેશ માટે રમ્યા બાદ કોઈપણ આશા કરે છે કે તે આર્થિક રૂપથી વધારે ધનવાન થઈ જશે. પણ પૂર્વ ક્રિકેટરોને પોતાની આજીવિકા ચલાવવા માટે વિદેશમાં આકરી મહેનત કરવી પડી રહી છે.



**એડમ હોલિયોક :-** ઓસ્ટ્રેલિયામાં જન્મેલા ઈંગ્લેન્ડના ક્રિકેટર એડમ હોલિયોકને શાનદાર ઓલરાઉન્ડર માનવામાં આવતો હતો તે બેન હોલિયોકનો મોટો ભાઈ છે. જેનું ૨૦૦૨માં એક કાર અકસ્માતમાં મોત થઈ ગયું હતું. એડમ છેલ્લીવાર ૨૦૦૭માં ઈન્ટરનેશનલ ક્રિકેટ રમ્યો હતો. તેણે ઓસ્ટ્રેલિયામાં પોતાના પારિવારિક બિઝનેસને આગળ વધાર્યો. ૨૦૦૮ના અંતમાં મંદી દરમ્યાન તેની કંપનીની નાણાકીય સ્થિતિ નબળી થઈ ગઈ અને ૨૦૧૧ સુધી તેને નાદાર જાહેર કરી દેવાઈ ત્યારબાદ હોલિયોકે પોતાની આજીવિકા ચલાવવા માટે મિક્સ્ડ માર્શલ આર્ટમાં ઝંપલાવ્યું. તે પોતાની માનસિક દૃઢતા માટે ઓળખાય છે. આ એક એવું ઉદાહરણ છે જ્યાં નસીબ તમને એક સ્થાનથી બીજા સ્થાને લઈ જઈ શકે છે. એક સફળ ક્રિકેટરથી લઈ નાદાર થવું અને પછી MMAમાં પ્રોફેશનલ બનવા સુધી એડમે ઘણું બધું સહન કર્યું છે અને તે બીજા માટે પ્રેરણાસ્ત્રોત છે.




**મૈથ્યુ સિંક્લેયર :-** મૈથ્યુ સિંક્લેયરને ન્યુઝીલેન્ડ માટે પોતાની પ્રથમ ટેસ્ટમાં બેવડી સદી ફટકારવા બદલ સૌથી વધારે યાદ કરવામાં આવે છે. જે એક અનોખી સિદ્ધિ છે. ચાર વર્ષની ઉંમરમાં પોતાના પિતાને ગુમાવ્યા બાદ પોતાની માતા સાથે ઓસ્ટ્રેલિયાથી ન્યુઝીલેન્ડ જતો રહ્યો. તેણે ૨૦૧૩માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ લીધો અને થોડા સમય માટે બેરોજગાર રહ્યો. નાણાકીય સંકટની તેના વિવાહિત જીવન પર પણ અસર થઈ. હાલમાં નેપિયરમાં એક રિયલ એસ્ટેટમાં સેલ્સપર્સન તરીકે કામ કરી રહ્યો છે અને જીવનનિર્વાહ માટે સંઘર્ષ કરી રહ્યો છે.



**ક્રિસ કેર્ન્સ:-** ક્રિસ કેર્ન્સને ક્યારેક સર રિચર્ડ હેડલી બાદ ન્યુઝીલેન્ડના સર્વશ્રેષ્ઠ ઓલરાઉન્ડર માનવામાં આવતા હતા. તેઓ મહિલાઓમાં ઘણા પ્રિય હતા. ૨૦૧૦માં ક્રિસ દુબઈમાં હીરા વેપારીના રૂપમાં કામ કરતા હતા. ૨૦૧૩માં તેમની સ્થિતિ ત્યારે બદલાઈ જયારે મેચ ફિક્સિંગનો આરોપ ફરી સામે આવ્યો. કાનૂની કાર્યવાહીનો ખર્ચ તેમના પારિવારિક જીવનને પ્રભાવિત કરવા લાગ્યો અને પરિણામ સ્વરૂપ તેમને પોતાની નાણાકીય જરૂરિયાતો પૂરી કરવા માટે ન્યુઝીલેન્ડમાં બસ શેલ્ટરમાં સફાઈ કરવાનું શરૂ કરી દીધું.

**જનાર્દન નેવિલ :-** આપણામાંથી ઘણા બધા જનાર્દન નેવિલને જાણતા નહીં હોય. તે ભારત માટે રમનાર પ્રથમ



ટેસ્ટ વિકેટ કીપર હતા. તેમણે ૧૯૩૨માં ઈંગ્લેન્ડ વિરૂદ્ધ લોર્ડ્સમાં રમાયેલી ટેસ્ટ મેચમાં વિકેટકિપીંગ કર્યું હતું. જે ભારતની પ્રથમ ટેસ્ટ મેચ હતી. અમુક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે તેમણે પોતાના અંતિમ દિવસ બોમ્બે-પુણે હાઈવે પર એક ભિખારીના રૂપમાં વિતાવ્યા હતા. જયારે અમુકનું કહેવું છે કે તે પોતાના અંતિમ દિવસોમાં પુણેની એક મિલમાં ચોકીદાર હતા. આ અફસોસની વાત છે કે એક વ્યક્તિ જેણે પોતાના દેશની પ્રથમ ટેસ્ટ મેચ રમી તે પોતાના નિધનના ઠીક પહેલા એક ભિખારી બની ગયા.

**લુ વિન્સેટ :-**

ન્યુઝીલેન્ડના પૂર્વ બેટ્સમેન લુ વિન્સેટે ૨૦૦૧થી ૨૦૦૭ દરમ્યાન ન્યુઝીલેન્ડ માટે ૨૩ ટેસ્ટ, ૧૦૨ વન-ડે અને નવ ટી-૨૦ મેચ રમી હતી. ક્રિકેટમાંથી દૂર થયા બાદ લુ વિન્સેટનો ગુજરાન ચલાવવા માટે મજૂરી કરવી પડી હતી.

**ગુજરાત ટુડે**
**ટચુકડી જાહેર ખબર**

**વેચવાનું છે**

**2 BHK ફ્લેટ વેચવાનો છે**
હયાત રેસિડેન્સી TP 85
સરખેજ, લે-વેચ માટે મળો
9106087987

**દુકાન વેચવાની છે**
ટ્યુટોરિયલ માર્કેટની
સામે, ત્રણ દરવાજા
9898000474

**લગ્ન વિષયક**

**નિકાહ નેટવર્ક્સ**
**મુસ્લિમ મેરેજ બ્યુરો**
લોકલ તથા NRI
એજ્યુકેટેડ
અનએજ્યુકેટેડ રિશ્તા
માટે સંપર્ક કરો
9825215334
9904969895

# છત્તીસગઢ : મંત્રી લાલખનલાલ દેવાંગને ૫૦૦ કરોડ રૂપિયાના ફ્લોરા મેક્સ કૌભાંડના પીડિતોને ધમકી આપી; કોંગ્રેસે આરોપ લગાવ્યો કે, ભાજપ મહિલાઓનું અપમાન કરી રહ્યો છે

(એજન્સી) તા.૧૪

છત્તીસગઢ સરકારના શ્રમ મંત્રી લખનલાલ દેવાંગનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વાયરલ વીડિયોમાં મંત્રી વિરોધ કરી રહેલી મહિલાઓને કહી રહ્યા છે કે જો તમે ખૂબ જ ઘમંડી રહેશો, તો તે તમને બહાર કાઢી મૂકશે. હવે આ મામલે રાજકારણ તેજ થઈ ગયું છે. ખરેખર, આ ઘટના રવિવારે બની હતી. કૃષિ મંત્રી રામવિચાર નેતામ અને શ્રમ મંત્રી લખનલાલ દેવાંગન એક કાર્યક્રમમાં હાજરી આપવા માટે કોરબા જિલ્લાના પ્રવાસે હતા. ફ્લોરા મેક્સ કંપનીના પીડિતોએ બંને મંત્રીઓના કાફલાને રોકી દીધો હતો. વિરોધ કરી રહેલી મહિલાઓની માંગ હતી કે બેંકમાંથી લીધેલું તેમનું દેવું માફ કરવામાં આવે. આ દરમિયાન મંત્રી લખનલાલ દેવાંગને પીડિત મહિલાઓને ધમકી આપી. ભીડમાં હાજર કોઈ વ્યક્તિએ મંત્રીને ધમકી આપતાનો વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર વાયરલ કરી દીધો. કોંગ્રેસે આ મામલે ભાજપ પર પ્રહારો કર્યા છે. મહિલાઓએ મંત્રી પાસે લોન માફીની માંગણી કરી હતી. જે બાદ મંત્રી લખન લાલ દેવાંગને કહ્યું-હું શાંતિથી વાત કરી રહ્યો



છું. સરકારી વહીવટ આ બાબતમાં સહયોગ કરી રહ્યો છે. જો તું વધારે પડતો ઘમંડી રહીશ, તો હું તને કાઢી મૂકીશ. જોકે, મંત્રી રામવિચાર નેતામના સમજાવટ પછી મહિલાઓએ મંત્રીઓને જવા દીધા. રામવિચાર નેતામે કહ્યું કે લોન લેતા પહેલા તમારે કંપની વિશે માહિતી મેળવી લેવી જોઈએ. સરકાર આ મામલાની તપાસ કરી રહી છે અને દોષિતોને સજા કરવામાં આવશે.

# તાલિબાન દ્વારા અપહરણ કરાયેલા પરમાણુ એજન્સીના કર્મચારીઓને મુક્ત કરાવવા માટે પાકિસ્તાનમાં સમયની અછતથી દોડધામ મચી

(એજન્સી) તા.૧૪

તાજેતરના મહિનાઓમાં પાકિસ્તાન આતંકવાદી પ્રવૃત્તિઓમાં વધારો ખાસ કરીને તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) જૂથ અને અફઘાનિસ્તાનની સરહદે આવેલા તેના પ્રાંતોમાં અન્ય આતંકવાદી પ્રવૃત્તિઓનો સામનો કરી રહ્યું છે. ગયા ગુરૂવારે, ખૈબર પખ્તુનખ્વામાં પાકિસ્તાન પરમાણુ ઉર્જા આયોગ (PAEC)ના ૧૬ નાગરિક કર્મચારીઓનું અપહરણ કરવામાં આવ્યું હતું. અહેવાલો અનુસાર, પાકિસ્તાની અધિકારીઓ દ્વારા આઠ બંધકોને બહાર કાઢવામાં આવ્યા છે, જેમાં ત્રણ ગંભીર રીતે ઘાયલ વ્યક્તિઓનો સમાવેશ થાય છે જેમને સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, પરંતુ PAECના આઠ કર્મચારીઓ અને ખાનગી બસ ડ્રાઈવરને હજુ પણ બંધક બનાવવામાં આવ્યા છે. આ ઘટના ત્યારે બની જ્યારે ૧૬ PAEC કર્મચારીઓને લઈને બસ કાબુલ ખેલ સ્થિત યુરેનિયમ ખાણ તરફ જઈ રહી હતી. પાકિસ્તાનમાં દાખલ કરાયેલા અને સ્થાનિક મીડિયા દ્વારા અહેવાલ કરાયેલા ફર્સ્ટ ઈન્ફર્મેશન રિપોર્ટ (FIR) અનુસાર, 'અજાણ્યા બદમાશો'એ બસને આગ લગાવતા પહેલા સ્ટાફ અને બસ



ડ્રાઈવરને બંધક બનાવ્યા હતા. ૧૬ PAEC કર્મચારીઓના અપહરણ બાદ પાકિસ્તાની અધિકારીઓએ તાત્કાલિક તેમની મુક્તિ માટે પ્રયાસો શરૂ કર્યા. અધિકારીઓએ દાવો કર્યો હતો કે તેમણે આઠ કર્મચારીઓને બચાવી લીધા છે. જોકે, ટીટીપીએ આ દાવાઓને નકારી કાઢ્યા હતા અને કહ્યું હતું કે આઠ કર્મચારીઓને માનવતાના ધોરણે મુક્ત કરવામાં આવ્યા હતા.

# સુપ્રીમ કોર્ટે CBI અને રાજ્ય પોલીસ વચ્ચેના વિવાદને રોકવામાં મદદ કરવી જોઈએ, સંઘવાદને નબળો ન પાડવો જોઈએ

## તેલંગાણાની સંમતિ વિના બે કેન્દ્ર સરકારના કર્મચારીઓ સામે CBI દ્વારા દાખલ કરાયેલી FIR રદ કરવાના આંધ્રપ્રદેશ હાઈકોર્ટના ચુકાદાને રદ કરતી વખતે સુપ્રીમ કોર્ટ એ હકીકત ચૂકી ગઈ છે કે, રાજ્ય પોલીસ અસ્તિત્વમાં છે

(એજન્સી) તા.૧૪

શું રાજ્યમાં પોસ્ટ કરાયેલા કેન્દ્ર સરકારના કર્મચારી દ્વારા કેન્દ્રીય કાયદા હેઠળ કરવામાં આવેલા ગુનાની તપાસ રાજ્યની સંમતિ વિના સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન દ્વારા કરી શકાય છે ? ૨ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સુપ્રીમ કોર્ટે આ મુદ્દા પર ચુકાદો આપ્યો, જેમાં આંધ્રપ્રદેશ હાઈકોર્ટના ૧૩ એપ્રિલ, ૨૦૨૩ના ચુકાદાને રદ કરવામાં આવ્યો; સુપ્રીમ કોર્ટે રાજ્યની સંમતિ વિના સીબીઆઈની સત્તા અને અધિકારક્ષેત્રને સમર્થન આપ્યું અને બે કેન્દ્ર સરકારના કર્મચારીઓ સામે ટ્રાયલ ચાલુ રાખવાનો નિર્દેશ આપ્યો છે. દિલ્હી સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ સીબીઆઈ રાજ્યની પૂર્વ સંમતિ વિના કોઈપણ રાજ્યના પ્રાદેશિક અધિકારક્ષેત્રમાં થયેલા કોઈપણ ગુનાની તપાસ કરવા માટે સત્તા અથવા અધિકારક્ષેત્રનો ઉપયોગ કરી શકતું નથી. આ દિલ્હી સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, ૧૯૪૬ (ડીએસપીઈએ)ની કલમ ૬ હેઠળ ફરજિયાત છે. આ પ્રતિબંધ સીબીઆઈ પર મૂકવામાં આવ્યો છે કારણ કે, પોલીસ એ રાજ્યનો વિષય છે. દરેક રાજ્યનું પોતાનું પોલીસ દળ હોય છે; તેથી બે અલગ-અલગ પોલીસ દળોને સમાંતર અધિકારક્ષેત્રનો ઉપયોગ કરવાની મંજૂરી આપી શકાતી નથી, સિવાય કે રાજ્ય સંમતિ આપે છે. જો કોઈ રાજ્ય સંમતિ આપે તો પણ ડીએસપીઈએની યોજના રાજ્ય પોલીસને તેની સત્તા અને અધિકારક્ષેત્રથી વંચિત કરતી નથી; સુપ્રીમ કોર્ટની ત્રણ ન્યાયાધીશોની બેન્ચે એ.સી. શર્મા વિરુદ્ધ દિલ્હી વહીવટ (૧૯૭૩) ૧ એસસીસી ૭૨૬ના કેસમાં આ ચુકાદો આપ્યો હતો. એ પણ સ્પષ્ટ છે કે, રાજ્યમાં થયેલા ગુનાના સંદર્ભમાં તપાસ કરવાનો કેન્દ્ર સરકારનો અધિકારક્ષેત્ર બાકાત રાખવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટની ત્રણ ન્યાયાધીશોની બેન્ચે ચુકાદો આપ્યો છે કે, ભારતના બંધારણની ૭મી અનુસૂચિની યાદી II સાથે કલમ ૨૪૬(૩) બંધારણના મૂળભૂત માળખાનો એક ભાગ છે, એટલે કે તેનું અર્ધ-સંઘીય પાત્ર છે. કલમ ૨૪૬(૩) કોઈપણ રાજ્યની વિધાનસભાને સાતમી અનુસૂચિ (રાજ્ય સૂચિ)માં યાદી IIમાં દર્શાવેલ કોઈપણ બાબતોના સંદર્ભમાં રાજ્ય અથવા તેના કોઈપણ ભાગ માટે કાયદા બનાવવાની વિશિષ્ટ સત્તા આપે છે. રાજ્યના પ્રદેશમાં થયેલા ગુનાની તપાસ કરવા માટે સત્તા/ક્ષેત્રનું સંપૂર્ણ ક્ષેત્ર ફક્ત સંબંધિત રાજ્યના પોલીસ દળ દ્વારા કરવામાં આવે છે. કલમ ૨૪૬(૩) આ મુજબ નિર્ધારિત કરે છે : કોઈપણ રાજ્યના વિધાનસભાને યાદી IIમાં દર્શાવેલ કોઈપણ બાબતોના સંદર્ભમાં આવા રાજ્ય અથવા તેના કોઈપણ ભાગ માટે કાયદા બનાવવાની વિશિષ્ટ સત્તા છે. નોંધપાત્ર રીતે રાજ્યની કારોબારી સત્તા કલમ ૧૬૨ની દૃષ્ટિએ તેની કાયદાકીય સત્તા સુધી વિસ્તરે છે. ૭મી અનુસૂચિની યાદી II 'રાજ્ય યાદી' શબ્દોનો ઉપયોગ કરે છે. 'રાજ્ય' શબ્દ અયોગ્ય છે અને તેનો અર્થ સમગ્ર રાજ્ય છે. રાજ્યના સમગ્ર પ્રદેશમાં રાજ્ય પોલીસ દળને કોઈપણ ગુનો રાજ્યના પ્રદેશની અંદર આચરવામાં આવ્યો હોય તો તેની તપાસ કરવાનો વિશિષ્ટ અધિકારક્ષેત્ર છે. આ બંધારણીય સ્થિતિ સ્પષ્ટ છે અને તેમાં કોઈ અસ્પષ્ટતા નથી. તેના પ્રદેશમાં રાજ્યનું પોલીસ દળ સર્વોચ્ચ છે. પ્રથમ વખત, ૧૯ નવેમ્બર, ૧૯૪૬ના રોજ બ્રિટિશ સંસદે કેન્દ્ર સરકારને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આચરવામાં આવેલા કેટલાક ચોક્કસ ગુનાઓની તપાસ કરવા માટે દિલ્હી



સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ (૧ એપ્રિલ, ૧૯૬૩ના રોજ CBI તરીકે નામ આપવામાં આવ્યું) નામની એક ખાસ પોલીસ દળની રચના કરવાની મંજૂરી આપી હતી. આમ પોલીસ અધિનિયમ, ૧૮૬૧ હોવા છતાં DSPE અધિનિયમ, ૧૯૪૬ લાગુ કરવામાં આવ્યો. આ પોલીસ અને CBI વચ્ચે વિવાદનો પ્રારંભિક બિંદુ હતો. આ સંઘીય માળખાના નબળા પડવાની શરૂઆત પણ હતી. અલબત્ત આ અંગ્રેજોનો પોતાનો એજન્ડા હતો.

૧૮ જુલાઈ, ૧૯૪૭ના રોજ ભારતીય સ્વતંત્રતા અધિનિયમ ૧૯૪૭ અને તેની કલમ ૧૮(૩) અને ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ બંધારણના અમલીકરણ અને તેની કલમ ૩૭૨ સાથે, ૧૯૫૦માં ભારત સાર્વભૌમ લોકશાહી પ્રજાસત્તાક બન્યા પછી પણ DSPE અધિનિયમ ૧૯૪૬ કાર્યરત રહ્યો હતો. ૧૮૬૧થી પોલીસ રાજ્યનો વિષય છે. આ બંધારણીય જોગવાઈઓ અને કાયદાથી અર્થઘટન કરી શકાય કે જો કેન્દ્ર સરકારનો કર્મચારી રાજ્યમાં પોસ્ટેડ હોય ત્યારે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ હેઠળ રાજ્યની અંદર ગુનો કરે છે, તો CBI રાજ્યની સંમતિ વિના આવા ગુનાની તપાસ કરી શકે છે. આ અર્થઘટન ભૂલભરેલું છે. દુર્ભાગ્યપૂર્ણ વાત એ છે કે, આ મુદ્દો ૨ જૂન, ૨૦૧૪થી આંધ્રપ્રદેશ રાજ્યના વિભાજનને કારણે ઊભો થયો. જો આંધ્રપ્રદેશ હાઈકોર્ટે ૧૩ એપ્રિલ, ૨૦૨૩ના રોજ (સીબીઆઈ દ્વારા નોંધાયેલ) બે એફઆઈઆર સીબીઆઈના અધિકારક્ષેત્રના અભાવે રદ કરી દીધી હોય, તો તેનો અર્થ એ નથી કે બે કર્મચારીઓ સામે રાજ્ય પોલીસ કાર્યવાહી કરી શકશે નહીં. નવી એફઆઈઆર હંમેશા યોગ્ય અધિકારક્ષેત્ર, આંધ્રપ્રદેશ અથવા તેલંગાણાની રાજ્ય પોલીસ દ્વારા દાખલ કરી શકાય છે. જો આંધ્રપ્રદેશ રાજ્યમાં કોઈ ગુનો થયો હોય, તો તેલંગાણા રાજ્યમાં સીબીઆઈ દ્વારા એફઆઈઆર નોંધી શકાતી નથી અને તે પણ તેલંગાણા રાજ્યની સંમતિ વિના નહીં. આંધ્રપ્રદેશ હાઈકોર્ટે ખૂબ જ આદર સાથે આ મુદ્દાનો યોગ્ય રીતે નિર્ણય લીધો છે. સુપ્રીમ કોર્ટ એ વાત ચૂકી ગઈ છે કે, રાજ્ય પોલીસ અસ્તિત્વમાં છે. જો કાયદો સીબીઆઈને રાજ્યમાં અધિકારક્ષેત્રના અભાવે એફઆઈઆર નોંધવાથી અક્ષમ કરે છે તો અંધેર અથવા શૂન્યાવકાશનો કોઈ પ્રશ્ન જ નથી. આ લેખમાં જે દલીલ કરવામાં આવી છે તે બંધારણીય રીતે આ બે ચુકાદાઓ પર સમાન રીતે લાગુ પડે છે. સતીશકુમારના ચુકાદાએ સંઘીયતાને નબળી કરી દીધી છે. સીબીઆઈ અને રાજ્ય પોલીસ વચ્ચેનો આ વિવાદ દૂર થવાનો અને બંધારણના સંઘીય માળખાને સર્વોચ્ચ સ્થાન આપવાનો સમય આવી ગયો છે. ભારતના બંધારણનું મૂળભૂત માળખું સંઘવાદનું રક્ષણ કરવું જોઈએ.

# ઉચ્ચ સંસ્થાઓ માટે UGCની નવી રેટિંગ સિસ્ટમ NDA સિવાયના રાજ્યો સાથે કેવી રીતે સંઘર્ષનું કારણ બની

(એજન્સી) તા.૧૪

ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ (HEIs)ને મળતા વિશેષાધિકારો અને સ્વાયત્તતા લાભો પ્રસ્તાવિત મૂલ્યાંકન પ્રણાલી હેઠળ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)ના અમલીકરણ પર આધાર રાખે તેવી શક્યતા છે, જે એક પગલું છે જે કેટલાક રાજ્યોમાંથી વિરોધને ઉત્તેજિત કરી શકે છે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC)ના આ પ્રસ્તાવથી કેન્દ્ર અને તમિલનાડુ અને કર્ણાટક જેવા વિપક્ષ શાસિત રાજ્યો વચ્ચે નવા તણાવ પેદા થઈ શકે છે, જેમણે NEPનો સંપૂર્ણ અથવા તેના કેટલાક પાસાઓનો વિરોધ કર્યો છે. ગયા અઠવાડિયે એક સૂચનામાં કમિશને માહિતી આપી હતી કે તેણે 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના અમલીકરણના આધારે HEIનું મૂલ્યાંકન કરવા માટે એક સિસ્ટમ વિકસાવવાનો નિર્ણય લીધો છે'. યુજીસીએ વધુમાં સ્પષ્ટતા કરી હતી કે તેના હાલના નિયમોમાં, 'એનએએસી માન્યતામાં મેળવેલા ગ્રેડ/સ્કોર્સને ચોક્કસ વિશેષાધિકારો/હકદારી માટે HEIને પાત્ર બનાવવા માટેના માપદંડ તરીકે લેવામાં આવે છે,' અને હવે NEP અમલીકરણ વિવિધ માટે HEIને પણ ધ્યાનમાં લઈ રહ્યું છે. લાભ અને પાત્રતા નક્કી કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. 'ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ દ્વારા NEP ૨૦૨૦ના અમલીકરણમાં થયેલી પ્રગતિને UGCના વિવિધ નિયમો હેઠળ



વિશેષાધિકારો અને અધિકારો આપતી વખતે ધ્યાનમાં લેવામાં આવશે,' સૂચનામાં જણાવાયું છે. આ લાભો પહોંચાડવામાં નીતિનો સફળ સ્વીકાર એક પરિબળ બનશે તે વાત પર ભાર મૂકવામાં આવે છે. પ્રસ્તાવિત માપદંડો પર હિસ્સેદારો પાસેથી સૂચનો આમંત્રિત કરીને, UGCએ સંસ્થાઓ દ્વારા NEPનું પાલન મૂલ્યાંકન કરવા માટે બે-તબક્કાની મૂલ્યાંકન પ્રક્રિયાનો પણ પ્રસ્તાવ મૂક્યો છે, જેમાં ગુણ ફાળવવા માટે ચોક્કસ પરિમાણોનો ઉપયોગ કરવામાં આવશે.

# આતંકવાદ વિરોધી ઓપરેશન માટે ઈમરજન્સી ખરીદીને મંજૂરી જમ્મુ-કાશ્મીરમાં ૮૦ ટકા આતંકવાદીઓ પાકિસ્તાની : સેના પ્રમુખ

(એજન્સી) તા.૧૪

ભારતીય સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ સોમવારે કહ્યું હતું કે જમ્મુ-કાશ્મીરમાં માર્યા ગયેલા ૬૦ ટકા આતંકવાદીઓ પાકિસ્તાની નાગરિક હતા. ઉત્તરીય સરહદોમાં સુરક્ષા મુદ્દાઓ વિશે મીડિયાને માહિતી આપતાં આર્મી ચીફે કહ્યું કે પરિસ્થિતિ "સંવેદનશીલ" પરંતુ સ્થિર છે. આતંકવાદ વિરૂદ્ધ કાર્યવાહી કરવા માટે હથિયારોની ઈમર્જન્સી ખરીદીને મંજૂરી આપી દેવામાં આવી છે. દ્વિવેદીએ એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, "હું પહેલા સુરક્ષા મુદ્દાઓ વિશે વાત કરીશ અને ઉત્તરીય સરહદોથી શરૂઆત કરીશ, કારણ કે તમે જાણો છો કે પરિસ્થિતિ સંવેદનશીલ છે પરંતુ સ્થિર છે." એવા સમયે જ્યારે આતંકવાદ તરફ આગળ વધવાના પ્રયાસો થઈ રહ્યા છે ત્યારે તેમણે કહ્યું કે જમ્મુ-કાશ્મીરમાં સક્રિય ૮૦ ટકા આતંકવાદીઓ પણ પાકિસ્તાનના છે. જનરલ દ્વિવેદીએ કહ્યું, "જમ્મુ-કાશ્મીરમાં માર્યા ગયેલા ૬૦ ટકા આતંકવાદીઓ પાકિસ્તાની છે. "રાજ્યમાં કાર્યરત ૮૦ ટકા આતંકવાદીઓ પણ પાકિસ્તાની છે, એવા સમયે જ્યારે આપણે આતંકવાદમાંથી પર્યટન તરફ આગળ વધી રહ્યા છીએ." આર્મી ચીફે કહ્યું કે પૂર્વી લદ્દાખના ડેપસાંગ અને ડેમચોક વિસ્તારોની સ્થિતિ ઉકેલાઈ ગઈ છે. તેમણે કહ્યું કે તમામ સહ-કમાન્ડરોને પેટ્રોલિંગ અને ચરાઈના સંદર્ભમાં જમીન સ્તરે આ મુદ્દાઓને હેન્ડલ કરવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે પૂર્વીય લદ્દાખમાં ડેપસાંગ અને ડેમચોકની સ્થિતિ ઓક્ટોબરમાં ઉકેલાઈ ગઈ હતી, આ બે પેટા પ્રદેશોમાં પરંપરાગત



વિસ્તારોમાં પેટ્રોલિંગ શરૂ કરવામાં આવ્યું છે. એ જ રીતે આ બંને વિસ્તારોમાં પરંપરાગત ચરાઈ પણ શરૂ થઈ ગઈ છે. મેં મારા તમામ સહ-કમાન્ડરોને પેટ્રોલિંગ અને ચરાઈના સંદર્ભમાં જમીન સ્તરે આ મુદ્દાઓને હેન્ડલ કરવા માટે અધિકૃત કર્યા છે જેથી આ નાના મુદ્દાઓ લશ્કરી સ્તરે જ ઉકેલી શકાય. LAC પર અમારી જમાવટ સંતુલિત અને મજબૂત છે. અમે કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છીએ. ઉત્તરીય સરહદો માટે ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતાના વિકાસથી યુદ્ધ-લડાઈ પ્રણાલીમાં વિશિષ્ટ તકનીકનો સમાવેશ કરવામાં સક્ષમ બન્યો. તેમણે રાષ્ટ્ર નિર્માણ અને રાષ્ટ્રીય સુરક્ષામાં સમૂહ માધ્યમો અને સુરક્ષા દળો વચ્ચે સંકલનની ભૂમિકા પર ભાર મૂક્યો હતો.

# દિલ્હીનાં મુખ્યમંત્રી આતિશી સામે રાજકીય હેતુ માટે સરકારી વાહનનો ઉપયોગ કરવા બદલ FIR દાખલ

(એજન્સી) તા.૧૪

દિલ્હીમાં ચૂંટણીના કારણે રાજકીય તાપમાન ગરમાયેલું છે. આ દરમિયાન મુખ્યમંત્રી આતિશી પર આચાર સંહિતાના ઉલ્લંઘનમાં FIR નોંધાઈ છે. આચારસંહિતાના આરોપમાં રિટર્નિંગ ઓફિસરે મુખ્યમંત્રી આતિશી સામે FIR દાખલ કરી છે. આ સાથે જ આતિશી પર એવો પણ આરોપ લગાવવામાં આવી રહ્યો છે કે, તેઓએ ખાનગી કાર્યાલય માટે સરકારી વાહનનો ઉપયોગ કર્યો. આતિશી સામે દાખલ કરાયેલી ફરિયાદમાં કહેવામાં આવ્યું કે, ચૂંટણીની જાહેરાત બાદ ૭ જાન્યુઆરીએ આશરે ૨:૩૦ વાગ્યે PWDનું સરકારી વાહન, ખાનગી ચૂંટણી કાર્યાલય પર પાર્ટીના ચૂંટણી સાથે જોડાયેલા કામ માટે ઉપયોગમાં લેવાયું હતું. આતિશીની વિધાનસભા બેઠક કાલકાજીના રહેવાસી કે.એસ દુગ્ગલે ગોવિંદપુરી SHOને પણ ફરિયાદ કરી છે. કાલકાજીથી ધારાસભ્ય આતિશીને આ હાઈ-પ્રોફાઈલ બેઠક માટે ફરીથી ટિકિટ આપવામાં આવી છે. વળી ભાજપે પણ પૂર્વ સાંસદ રમેશ બિધૂડીને કાલકાજીથી મેદાને ઉતાર્યા છે. નોંધનીય છે કે, દિલ્હીની ૭૦ વિધાનસભા બેઠકો પર એક તબક્કામાં ૫ જાન્યુઆરીએ મતદાન થશે અને ૮ જાન્યુઆરીએ પરિણામ આવશે. સત્તાધારી આમ આદમી પાર્ટીએ ૨૦૧૫માં ૬૭ બેઠક અને ૨૦૨૦ની ચૂંટણીમાં



૬૨ બેઠકો સાથે જીત હાંસલ કરી હતી. આ વખતે પણ કેજરીવાલે રાજધાનીમાં હેટ્રિક બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે. ચૂંટણીપંચ અનુસાર, દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આ વખતે કુલ ૧.૫૫ કરોડથી વધારે મતદાતા છે. જેમાં પુરૂષ મતદાતાઓની સંખ્યા ૮૩,૪૯,૬૪૫ અને ૭૧,૭૩,૯૫૨ મહિલા મતદાતાઓ છે. વળી થર્ડ જેન્ડરની વાત કરીએ તો તેમની સંખ્યા ૧૨૬૧ છે.

# ૩૫૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ૧૬,૦૦૦ ગેલન પાણી : અમેરિકી અગ્નિશામકમાં સુપર સ્કૂપર્સની કમાલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૪

દક્ષિણ કેલિફોર્નિયામાં જંગલની આગના કારણે વિનાશ થયો છે, જેના કારણે લોકો જીવ ગુમાવી રહ્યા છે અને ઘરો બળીને ખાખ થઈ ગયા છે, ત્યારે કેનેડાના ઉભયજીવી વિમાન, જેને સુપર સ્કૂપર્સ તરીકે ઓળખવામાં આવે છે, બચાવમાં આવ્યા છે. ખાસ કરીને જંગલની આગને બુઝાવવા માટે રચાયેલ, CL-૪૧૫ વિમાન પાણી સ્કૂપ કરી શકે છે, જરૂર પડ્યે તેને ફીણ સાથે ભેળવી શકે છે અને પછી તેને આગ પર છંટકાવ કરી શકે છે. ધ વોશિંગ્ટન પોસ્ટના એક અહેવાલમાં સમજાવવામાં આવ્યું છે કે, સુપર સ્કૂપર્સ ડોલ અને એર ટેન્કરથી સજ્જ હેલિકોપ્ટર કરતાં વધુ અસરકારક અગ્નિશામક ઉકેલ છે. આ વિમાન એક જ સમયે ૧,૬૦૦ ગેલન પાણી એકત્રિત કરી શકે છે, જે આગને બુઝાવવા માટે ડોલનો ઉપયોગ કરતા હેલિકોપ્ટર કરતા ઘણું વધારે છે. ઉપરાંત, એર ટેન્કરથી વિપરીત, સુપર સ્કૂપર્સ પાણી એકત્રિત કરવા માટે ઉતરાણ કરવાની જરૂર નથી. તેઓ ૧૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે નજીકના કોઈપણ જળસ્ત્રોતની સપાટીને સ્કિમ કરી શકે છે, પાણીના ભંડારને ફરી ભરી શકે છે અને તેમની અગ્નિશામક લડાઈ ફરી શરૂ કરી શકે છે. સુપર સ્કૂપરની પાંખો ૯૩ ફૂટ અને લંબાઈ ૬૫ ફૂટ છે. તેમાં એક સિસ્ટમ છે જેના દ્વારા પાણીને વધુ અસરકારક અગ્નિશામક માટે ફોમ કોન્સન્ટ્રેટ સાથે ભેળવી શકાય છે. જ્યારે તેને તેની પાણીની ટાંકી ભરવાની જરૂર હોય છે, ત્યારે પાઈલટ જળાશયની સપાટીને સ્કિમ કરવા માટે વિમાન ઉડાવે છે. પ્રોબ દ્વારા ટાંકીમાં પાણી સ્કૂપ કરવામાં આવે છે અને ટાંકી ભરાઈ જવા માટે લગભગ ૧૨ સેકન્ડ લાગે છે. વૈકલ્પિક રીતે, સુપર સ્કૂપર પાણીની ટાંકી નળીઓનો ઉપયોગ કરીને ભરી શકાય છે. એકવાર ભરાઈ ગયા પછી, વિમાન ૩૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે અસરગ્રસ્ત વિસ્તારમાં ઉડી શકે છે. પોસ્ટ રિપોર્ટ કહે છે કે,પાઈલટ એક જ વારમાં પાણી ઉતારી શકે છે અથવા વિશાળ વિસ્તારમાં પાણી રેડવા માટે ક્રમિક રીતે ચાર દરવાજાનો ઉપયોગ કરી શકે છે.



**સુપર સ્કૂપર્સ યુએસ વાઈલ્ડફાયર સામે લડે છે**

લોસ એન્જલસમાં કાઉન્ટી ફાયર ડિપાર્ટમેન્ટે ક્વિબેક સરકાર પાસેથી ૩૦ વર્ષના લીઝ પર બે સુપર સ્કૂપર્સ ઉધાર લીધા છે. આમાંથી, અગ્નિશામક કામગીરી દરમિયાન ગેરકાયદેસર ડ્રોન સાથે અથડાયા બાદ હાલમાં ફક્ત એક જ કાર્યરત છે. AFPના અહેવાલમાં જણાવાયું છે કે, આ અસરથી વિમાનમાં મુઠ્ઠીના કદનું સ્થાન બાકી છે. લોસ એન્જલસના કન્ટ્રી ફાયર ચીફ એન્થોની મેરોને પત્રકારોને જણાવ્યું હતું કે,પાઈલટ્સને ટક્કર વિશે ખબર નહોતી અને તેઓ સુરક્ષિત રીતે ઉતરાણ કરી રહ્યા હતા. વિમાન ગ્રાઉન્ડેડ હતું અને સમારકામ પછી કામ પર પાછા આવી શકે છે. ક્વિબેક સરકાર સાથે મળીને સુપર સ્કૂપર્સ પૂરા પાડતી કેનેડિયન બિનનફાકારક સંસ્થા SOPFEUએ કહ્યું છે કે,તે લોસ એન્જલસને બે વધારાના CL-૪૫૧ પૂરા પાડશે. જંગલ આગને કારણે ઓછામાં ઓછા ૨૪ લોકો મૃત્યુ પામ્યા છે, ૧૨,૦૦૦થી વધુ માળખાં નાશ પામ્યા છે અને એક લાખથી વધુ લોકો વિસ્થાપિત થયા છે. અસરગ્રસ્તોમાં હોલીવુડની કેટલીક ટોચની હસ્તીઓનો પણ સમાવેશ થાય છે. આર્થિક નુકસાનનો અંદાજ આશરે ૧૫૦ અબજ ડોલર છે.

### લોકોએ ભવ્ય ઉત્સાહ સાથે ઉત્તરાયણનો પર્વ ઉજવ્યો

# અમદાવાદ સહિત મોટા નગરોમાં ઉત્તરાયણની સાંજે ફટાકડા-ભવ્ય આતશબાજીએ સર્જયો દિવાળીનો માહોલ

## ગુજરાતીઓએ વિવિધ ગીતો પર ગરબે ઘૂમ્યા તો ફિલ્મી સોન્ગ પર ઠુમકા પણ લગાવ્યા

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૪

આજે ૧૪ જાન્યુઆરીના રોજ ગુજરાતનું આકાશ દિવસ દરમિયાન રંગબેરંગી પતંગોથી કલરફુલ બન્યું હતું, ત્યારે સમી સાંજે ગુજરાતીઓએ ફટાકડા ફોડી દિવાળી જેવો માહોલ ઉભો કર્યો હતો. અંધારૂ થતાની સાથે જ ભવ્ય આતશબાજીથી આકાશ ઝગમગી ઉઠ્યું હતું. તો બીજી તરફ વિવિધ ગીતો પર લોકો ગરબે ગૂમ્યા હતા તો 'બાલમ પિચકારી', જમાલ કુડૂ જેવા સોન્ગ પર ઠુમકા કરતા પણ જોવા મળ્યા હતા.

અમદાવાદના પૂર્વમાં ઉત્તરાયણની સાંજે મન મૂકીને ગરબે ઘૂમતા જોવા મળ્યા હતા. અમદાવાદના આકાશમાં રંગેબેરંગી પતંગો સાથે ફટાકડા ફોડીને શહેરીજનોએ આતશબાજી સાથે મકરસંક્રાંતિની રંગબેરંગી ભવ્ય ઉજવણી સાથે ઉત્તરાયણના પર્વનું સમાપન પણ દિવાળીના માહોલ ઉભો કરી અને 'કાઈપો છે' અને લપેટ લપેટની બૂમાબૂમ કરી હર્યું હતું. આ ઉજવણી રાત સુધી ચાલુ રહી હતી. તે બાદ રાત્રે લોકો વિવિધ હોટલ-રેસ્ટોરન્ટ સહિતના ખાણી-પીણીના બજારોમાં પહોંચી ગયા હતા. જેને લઈને ભારે ભીડ જોવા મળી હતી. સુરતના આકાશમાં રંગબેરંગી પતંગો ફંગોળાતા નજરે પડ્યા હતા. આ સાથે જ મકાનની છત પર પતંગ ચગાવવાની મોજ માણતા નજરે પડ્યા હતા. 'ઉડી ઉડી જાય', 'કાઈપો છે' અને 'બાલમ પિચકારી' જેવા સોન્ગ પર યુવા-યુવતીઓએ ડાન્સ કરતા જોવા મળ્યા હતા. જ્યાં એક તરફ કટ્ટા અને લપેટના નાદ સાથે પતંગબાજીનો જોર હતું ત્યાં બીજી તરફ બોલિવૂડ સોન્ગ પર થતાં ડાન્સે ચારચાંદ લગાવી દીધા હતા.



### વિવિધ મહાનુભાવોએ પોતાના પરિવાર તથા સહયોગી કાર્યકરો સાથે ઉત્તરાયણ મનાવી

ઉત્તરાયણની ઢળતી સાંજે લોકો ધાબા પર જોવા મળ્યા હતા. મોટી સંખ્યામાં લોકો ધાબા પર ચઢીને પતંગ ચગાવવાની મજા માળવા સાથે ફટાકડો ફૂટી આતશબાજી કરી ભવ્ય ઉજવણી કરતા જોવા મળ્યા હતા. રાજકોટ જિલ્લાના જામકંડોરણા ખાતે પૂર્વ મંત્રી જયેશ રાદડિયા દ્વારા પરિવાર સાથે ઉતરાયણ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. રાજ્યના કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે વિસનગરમાં ભાજપ યુવા મોરચાના કાર્યકરો સાથે અગાસી પર પતંગ ઉડાવી પર્વની ઉજવણી કરી હતી. આ પ્રસંગે તેમણે સમગ્ર ભારત અને ગુજરાતવાસીઓને મકરસંક્રાતિની શુભેચ્છાઓ પાઠવી. બીજી તરફ સુરત સિવિલ હોસ્પિટલનું કેમ્પસ ૧૦૮ના સાયરનથી સતત ગુંજતું રહ્યું હતું. સવારથી બપોર સુધીમાં દોરીથી ઘાયલ થવાના કેસ સામે આવ્યા હતા. ૧૦૮ દ્વારા તમામને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પાંડેસાર, ભટાર, સચિન, ઉન, ઉધના અને વેડ રોડ પર બનાવો બન્યા હતા. સચિન પલસાણા રોડ અને પાંડેસરા રોડ પર પસાર થતા બાઈકચાલકના ગળા કપાયા હતા. સુરતના પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોતે ઉત્તરાયણની ઉજવણી પોલીસ અધિકારીઓ અને ગરીબ બાળકો સાથે ઉત્સાહપૂર્વક કરી હતી. આ કાર્યક્રમ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયો હતો. જ્યાં અધિકારીઓએ પતંગ ચગાવી ઉત્તરાયણનો આનંદ માણ્યો હતો. પોલીસ કમિશનરે આ તહેવારના પ્રસંગે લોકોને સુરક્ષા અને શાંતિ માટે ખાતરી આપી હતી. તેમણે ગુનાહિત પ્રવૃત્તિઓમાં સામેલ લોકોને કડક શબ્દોમાં આપતાં જણાવ્યું હતું કે, ગુનેગારોને કોઈપણ અનૈતિક કાર્યમાં લિપ્ત થવામાં અટકાવશું. જે નાગરિકોને હેરાન કરે છે એવા લોકોના પતંગ જરૂરથી કાપીશું અને એમના પર કડક પગલાં ભરવામાં આવશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, પોલીસ આખા વર્ષ દરમિયાન આવા ગુનેગારોને વશમાં રાખશે અને શાંતિપૂર્ણ વાતાવરણ જાળવશે. આ સાથે તહેવારના ખુશીના તબક્કે પોલીસ વિભાગ ગરીબ બાળકો સાથે પણ ઉત્તારાણયની ખુશી વહેંચી જે માનવતાનું ઉત્તમ ઉદાહરણ છે. પોરબંદરમાં ધારાસભ્ય અર્જુન મોઢવાડીયાએ પોતાના નિવાસ્થાને પરિવારજનો અને કાર્યકર્તાઓ સાથે ઉત્તરાયણની ઉજવણી કરી હતી. ભાજપના ધારાસભ્યએ પતંગ ઉડાવવાની સાથે નાગરિકોને સલામત રીતે ઉત્તરાયણની ઉજવણી કરવા અપીલ કરી હતી. રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે રાજકોટ શહેરમાં પોતાના પરિવાર સાથે મકરસંક્રાતિ પર્વની ઉત્સાહ ભેર ઉજવણી કરી હતી. ઉજવણી કરતા વિજયભાઈએ જણાવ્યું હતું કે, દેશમાં પવન ભાજપનો જ છે, કોંગ્રેસનું અસ્તિત્વ જ નથી. ભાજપની જ પતંગ ઊડી રહી છે. દિલ્લીમાં આ વખતે હરિયાણા અને મહારાષ્ટ્રની જેમ પરિણામ આવશે અને ભાજપ સરકાર જરૂર બનાવશે. જયારે અમરેલીની ઘટનામાં કોંગ્રેસ રાજકારણ કરી રહી છે, પરંતુ દીકરી પાયલને અમારી ભાજપ સરકાર જરૂર ન્યાય અપાવશે, તેવો મને પૂર્ણ વિશ્વાસ છે.

### ઉત્તરાયણના પર્વ દરમ્યાન પત્તા રમી રહેલ લોકો વચ્ચે થઈ હતી બોલાચાલી

# અમદાવાદના નરોડામાં નજીવી બાબતે હિંસક રૂપ લેતા જોરદાર પથ્થરમારો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૧૪

અમદાવાદમાં આજે ઉત્તરાયણના દિવસે નાના મોટા બનાવો બન્યા હોવાની વિગતો સામે આવી છે. જેમાં નરોડા વિસ્તારમાં સામાન્ય બોલાચાલીમાં લોકોના ટોળા રસ્તા પર આવી ગયા હતા અને તેમણે એકબીજા પર પથ્થરમારો કર્યો હોવાની વિગતો સામે આવી છે. આ સમગ્ર બનાવ બાદ નરોડાના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર અને અન્ય અધિકારીઓએ ત્યાં પહોંચી ગયા હતા અને ટોળાને વિખેરવા બળપ્રયોગ કર્યો હતો. જ્યારે હાલ બંને પક્ષો તરફથી રાયોટિંગનો ગુનો દાખલ કરવા માટે પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે નરોડા વિસ્તારમાં માછલી સર્કલ પાસે કેટલાક લોકો આજે બપોરે પત્તા રમતા હતા. આ દરમિયાન ત્યાં પત્તા રમી રહેલા લોકો વચ્ચે સામાન્ય બાબતે ઝઘડો શરૂ થયો હતો. અને જોતજોતામાં બંને પક્ષે લોકોના ટોળા ભેગા થવા લાગ્યા હતા. વાત ઉશ્કેરણીથી શરૂ થઈ ઉગ્ર બોલાચાલી અને ત્યારબાદ હિંસક બબાલ શરૂ થઈ જવા પામતા લોકોના ટોળા સામસામે આવી ગયા હતા. સામાન્ય બોલાચાલીના બનાવે હિંસક રૂપ લઈ લેતા બંને પક્ષો સામસામે જોરદાર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. બંને પક્ષે સામસામે પથ્થરમારો થયો હતો. આ વાતની જાણ થતા સ્થાનિક પોલીસ અને નરોડાના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર અભિષેક ધવન ત્યાં પહોંચ્યા હતા. જેમણે મામલો થાળે પાડવા માટે બળપ્રયોગ કર્યો હતો. હાલ સમગ્ર મામલો થાળે પાડ્યા બાદ બંને પક્ષે ફરિયાદ લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે અને સમગ્ર વિસ્તારમાં કોમ્બિંગ શરૂ કરવામાં આવ્યું છે શહેરના કોઈ વિસ્તારમાં આ પ્રકારે બે જૂથ સામસામે આવી પથ્થરમારો કરવાનો ઘણા સમય બાદ બનાવ બન્યો હતો. જો કે પોલીસ દ્વારા બનાવનો વધુઆગળ વધતા પહેલા જ દબાવી દેવામાં આવ્યો હતો. પોલીસે આ બનાવને લઈ કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.



નરોડા માછલી સર્કલ ખાતે બનાવને લઈ દોડી આવેલ પોલીસે સ્થિતિ કાબૂમાં લઈ કાર્યવાહી હાથ ધરી

# ગુજરાત પર આગામી ૨૪થી ૪૮ કલાકમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરો જણાશે

## રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ઠંડા પવનોએ તાપમાન ઘટાડ્યું

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૪

પતંગરસિકો માટે વહેલી સવારથી જ ઉત્તરાયણના દિવસે અનુકુળ વાતાવરણ રહ્યું હતું. ૧૫થી ૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યા હતા. જેથી પતંગ ઉડાવવામાં પણ સહેલાઈ રહી હતી. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો નોંધાયો હતો. ઠંડા પવનોને કારણે દિવસે પણ ઠંડકનો અનુભવ થયો હતો જ્યારે લઘુત્તમ તાપમાન યથાવત રહ્યું હતું પરંતુ આગામી ૨૪ કલાકમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનું વધારો થવાની સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. ગુજરાત પર આગામી ૨૪થી ૪૮ કલાક દરમિયાન વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ની અસરો જણાશે જેને કારણે લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની સંભાવના છે. પરંતુ દિવસ દરમિયાન ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી ઠંડા પવનનો ફુકાવાને કારણે ઠંડકનો અનુભવ થશે. બીજી તરફ ઉતરાયણના તહેવારમાં ૧૫થી ૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના તમામ જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન યથાવત રહ્યું હતું અને ઠંડીનો અનુભવ પણ વધુ પ્રમાણમાં થયો હતો કારણ કે રાત્રિ દરમિયાન પણ ઠંડા પવનના સુસ્વાટા વાતા હોવાથી ઠંડીનું જોર યથાવત રહ્યું હતું.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નલિયામાં ૬.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે ડીસામાં પણ લઘુત્તમ તાપમાન ૯.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ ઉપરાંત રાજ્યના ચાર મહાનગરોમાં લઘુત્તમ તાપમાન યથાવત રહ્યું હતું જ્યારે મહત્તમ તાપમાનમાં અચાનક ઘટાડો નોંધાયો હતો. અમદાવાદ શહેરમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૨.૩ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયો હતો જ્યારે મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ચાર ડિગ્રી સેલ્સિયસ ઘટીને ૨૩.૮ ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. વડોદરામાં ગતરાત્રી દરમિયાન ૧૨.૮ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું જ્યારે સામાન્ય કરતાં ચાર ડિગ્રી સેલ્સિયસ ઓછું થઈને ૨૫.૪ ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીનું જોર યથાવત છે ત્યારે રાજકોટમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૯.૯ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું જ્યારે સુરતમાં પણ ૧૬ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

### જામનગરમાં મામા-ભાણેજના સંબંધને શર્મસાર કરતા કિસ્સાએ ચકચાર મચાવી

# મામાએ ૮ વર્ષીય ભાણેજ સાથે અડપલાં કર્યા બાદ તેનું માથું પછાડી હત્યા કરી

## પોલીસે નરાધમ મામાની ધરપકડ કરી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૪

જામનગરના સિક્કામાં સનસનાટી મચાવતી ઘટના સામે આવી છે. સિક્કામાં મામાએ ભાણેજને મોતને ઘાટ ઉતારી દીધો હતો. કૌટુંબિક મામાએ ભાણેજની હત્યા કરવાના કિસ્સો સામે આવતા સમગ્ર પથંકમાં ચકચાર મચી જવા પામી છે. ૮ વર્ષની ભાણેજને અડપલા કર્યા બાદ કૌટુંબિક મામાએ તેનું માથું પછાડી હત્યા કરી હતી. પરિવારે ફરિયાદ કરતાં પોલીસે મામાની ધરપકડ કરી છે. ૮ વર્ષીય ભાણેજ સાથે અડપલાં કરનાર મામો કંસ નીકળ્યો. ૮ વર્ષીય માસૂમ વધુ કંઈ બોલે અને કોઈ વિરોધ કરે તે પહેલાં જ કૌટુંબિક મામાએ ઘાતકી કૃત્ય કર્યું હતું. નરાધમ મામાએ માસૂમ બાળકીની પજવણી કરી. બાળકી કંઈ સમજે તે પહેલા જ માથું પછાડી નિર્મમ હત્યા કરી હતી. આજે સંબંધો પોતાની લક્ષ્મણ રેખા ઓળંગી રહ્યા છે. સંબંધોની આડમાં પુરૂષ જાતે બાળકીઓની હેરાનગતિ કરી હોવાના કિસ્સા અનેક વખત સમાચારોમાં જોવા મળે છે. ગમે તેટલો અભ્યાસ કેમ ના કર્યો હોય તો પણ કેટલાક પુરૂષ પોતાના વિકૃત માનસથી ઉપર ઉઠી શકતા નથી.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ મીઠાપુરની યુવતીના બે મહિના પહેલા છૂટાછેડા થતા ત્રણ પુત્રીઓ સાથે પિયર પરત આવી હતી. ત્યારબાદ યુવતી પોતાની પુત્રીઓ સાથે પિયરમાં તેના કુટુંબી મોટા બાપુ ડોસાજી માણેકના ઘેર રહેવા લાગી. દરમ્યાન પિયર આવ્યાના થોડા સમયમાં જ કુટુંબી મામો નીતિન માણેક તેની પુત્રીઓને હેરાન કરતો હતો. ૮ વર્ષની બાળકી સાથે નીતિન બહુ ખરાબ વર્તન કરતો હતો. જેને લઈને યુવતીએ નીતિનને ઠપકો પણ આપ્યો હતો. ત્યારે નીતિને ઉશ્કેરાઈને બાળકી અને માતાને ધમકી આપી હતી કે હું તમારી સાથે ગમે તે કરીશ જોઈ લેજો અને ગઈકાલે યુવતી જયારે કામસર બજારમાં ખરીદી માટે ગઈ હતી ત્યારે નીતિને યુવતીની ૮ વર્ષની દીકરી સાથે અડપલાં કર્યા અને માથું પછાડી ઘાયલ કરી હતી. યુવતી જયારે પાછી ઘરે આવી ત્યારે પુત્રીની આવી હાલત જોતા પુત્રીને હોસ્પિટલ લઈ ગઈ ત્યાં ડોક્ટરે તેને મૃત જાહેર કરી. યુવતીની ફરિયાદના આધારે સિક્કા પોલીસે નીતિન માણેક સામે કાયદાકીય કાર્યવાહી કરી હતી.

સિક્કામાં રહેતી ૮ વર્ષની માસૂમને ખબર નહોતી કે તેના મામા તેના માટે કાળ બનશે. મામાએ પોતાની બદદાનત પાર પાડવા માસૂમને પણ ના છોડી. કૌટુંબિક મામાએ ૮ વર્ષની માસુમની હત્યા કરતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી છે. સંબંધોને શર્મશાર કરનાર કિસ્સો સામે આવતા મામા સામે લોકો ફિટકાર વરસાવી રહ્યા છે.

### અરવલ્લી જિલ્લાના સફાઈ કામદારોના પડતર પ્રશ્નોને લઈ

# ગુજરાત વાલ્મિકી સંગઠનના પ્રમુખે દંડવત યાત્રા શરૂ કરી : રાજકીય નેતાઓ કાર્યક્રમોમાં વ્યસ્ત

## જિલ્લા કોંગ્રેસ પ્રમુખના ભાજપ પર શાબ્દિક પ્રહારો ધારાસભ્ય-મંત્રી સેલ્ફી પડાવી રહ્યાનો આક્ષેપ

મોડાસા, તા.૧૪

મોડાસા તાલુકાના મેઢાસણ નજીક લાલજી ભગતની યાત્રા પહોંચતા, અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતીના હોદ્દેદારો પહોંચ્યા હતા. અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કમલેન્દ્રસિંહ પુવારે જણાવ્યું કે, કોઈપણ સમયે લાલજી ભગતને મદદ માટે તેઓ ખડેપગે રહેશે. આ સાથે જ તેમની સુરક્ષાને લઈને કોંગ્રેસ પાર્ટીએ સવાલો ઉઠાવ્યા હતા. તેમણે ભાજપ પર શાબ્દિક પ્રહારો કરી સત્તાધિશોને આડેહાથ લીધા હતા. રાજ્યના સફાઈ કામદારોના પડતર પ્રશ્નોને લઈને દંડવત યાત્રાના સમર્થનમાં કોંગ્રેસના નેતાઓ પહોંચ્યા હતા. ગુજરાત વાલ્મિકી સંગઠનના પ્રમુખ લાલજી ભગત, માલપુરથી દિલ્હી સુધી દંડવત યાત્રા શરૂ કરી છે. હજુ સુધી અરવલ્લી જિલ્લાના કોઇ ધારાસભ્યો કે મંત્રી ફરક્યા પણ નથી, રાજ્ય કક્ષાના મંત્રી અને મોડાસાના ધારાસભ્ય હાલ, ફન ફેર જેવા કાર્યક્રમમાં વ્યસ્ત છે. ત્યારે વિપક્ષના નેતાઓ લાલજી ભગતના સમર્થનમાં આવ્યા છે. એટલું જ નહીં માલપુર-બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલા પણ લાલજી ભગતની મુલાકાતે ન પહોંચતા અનેક સવાલો ઉઠી રહ્યા છે. બીજી બાજુ અરવલ્લી જિલ્લા ન્યાય સમિતીના પૂર્વ ચેરમેન રેવાભાઈએ પણ લાલજી ભગતની દંડવત યાત્રાની મુલાકાત કરી હતી. તેમણે જણાવ્યું કે, આઉટ સોર્સિંગ પર કામ કરતા કર્મચારીઓના હિત માટે લડત શરૂ કરી છે, જોકે અધિકારીઓ કે નેતાઓ ફરકતા જ નથી. રેવાભાઈએ ચીમકી ઉચ્ચારતા જણાવ્યું કે, લાલજી ભગતને કંઈપણ થશે, તો સંપૂર્ણ જવાબદારી, અરવલ્લી જિલ્લા વહીવટી તંત્રની રહેશે અને કચેરીઓનો ઘેરાવ કરી તાળા મારીશું. આ સાથે જ કોંગ્રેસ નેતા અરૂણ પટેલે પણ ભરતી પ્રક્રિયાને લઈને સવાલો ઉઠાવ્યા હતા. અરવલ્લી જિલ્લામાં એક બાજુ સફાઈકામદારોના પડતર પ્રશ્નોને લઈને, લાલજી ભગતે દંડવત યાત્રા શરૂ કરી છે, તો બીજી બાજુ, મોડાસાના ધારાસભ્ય અને રાજ્ય કક્ષાના અન્ય અને નાગરિક પુરવઠા મંત્રી સેલ્ફી પડાવી રહ્યા છે. ફૂડ સ્ટોલ અને ફનફેર જેવા કાર્યક્રમોનું ઉદ્ઘાટન કરી રહ્યા છે. એટલે સ્પષ્ટપણે કહી શકાય કે, નેતાજીને લોકોની ચિંતા કરવા કરતા મોજ કરવામાં વધારે રસ હોય તેવું લાગે છે.



# SP રિંગ રોડ પાસે દારૂના નશામાં પોલીસ કર્મીએ ઊભેલી કારને મારી ટક્કર

## અકસ્માતમાં બે વ્યક્તિઓનો આબાદ બચાવ

(સંવાદદાત દ્વારા)
અમદાવાદ, તા.૧૪

અમદાવાદ શહેરમાં વધુ એક અકસ્માતની ઘટના બનવા પામી છે. જેમાં YMCA ક્લબથી એસપી રિંગ રોડ તરફ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની ઘટનાના સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા. કાર ચાલક દારૂના નશામાં ધૂત હોવાનો આક્ષેપ થયો છે. તેમજ નંબર પ્લેટ વગરની સ્વીફ્ટ કાર ચાલકે અકસ્માત સર્જ્યો હતો. અકસ્માત કરનાર પોલીસ કર્મચારી હોવાનો આક્ષેપ થયો છે. અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ ન હતી. બે વ્યક્તિનો આબાદ બચાવ થયો હતો. મોડી રાત્રે અકસ્માત કરીને કાર ચાલક કાર મૂકીને ફરાર થયો હતો. બીજો એક અકસ્માત પાટણ જીલ્લાનાં શંખેશ્વર ખાતે થયો હતો. માહિતી મુજબ આ ઘટના શંખેશ્વરના જહાજ મંદિર પાસે બની હતી, જ્યાં પુર ઝડપે આવતી સ્કોર્પિઓ કાર રોંગ સાઈડ પર પડેલી ટેમ્પો ટ્રાવેલ્સ સાથે અથડાઈ અને કાર ટેમ્પો ટ્રાવેલ્સ સાથે અથડાતા હવામાં ફંગોળાઈ હતી અને ફંગોળાઈને તે ટેમ્પો ટ્રાવેલ્સના બોનેટ પર ચડી ગઈ. મંદિરે આવેલા લોકોમાં આ ઘટનાને લીધે નાસભાગ થઈ હતી અને અકસ્માત સર્જાયો હતો.

કાર હવામાં ફંગોળાતા તેણે મંદિરે આવેલા લોકોને અડફેટે લીધા હતા. આ ઘટનામાં ૨ લોકો ઈજાગ્રસ્ત થતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે નજીકની રેફરલ હોસ્પિટલમા દાખલ કરવામાં આવ્યા હતા જ્યારે ૨ લોકોનું ઘટના સ્થળે જ મોત થયું હતું. મળતી માહિતી મુજબ મૃત્યુ પામનાર તેમજ ઈજાગ્રસ્ત લોકો તમામ શંખેશ્વરના રહેવાસી હોવાની વાત સામે આવી છે. હાલ પોલીસ ઘટના સ્તહલે પહોંચીને સમગ્ર મામલો હાથે લીધો હતો.

# જૂનાગઢ : આરએફઓની નોકરી અપાવવાની લાલચ આપી લાખોની છેતરપિંડી કરનાર ત્રણ આરોપી ઝડપાયા

જૂનાગઢ,તા.૧૩

જૂનાગઢમાં વનવિભાગમાં આરએફઓની સીધી નોકરી અપાવવાના બહાને યુવાનો પાસેથી લાખો રૂપિયા પડાવતી ગેંગનો પર્દાફાશ થયો છે. પોલીસે આ મામલે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. જૂનાગઢ ડીવાયએસપી હિતેશ ધાંધલિયાએ જણાવ્યું હતું કે જૂનાગઢ સરદાર બાગ નજીક વનવિભાગના ડીસીએફની કચેરી આવેલી છે. જયાંથી આરએફઓ એ.સી. ડિવિઝન પોલીસને જાણ કરી હતી કે વનવિભાગની ઓફિસે કોઈ શંકાસ્પદ વ્યકિત ફરી રહી છે. જેને લઈ સી-ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ વત્સલ સાવજ વનવિભાગ કચેરી ખાતે પહોંચ્યા હતા. જયાં મધ્યપ્રદેશનો દીપક શ્યામલાલ સેન આ કચેરીએ આરએફઓના ઈનટરવ્યુ લેવા માટે આવ્યો હતો તેવું પોલીસને જાણવા મળ્યું હતુ. ત્યારે મધ્યપ્રદેશના આ ઈસમ સાથે કેટલા લોકો સંકળાયેલા છે તે દિશામાં સી-ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી હતી. ફરિયાદી નાથાભાઈ સોલંકી અને પરબતભાઈ પીઠિયાએ ૪,૫૦,૦૦૦ તેના દીકરાને સીધી આરએફઓની નોકરી મળે તે માટે આપ્યાની પોલીસ ફરિયાદ નોંધાય છે. આ બાબતે ફરિયાદી કાળાભાઈ કરસનભાઈ સોલંકી, નાથાભાઈ સોલંકી અને પરબતભાઈ પીઠિયા અને ખીમજીભાઈ સોલંકીએ તેઓના દીકરાઓ માટે આરએફઓની સિધી નોકરી માટે ૨૫ લાખ રૂપિયા ગાંધીનગરના વિનોદ ઉર્ફે વિનય બાબુલાલ ગઢવીને આપ્યા હતા. તેમજ વિનય ગઢવી સાથે ઓળખાણ કરાવનાર ધનજીભાઈ રાંક સાથે સંપર્કમાં આવ્યા હતા. આરોપીઓએ આરએફઓની સીધી ભરતી કરી નોકરી અપાવવાની લાલચ આપી એક ઉમેદવાર દીઠ ૨૫ લાખ રૂપિયા આપવાનું નક્કી કર્યું હતું. આ મામલે સી-ડિવિઝન પોલીસે દીપક શ્યામલાલ સેનનો મોબાઈલ તપાસતા તેમાંથી અલગ અલગ વિભાગના ડમી કોલલેટર મળી આવ્યા હતા. જેમાં ઈન્કમટેક્સ, પોસ્ટ ઓફિસ રેલવે વિભાગ, વન વિભાગ, જેવા સરકારી વિભાગોના ડમી કોલ લેટર મળી આવ્યા હતા. આ છેતરપિંડી કરનાર ગેંગનો મુખ્ય સૂત્રધાર મુંબઈનો આશિષ શાહુ હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. દીપક સેન્ડ દ્વારા પોલીસને જણાવ્યા મુજબ આશિષ શાહુ ઈન્દોર મુંબઈ તેમજ અલગ અલગ શહેરોમાં પોતાની ઓફિસ બનાવી દીપક સેન જેવા લોકોને તેની સાથે રાખી અલગ અલગ જગ્યાએ છેતરપિંડી કરવા ઈન્ટરવ્યુ લેવા મોકલતો હતો. આશિષ શાહ વન વિભાગની ડુપ્લીકેટ વેબસાઈટ બનાવી લોકોને છેતરવા આરેએફઓના ડમી કોલ લેટરો મોકલતો હતો. પોલીસે દીપક સેનને ઝડપી તેના મોબાઈલની તપાસ કરતા નોકરી અપાવવાની લાલચ આપતા મધ્યપ્રદેશના દીપક સેન, વિનોદ ઉર્ફે વિનોદ બાબુલાલ ગઢવી, અનો બાબુભાઈ ધનજીભાઈ પટેલ નામના ત્રણ આરોપીઓને ઝડપી પાડયા છે. પોલીસે ત્રણે આરોપીઓને ઝડપી પકડાયેલ આરોપીની વધુ પૂછપરછ માટે કોર્ટ પાસે રિમાન્ડની માગણી કરતા કોર્ટ દ્વારા ચાર દિવસના રિમાન્ડ આપવામાં આવ્યા છે. ત્યારે આ છેતરપિંડી કરતી ગેંગની પૂછપરછ કરતા વિસાવદરના નિકુંજ ભટ્ટ નામના યોગ સાથે પણ આ છેતરપિંડી આચરતી ગેંગ દ્વારા ખોટી રીતે સરકારી નોકરી આપવાની લાલચ આપી ૧૪ લાખ રૂપિયા આંગડિયા અને બેંક મારફત ટ્રાન્સફર કરાવ્યાનું સામે આવ્યું છે.

I, **ALIFIYA SAIFUDDIN** holder of Indian Passport No:P1734246 issued at DUBAI on 06/06/2016 and Permanent Resident of **BAHAR NI VORAWAD HALURIYA CHOWK BHAVNAGAR GUJARAT** and presently residing at DUBAI UAE do hereby change my name from **ALIFIYA SAIFUDDIN** to **ALIFIYA SAIFUDDIN KAPASI** with immediate effect

**રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ**

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

**તારીખ અને સ્થળઃ**

શુક્રવાર, 17 જાન્યુઆરી 2025; સાંજે 6:30 વાગ્યાથી.
ધ મેંગો સ્ટોરીઝ, બીજો માળ, મેંગો 1, લક્ષ્મી સ્કાય સિટી સામે, દાસ્તાન સર્કલ પાસે, વસંત વિહાર 2, નવા નરોડા, અમદાવાદ – 382 330, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ આનંદ નાયક, મોબાઈલ : 95123 20010.

શુક્રવાર, 17 જાન્યુઆરી 2025; સાંજે 6:30 વાગ્યાથી.
તિલક રેસ્ટોરન્ટ, બ્લોક નં. 1729, ખાટા નં. 917, પાંચોટ બાયપાસ સર્કલ, મહેસાણા – 384 002, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ રોનિત રાવલ, મોબાઈલ : 90168 55774.

શુક્રવાર, 17 જાન્યુઆરી 2025; સાંજે 6:30 વાગ્યાથી.
ક્યુમિન્સ બેન્ક્વેટ્સ, એચજી–5/6/7, આઈબીસી, બિગ બજાર પાસે, પીપલોદ, સુરત, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ અભિક રોય, મોબાઈલ : 99099 79712.

શુક્રવાર, 17 જાન્યુઆરી 2025; સાંજે 7:00 વાગ્યાથી.
હોટેલ રસોઈ, કાળુભા રોડ, કાલાનાળા, ભાવનગર – 364001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ ચિંતન દલવાડી, મોબાઈલ : 98255 71968.

શનિવાર, 18 જાન્યુઆરી 2025; સાંજે 6:00 વાગ્યાથી.
હોટેલ ગ્રાન્ડ તુલસી, સર્વે નં.726, મહેસાણા હાઈવે, ઊંઝા–384002, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ રોનિત રાવલ, મોબાઈલ : 90168 55774.

શનિવાર, 18 જાન્યુઆરી 2025; સાંજે 7:00 વાગ્યાથી.
દિલ સે રે બેન્ક્વેટ હોલ, સ્ટાર બજારની ઉપર, ડેસ્ટિની મોલ, અડાજણ, સુરત – 395 009, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ અમિત મંડલચવાલા, મોબાઈલ : 99249 59993.

નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 5:30 સુધીનો જ રહેશે. વોક–ઈન્સને મંજૂરી નથી.

HDFC MUTUAL FUND
BHAROSA APNO KA
An Investor Education and Awareness Initiative

મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા વન-ટાઈમ નો યોર કસ્ટમર (કેવાયસી) પૂર્ણ કરવાની પ્રક્રિયા વિશે વધુ જાણવા માટે વિઝિટ કરો https://www.hdfcfund.com/information/key-know-how. રોકાણકારોએ નોંધણીકૃત મ્યુચ્યુઅલ ફંડ્સ સાથે જ લેણદેણ કરવી જોઈએ, જેની વિગતો સેબીની વેબસાઈટ (www.sebi.gov.in/intermediaries.html) પર વેરિફાઈ કરી શકાશે. કોઈ પણ પૂછપરછ, ફરિયાદ અને તકરાર નિવારણ માટે રોકાણકારો એએમસી અને/ અથવા રોકાણકાર સંબંધ અધિકારીનો સંપર્ક કરી શકે છે. ઉપરાંત રોકાણકારોને એએમસીને પ્રત્યક્ષ ફરિયાદ પણ કરી શકે છે. જો એએમસી દ્વારા આપવામાં આવેલા ઉકેલથી સંતોષ નહીં હોય તો https://scores.gov.in પર સ્કોર્સ પોર્ટલ થકી ફરિયાદ નોંધાવી શકે છે. સ્કોર્સ પોર્ટલ પર રોકાણકારો સેબીને ઓનલાઈન ફરિયાદ કરી શકે છે અને ત્યારબાદ તેની સ્થિતિ જોઈ શકે છે. જો રોકાણકારોને એએમસી પાસે પ્રત્યક્ષ ઉપસ્થિત કરેલી અથવા સ્કોર્સ પોર્ટલ થકી કરેલી ફરિયાદના ઉકેલથી સંતોષ નહીં થાય તો તેઓ https://smartodr.in/login સ્માર્ટ ઓડીઆર પર કોઈ પણ ફરિયાદ કરી શકે છે.

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને અધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.**

# મહાકુંભ ૨૦૨૫ : યુપી સરકારનો દાવો, સવારે ૮:૩૦ વાગ્યા સુધીમાં એક કરોડથી વધુ લોકોએ 'અમૃતસ્નાન' કર્યું

(એજન્સી) તા.૧૪

પ્રયાગરાજમાં પોષ પૂર્ણિમા પર ભજન-કીર્તન અને જયકારા સાથે શરૂ થયેલાં મહાકુંભ ૨૦૨૫માં આજે પહેલું અમૃત સ્નાન છે. મકર સંક્રાંતિના અવસર પર વિભિન્ન અખાડાના નાગા સાધુઓએ સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી. જેને 'અમૃત સ્નાન' (શાહી સ્નાન) કહેવામાં આવે છે. યોગી સરકારે દાવો કર્યો હતો કે સવારે ૮:૩૦ વાગ્યા સુધીમાં એક કરોડથી વધુ લોકોએ અમૃત સ્નાન કર્યું હતું.

આ મહાકુંભ ૧૨ વર્ષો બાદ આયોજિત કરવામાં આવી રહ્યો છે. જોકે, સંતોનો દાવો છે કે, આ આયોજન માટે ૧૪૪ વર્ષો બાદ એત ખૂબ જ દુર્લભ મુહૂર્ત બન્યું છે. જે મંથન દરમિયાન બન્યુ હતું. ૧૨ વર્ષો બાદ આયોજિત થતો મહાકુંભ ૧૩ જાન્યુઆરીથી શરૂ થયો, જે ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલશે.

૪૫ દિવસો સુધી ચાલનારા આ ધાર્મિક અને આધ્યાત્મિક આયોજનમાં ૪૫ કરોડથી વધારે શ્રદ્ધાળુઓની પહોંચવાની આશા છે. કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રાલય અનુસાર, આ વખતે મહાકુંભમાં ૧૫ લાખથી વધારે વિદેશી શ્રદ્ધાળુઓ આવવાની આશા છે. મકર સંક્રાંતિના શુભ અવસર પર ધર્મગુરૂ સ્વામી કૈલાશાનંદ ગિરિએ મહાકુંભ ૨૦૨૫ના પહેલાં અમૃત સ્નાન માટે સરઘસનું નેતૃત્વ કર્યું હતું. સનાતન ધર્મના ૧૩ અખાડોના સાધુ-સંત આજે ગંગા, યમુના અને સરસ્વતી નદીના પવિત્ર



ત્રિવેણી સંગમમાં એક-એક કરીને ડૂબકી લગાવી રહ્યા છે.

કુંભ કે મહાકુંભ દરમિયાન કરવામાં આવેલા કોઈપણ સ્નાન કે શાહી સ્નાન અત્યંત ફળદાયી અને શુભ માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે, કુંભ મેળામાં શાહી સ્નાન કરવાથી વ્યક્તિ આ જન્મના પાપો તેમજ પાછલા જન્મના પાપોમાંથી મુક્તિ મળે છે. આ ઉપરાંત મહાકુંભમાં લેવામાં આવતું શાહી સ્નાન પિતૃઓની શાંતિ અને મુક્તિ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

# મહાકુંભમાં થોડા સમય માટે અરાજકતા ફેલાઈ, ભક્તોએ 'અમૃતસ્નાન' દરમિયાન ૧૩ અખાડાના સાધુઓ માટે બેરિકેડ કરેલા વિસ્તારનો ભંગ કર્યો

(એજન્સી) તા.૧૪

મંગળવારે મકરસંક્રાંતિના દિવસે મહાકુંભમાં પ્રથમ 'અમૃત સ્નાન' દરમિયાન સનાતન ધર્મના ૧૩ અખાડાના સાધુઓ માટે અનામત વિસ્તારમાં ભક્તોએ ઘૂસણખોરી કરી હતી, જેના કારણે થોડીવાર માટે અંધાધૂંધી સર્જાઈ હતી.

અધિકારીઓ વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવામાં સફળ રહ્યા, પરંતુ ભક્તો દ્વારા કરવામાં આવેલા અતિક્રમણથી વહીવટીતંત્રની તૈયારીઓમાં ખામીઓ છતી થઈ.

આધુનિક સુરક્ષા સાધનોથી સજ્જ વોટર પોલીસ તૈનાત કરવામાં આવી હોવા છતાં, ભીડને કાબુમાં લેવામાં તેમને મુશ્કેલી પડી. આ પછી તરત જ, સવાર પોલીસ દળ હાથમાં લાકડીઓ લઈને ત્યાં પહોંચી ગયું અને ભક્તોને પ્રતિબંધિત વિસ્તારમાંથી દૂર લઈ ગયા. જોકે ભીડે થોડા સમય માટે પાણી ખાલી કરી દીધું, તેઓ ઝડપથી સાધુઓ માટે નિયુક્ત વિસ્તારમાં પાછા ફર્યા. જ્યારે નાગા સાધુઓ પહોંચ્યા, ત્યારે સવાર પોલીસે તેમની આસપાસ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દીધી જેથી તેઓ



કોઈપણ અવરોધ વિના પવિત્ર સ્નાન કરી શકે. જોકે, ૫-૧૦ મિનિટમાં ભક્તો પ્રતિબંધિત વિસ્તારમાં પાછા ફર્યા. આખરે, વ્યવસ્થા પુનઃસ્થાપિત થઈ અને પોલીસ ભક્તોને એક બાજુ ખસેડવામાં સફળ રહી, જેનાથી પવિત્ર ધાર્મિક વિધિઓ ચાલુ રહી.

# મહાકુંભમાં IIT ભણેલા બાબા : તેમણે IIT બોમ્બેમાં એરોસ્પેસ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો, પછી આધ્યાત્મિકતા તરફ વળ્યા

(એજન્સી) તા.૧૪

સોમવારથી પ્રયાગરાજમાં મહાકુંભનો પ્રારંભ થઈ ગયો છે. આમાં ભાગ લેવા માટે વિવિધ સંતો અને બાબાઓ પહોંચ્યા છે. તેમાંથી એક મસાણી ગોરખ બાબા ઉર્ફે આઈઆઈટી બાબા છે. તેમના નામ પરથી જ સ્પષ્ટ છે કે, IITમાંથી એન્જિનિયરિંગ કર્યા પછી તેઓ બાબા બન્યા.

તેમણે IIT બોમ્બેમાંથી એરોસ્પેસ અને એરોનોટિકલ સ્ટ્રીમમાં એન્જિનિયરિંગ પણ કર્યું છે. હરિયાણાના વતની, IIT બાબાનું સાચું નામ અભય સિંહ છે. અભય સિંહના એન્જિનિયરમાંથી સાધુ બનવા પાછળની વાર્તા પણ ખૂબ જ રસપ્રદ છે. તે ફોટોગ્રાફી કરવા માંગતો હતો. ફોટોગ્રાફીમાં નોકરી મેળવવા માટે ડિગ્રી જરૂરી હતી. આવી સ્થિતિમાં, મેં એક વર્ષ સુધી કોચિંગ પણ શીખવ્યું.

બાબાએ તેમના જીવનના ઘણા રહસ્યો ખોલ્યા. જ્યારે બાબાને પૂછવામાં આવ્યું કે એન્જિનિયરિંગ અને ફોટોગ્રાફીનો અભ્યાસ કર્યા પછી તેઓ આ તબક્કે કેવી રીતે પહોંચ્યા ? આના પર બાબાએ ખૂબ જ સ્પષ્ટપણે કહ્યું કે આ શ્રેષ્ઠ સ્થિતિ છે. જ્ઞાનને અનુસરતા રહો, આગળ વધતા રહો, તમે ક્યાં સુધી જશો ? આખરે આપણે અહીં આવવું જ પડશે. પણ તે સમયે મને સમજાતું નહોતું કે શું કરવું?

IIT બાબાએ જણાવ્યું કે IIT મુંબઈમાં ૪ વર્ષ અભ્યાસ કર્યા પછી, તેમણે ભૌતિકશાસ્ત્રમાં પણ કોચિંગ લીધું. મારા શોખને કારણે, હું કલામાં ગયો અને ફોટોગ્રાફી શીખ્યો. મેં ડિઝાઈનિંગમાં માસ્ટર્સની ડિગ્રી



મેળવી. આ કર્યા પછી પણ, હું કોઈ પણ વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરી શક્યો નહીં. મારી અંદરની ચિંતા વધતી જતી હતી. બાબાએ કહ્યું કે હું મારા જીવનની શરૂઆતમાં એન્જિનિયરિંગ કરવા માંગતો હતો. પણ એન્જિનિયરિંગ કર્યા પછી પણ મને જીવનનો અર્થ અને મારે શું કરવું જોઈએ તે સમજાયું નહીં. આ પછી મને લાગ્યું કે મારે ફોટોગ્રાફી કરવી જોઈએ. મેં ટ્રાવેલ ફોટોગ્રાફીથી શરૂઆત કરી. મને એવું લાગ્યું કે હું તેમાં મારા સ્વપ્નનું જીવન જીવીશ. આપણે મુસાફરી કરીશું, બધે જઈશું, ખૂબ મજા કરીશું અને પૈસા પણ કમાઈશું. આ એક અદ્ભુત દુનિયા હશે.

# મહાકુંભ : ઉત્તરપ્રદેશ માટે બે લાખ કરોડ રૂપિયાની આવક થવાની સંભાવના

(એજન્સી) તા.૧૪

વિશ્વનો સૌથી મોટો મેળો, મહાકુંભ, સોમવારે લાખો લોકોએ 'મોક્ષ'ની શોધમાં સંગમમાં ડૂબકી લગાવીને અને તે તેમના પાપોને શુદ્ધ કરશે તેવી માન્યતા સાથે શરૂ થયો. આધ્યાત્મિકતા અને શ્રદ્ધા, સંસ્કૃતિ અને ધર્મ, પરંપરા અને આધુનિક ટેકનોલોજી; તે બધા પ્રયાગરાજમાં ગંગા, યમુના અને રહસ્યમય સરસ્વતીના સંગમમાં એક થઈ ગયા. ૧૨ વર્ષ પછી યોજાઈ રહેલા મેળામાં ૪૫ દિવસમાં ૪૦ કરોડથી વધુ લોકો આવવાની અપેક્ષા છે. આ ઉપરાંત, ઋષિઓ દાવો કરે છે કે આ ઘટના માટે આકાશી ક્રમચયો અને સંયોજનો ૧૪૪ વર્ષ પછી થઈ રહ્યા છે, જે શ્રદ્ધાળુઓ માટે આ પ્રસંગને વધુ શુભ બનાવે છે. અને જ્યારે 'પૌષ પૂર્ણિમા'ના અવસરે પ્રખ્યાત મેળાની ઔપચારિક શરૂઆત શંખ અને ભજનના નાદ સાથે થઈ, ત્યારે વિશાળ સંગમ વિસ્તારમાં ઉત્સાહ સ્પષ્ટપણે જોવા મળ્યો કારણ કે ભક્તો-મોટાભાગે જૂથોમાં-'જય ગંગા મૈયા'ના નારા લગાવતા પાણી તરફ આગળ વધ્યા. ઉત્તર પ્રદેશ સરકારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'સવારે ૯.૩૦ વાગ્યા સુધી, લગભગ ૬૦ લાખ યાત્રાળુઓએ સ્નાન કર્યું હતું.' મહાકુંભ શરૂ થતાં બ્રાન્ડ્સ જાહેરાત માટે રૂા.૨,૦૦૦ કરોડનું રોકાણ કરે તેવી શક્યતા

૧૩ જાન્યુઆરી, ૨૦૨૫ બપોરે ૩:૫૯ વાગ્યે

વિવિધ સ્પેક્ટ્રમમાં કંપનીઓ ઓછામાં ઓછા ૪૫ કરોડ લોકો સુધી પહોંચવાની એક મોટી તકનો લાભ લેવાનો પ્રયાસ કરી રહી છે, અને જમીન પર માર્કેટિંગ ઝુંબેશ અને પ્રવૃત્તિઓમાં હજારો કરોડનું રોકાણ કરે તેવી શક્યતા છે. ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી સુધી, વિશ્વનો સૌથી મોટો આધ્યાત્મિક મંડળ કંપનીઓ, ખાસ કરીને FMCG, ઓટોમોબાઈલ્સ અને ઈલેક્ટ્રોનિક્સ ખેલાડીઓને, લાખો ગ્રાહકોને ટેપ કરવાની આજીવન તક આપી રહ્યો છે. ઉદ્યોગના અંદાજ મુજબ, બ્રાન્ડ્સ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત થીમ્સ, LED આઉટડોર સ્ક્રીન, વર્ચ્યુઅલ આસિસ્ટન્ટ અને મોબાઈલ એપ્સનો ઉપયોગ કરીને વિવિધ પ્લેટફોર્મ પર જાહેરાત ઝુંબેશમાં રૂા. ૧,૮૦૦-રૂા.૨,૦૦૦ કરોડનું રોકાણ કરવાનો અંદાજ છે. આ મેગા ઈવેન્ટમાં બજેટ હોમસ્ટે માટે રાત્રિ દીઠ રૂ. ૧ લાખ સુધીના ખર્ચે લક્ઝરી ટેન્ટ ઓફર કરવામાં આવે છે. કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII)ના અંદાજ મુજબ, આ ઈવેન્ટથી ઉત્તર પ્રદેશ માટે રૂા. ૧.૨ લાખ કરોડની આવક થવાની ધારણા છે. અન્ય ઉદ્યોગોના અંદાજ મુજબ મહાકુંભ વેપારમાં રૂા.૪ લાખ કરોડથી વધુનું ઉત્પાદન કરે તેવી શક્યતા છે, જે સામાન્ય અને વાસ્તવિક GDP બંનેમાં ૧ ટકાથી વધુનો વધારો કરે છે. સરકારી અંદાજ મુજબ, જો ૪૦ કરોડ મુલાકાતીઓમાંથી દરેક સરેરાશ રૂા.૫,૦૦૦ ખર્ચ કરે તો મહાકુંભ વેપારમાં રૂા.૨ લાખ કરોડ ઊભા કરી શકે છે. ઉદ્યોગના અંદાજો વધુમાં કહે છે કે મેગા ઈવેન્ટમાં વ્યક્તિ દીઠ સરેરાશ ખર્ચ રૂા. ૧૦,૦૦૦ સુધી પણ વધી શકે છે, અને કુલ આર્થિક અસર રૂા.૪ લાખ કરોડ સુધી પહોંચી શકે છે. ૪૫ દિવસના આ



કાર્યક્રમ દરમિયાન ભારત અને વિદેશની કંપનીઓ પોતાની હાજરી દર્શાવવા માટે જગ્યા શોધવા માટે દોડધામ કરી રહી છે.

વાસ્તવિક ભારત જોવું: વિદેશી શ્રદ્ધાળુઓ મહાકુંભમાં હાજરી આપીને આનંદ વ્યક્ત કરે છે

૧૩ જાન્યુઆરી, ૨૦૨૫ બપોરે ૧:૫૨

મહાકુંભની હેલિકોપ્ટર જોયરાઈડ પર્યટન અને સંસ્કૃતિ મંત્રી જયવીર સિંહે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ૭-૮ મિનિટની હેલિકોપ્ટર રાઈડ ૧૩ જાન્યુઆરીથી શરૂ થશે. આ રાઈડ પ્રવાસીઓને પ્રયાગરાજ શહેરની ઉપર ઉંચા ભવ્ય મહાકુંભ વિસ્તારનો હવાઈ દૃશ્ય આપશે. આ જોયરાઈડ www.upstdc.co.in દ્વારા ઓનલાઈન બુક કરી શકાય છે અને ભારત સરકારના ઉપક્રમ પવન હંસ દ્વારા સુવિધા આપવામાં આવશે. સૌથી પ્રખ્યાત ગાયકો પવિત્ર શહેરમાં પર્ફોર્મ કરવાના છે

૧૩ જાન્યુઆરી, ૨૦૨૫ બપોરે ૧:૨૯

મહાકુંભ નગર વિશ્વનું સૌથી મોટું કામચલાઉ શહેર છે, જે કોઈપણ સમયે ૫૦ લાખથી ૧ કરોડ શ્રદ્ધાળુઓને સમાવી શકે છેઃ યુપી મુખ્યમંત્રી

૧૩ જાન્યુઆરી, ૨૦૨૫ બપોરે ૧:૨૧

એમ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે,ભક્તોની સુવિધા વધારવા માટે, ડિજિટલ પ્રવાસી નકશો શૌચાલયોની સ્વચ્છતા પર દેખરેખ રાખવાની સુવિધા આપશે, જ્યારે સ્માર્ટફોન સાથે સંકલિત AI-સંચાલિત સુરક્ષા વ્યવસ્થા સલામતી સુનિશ્ચિત કરશે. સંગમ વિસ્તાર અને ફાફામઉ એમ બંનેમાં ૩૦ પોન્ટૂન પુલ, સંગમના એક છેડાથી બીજા છેડા સુધી લોકોની અવરજવરને સરળ બનાવવા માટે તૈયાર

૧૩ જાન્યુઆરી, ૨૦૨૫ બપોરે ૧:૧૯

મહાકુંભ ખાતે દક્ષિણ કોરિયાના YouTubersની ટીમ

૧૩ જાન્યુઆરી, ૨૦૨૫ ૧:૧૮ બપોરે

તેઓ મહાકુંભના વિવિધ દૃશ્યો તેમના કેમેરામાં કેદ કરતા જોવા મળ્યા, જ્યારે જાપાનના પ્રવાસીઓ વિશાળ ભીડને જોવા અંગે સ્થાનિક માર્ગદર્શકો પાસેથી માહિતી લેતા જોવા મળ્યા.

# રામ મંદિરની પ્રતિષ્ઠાના દિવસે ભારતને 'સાચી સ્વતંત્રતા' મળી હતી : RSSના વડા મોહન ભાગવત

## ઈન્દોરમાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાયને એવોર્ડ અર્પણ કર્યા પછી મોહન ભાગવતે આ વાત કરી હતી

(એજન્સી) તા.૧૪

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે દાવો કર્યો હતો કે અયોધ્યામાં રામ મંદિર નિર્માણ દિવસે ભારતે તેની 'ખરી સ્વતંત્રતા' પ્રાપ્ત કરી હતી. તેમના મતે, રામ મંદિર પ્રતિષ્ઠાની તારીખ "પ્રતિષ્ઠા દ્વાદશી" તરીકે ઉજવવી જોઈએ. ઈન્દોરમાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાયને દેવી અહિલ્યા એવોર્ડ અર્પણ કરવા માટે આયોજિત એક કાર્યક્રમમાં RSS વડા મોહન ભાગવત બોલી રહ્યા હતા.

તેમણે કહ્યું કે, ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ ભારતને અંગ્રેજોથી રાજકીય સ્વતંત્રતા મળ્યા પછી, દેશના 'સ્વ'માંથી નીકળેલા ચોક્કસ દૃષ્ટિકોણ દ્વારા બતાવેલા માર્ગ અનુસાર એક લેખિત બંધારણ બનાવવામાં આવ્યું હતું, પરંતુ આ દસ્તાવેજ તે સમયે દૃષ્ટિકોણની ભાવના અનુસાર ચલાવવામાં આવ્યો ન હતો. આરએસએસના આ વડાએ કહ્યું કે આ તારીખને "પ્રતિષ્ઠા દ્વાદશી" તરીકે ઉજવવી જોઈએ કારણ કે ભારતની સાચી સ્વતંત્રતા, જે ઘણી સદીઓથી "પરાચક્ર" (શત્રુના હુમલા)નો સામનો કરી રહી હતી, તે આ દિવસે પુનઃસ્થાપિત થઈ હતી.

હિન્દુ કેલેન્ડર મુજબ, અયોધ્યામાં રામ મંદિરનું અભિષેક ગયા વર્ષે પોષ મહિનાના 'શુક્લ પક્ષ'ની દ્વાદશીના રોજ થયું હતું.



ગ્રેગોરિયન કેલેન્ડરમાં તારીખ ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ હતી. આ વર્ષે, પોષ શુક્લ પક્ષ દ્વાદશી ૧૧ જાન્યુઆરીએ આવી હતી. તેમણે જણાવ્યું હતું કે રામ મંદિર આંદોલન કોઈનો વિરોધ કરવા માટે શરૂ કરવામાં આવ્યું ન હતું. આ આંદોલન ભારતના 'સ્વ'ને જાગૃત કરવા માટે શરૂ કરવામાં આવ્યું હતું. જેથી દેશ પોતાના પગ પર ઊભો રહી શકે અને દુનિયાને રસ્તો બતાવી શકે. આક્રમણકારોએ દેશના મંદિરોનો નાશ કર્યો હતો જેથી ભારતનો 'સ્વ' પણ નાશ પામ્યો હતો. તેમના મતે, રામ મંદિર આંદોલન આટલું લાંબું સમય ચાલ્યું કારણ કે કેટલીક શક્તિઓ ઈચ્છતી ન હતી કે ભગવાન રામના જન્મસ્થળ પર મંદિર બને.

મોહન ભાગવતે પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી સાથેની મુલાકાતનો ઉલ્લેખ કર્યો જ્યારે સંસદમાં 'ઘર વાપસી' (પરિવર્તિત લોકોને તેમના મૂળ ધર્મમાં પાછા ફરવા)નો મુદ્દો આવ્યો હતો. આ મુલાકાત દરમિયાન, મુખર્જીએ મને કહ્યું કે ભારતનું બંધારણ વિશ્વનું સૌથી ધર્મનિરપેક્ષ બંધારણ છે અને આવી સ્થિતિમાં દુનિયાને આપણને ધર્મનિરપેક્ષતા શીખવવાનો અધિકાર છે. મુખર્જીએ ૫,૦૦૦ વર્ષ જૂની ભારતીય પરંપરાને ધર્મનિરપેક્ષતા શીખવવાનો શ્રેય પણ આપ્યો હતો.

ભાગવતના મતે, મુખર્જીએ તેમની સાથેની મુલાકાત દરમિયાન જે ૫,૦૦૦ વર્ષ જૂની ભારતીય પરંપરાનો ઉલ્લેખ કર્યો હતો તે ભગવાન રામ, કૃષ્ણ અને શિવથી શરૂ થઈ હતી. ૧૯૮૦ના દાયકામાં રામ મંદિર આંદોલન દરમિયાન, કેટલાક લોકો તેમને પ્રશ્ન પૂછતા હતા કે લોકોની આજીવિકાની ચિંતાને બાજુ પર રાખીને મંદિરનો મુદ્દો કેમ ઉઠાવવામાં આવી રહ્યો છે? હું તે લોકોને પૂછતો હતો કે ૧૯૪૭માં સ્વતંત્રતા પછી સમાજવાદની વાત કરવા, 'ગરીબી હટાવો'ના નારા લગાવવા અને હંમેશા લોકોની આજીવિકાની ચિંતા કરવા છતાં, ૧૯૮૦ના દાયકામાં ભારત ક્યાં હતું અને ઈઝરાયેલ અને જાપાન જેવા દેશો ક્યાં પહોંચી ગયા છે?

આરએસએસ વડાએ કહ્યું કે તેઓ આ લોકોને કહેતા હતા કે ભારતનો આજીવિકાનો માર્ગ રામ મંદિરના પ્રવેશદ્વારમાંથી પસાર થાય છે, અને તેમણે આ ધ્યાનમાં રાખવું જોઈએ.

# શું ભારતમાં હવે ન્યાય મેળવવો પણ રાજદ્રોહ છે, માય લોર્ડ ?

(એજન્સી) તા.૧૪

જો હિન્દુઓ મુસ્લિમો વિરુદ્ધ હિંસા કરે છે, તો તે રાષ્ટ્રવાદી ઉત્સાહની અભિવ્યક્તિ છે. હિન્દુત્વવાદીઓ અથવા હિન્દુઓને મુસ્લિમો સામે હિંસા કરવાનો અધિકાર છે. મુસ્લિમોએ તે હિંસા સહન કરવી જોઈએ અને કોઈપણ પ્રકારનો પ્રતિકાર ન કરવો જોઈએ. જો તેઓએ પ્રતિકાર કર્યો હોય, અને હિંસા થઈ રહી હોય તો તો પછી તે હિંસા આપમેળે આતંકવાદી, રાષ્ટ્રવિરોધી કૃત્ય બની જાય છે.

આ હિંસામાં સામેલ લોકોને કોઈપણ પ્રકારની કાનૂની કે અન્ય મદદ પૂરી પાડવી એ પણ રાષ્ટ્રવિરોધી કે આતંકવાદી કૃત્ય છે. આ હિંસાના તથ્યો શોધવા માટેની કોઈપણ પ્રવૃત્તિ પણ રાષ્ટ્ર વિરોધી કૃત્ય છે. સાત વર્ષ પહેલાં પ્રજાસત્તાક દિવસે ઉત્તર પ્રદેશના કાસગંજમાં થયેલી હિંસામાં પંકજ ગુપ્તા નામના એક હિન્દુની હત્યાના કેસમાં લખનૌની એક અદાલતના નિર્ણય પરથી આ તારણો કાઢી શકાય છે.

કોર્ટે પંકજ ગુપ્તાના મૃત્યુને પૂર્વ આયોજિત, રાષ્ટ્રવિરોધી, આતંકવાદી કાવતરું ગણાવ્યું અને ૨૮ મુસ્લિમોને આજીવન કેદની સજા ફટકારી છે. તેમણે મુસ્લિમોની સાથે ઉભા રહેલા લોકો અને સંગઠનો વિરુદ્ધ પણ ટિપ્પણીઓ કરી છે. આ નિર્ણય આજના રાષ્ટ્રવાદી સમજણની પુષ્ટિ આપે છે કે હિન્દુઓની હિંસા પૂર્વ-આયોજિત નથી, તે સ્વયંભૂ છે. તેઓ સ્વભાવે હિંસક પણ નથી. તેઓ ફક્ત ગુસ્સે થઈ જાય છે અથવા ઉશ્કેરાય જાય છે. કાં તો તેઓ ૫૦૦ વર્ષ જૂના અન્યાયની યાદોથી ભડકી જાય છે, અથવા તેઓ કોઈના દેખાવથી અથવા ગૌમાંસના વિચારથી ઉશ્કેરાઈ શકે છે. તે ઉશ્કેરણી સ્વાભાવિક અને કાયદેસર છે.

જો આ ઉત્તેજનામાં તેઓ હિંસાનો આશરો લે છે તો તેને આટલી ગંભીરતાથી ન લેવી જોઈએ. પરંતુ જો મુસ્લિમો તેમની સામે થતી હિંસાનો પ્રતિકાર કરે છે અને તેના દ્વારા હિંસા થાય છે, તો તે હિંસા હંમેશા પૂર્વ-આયોજિત ષડયંત્ર મુજબ કરવામાં આવે છે. તે હિંસા હિન્દુઓ વિરુદ્ધ ગુનો નથી, તે રાષ્ટ્ર વિરુદ્ધ ગુનો છે. મુસ્લિમોને સંડોવતા દરેક હિંસાત્મક કૃત્ય આતંકવાદી કામગીરી છે.

૨૦૧૮ના પ્રજાસત્તાક દિવસ પર, ઉત્તર પ્રદેશના કાસગંજમાં, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ અને સંકલ્પ ફાઉન્ડેશનના લોકોએ મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારમાંથી બળજબરીથી મોટરસાઈકલ રેલી કાઢવાનો પ્રયાસ કર્યો હતો. તે સમયે તે વિસ્તારમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી ચાલી રહી હતી. ત્રિરંગો ફરકાવવામાં આવી રહ્યો હતો. પરંતુ ત્રિરંગો ધ્વજ ધરાવતા હિન્દુઓ મોટરસાયકલ ચલાવીને તેમાંથી પસાર થવા માંગતા હતા.

પત્રકાર કૃષ્ણપ્રતાપસિંહે ૩૧ જાન્યુઆરી, ૨૦૨૮ના રોજના તેમના લેખમાં આ ઘટના વિશે અહેવાલ આપ્યો હતો.

● કાસગંજના બદ્દુનગર વિસ્તારમાં લઘુમતી સમુદાય પણ પ્રજાસત્તાક દિવસની ઉજવણીની તૈયારીઓમાં વ્યસ્ત હતો, જે સાંપ્રદાયિક શક્તિઓના પ્રચારથી વિપરીત



હતું કે તેઓ રાષ્ટ્રીય કાર્યક્રમો પ્રત્યે ઉત્સાહ દર્શાવતા નથી. જે પરંપરા હેઠળ તેઓ ત્યાં સાથે મળીને પ્રજાસત્તાક અને સ્વતંત્રતા દિવસની ઉજવણી કરી રહ્યા છે તે માટે તેમણે રસ્તા સુધી ખુરશીઓ ગોઠવી દીધી હતી અને તેમને અંદાજ ન હતો કે તે રમખાણોનું કારણ બનશે.

જ્યારે તેઓ ત્રિરંગો ફરકાવવાની તૈયારી કરી રહ્યા હતા, ત્યારે વિશ્વ હિન્દુ પરિષદ અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની ત્રિરંગા રેલીમાં સામેલ લોકો ત્યાં પહોંચી ગયા અને ખુરશીઓ હટાવવા અને રેલીને પસાર થવા દેવાના આદેશ આપવા લાગ્યા. જ્યારે લોકોએ તેમને ધ્વજવંદન સમારોહ સુધી રાહ જોવાની વિનંતી કરી, ત્યારે તેમણે તે સ્વીકાર્યું નહીં અને અયોગ્ય વર્તન કરવાનું શરૂ કર્યું. આક્રમક સૂત્રોચ્ચાર પછી, અરાજકતા શરૂ થઈ અને તે લડાઈ વધી ગઈ અને એક યુવાનનું મોત થયું.

૨૬ જાન્યુઆરીની હિંસા પછી કાસગંજમાં પણ હિંસા થઈ હતી. મુસ્લિમોના ઘરો, દુકાનો અને સંપત્તિ લૂંટી લેવામાં આવી અને સળગાવી દેવામાં આવી. આ બધું ૩ દિવસ સુધી ચાલુ રહ્યું. દિલ્હીથી 'યુનાઈટેડ અગેન્સ્ટ હેટ' નામના સંગઠનની એક ટીમ આ હિંસાના તથ્યો જાણવા માટે ત્યાં ગઈ હતી. તેના અહેવાલમાં જણાવાયું છે કે, તે દિવસે, સંકલ્પ ફાઉન્ડેશન અને ABVPએ સવારે ૮ વાગ્યે પ્રભુ પાર્કથી હવામાં ગોળીબાર કરીને રેલી શરૂ કરી હતી અને રેલીમાં કોઈ પોલીસ કર્મચારી ન હતો. બે જૂથો વચ્ચે ઝઘડો થયા પછી, રેલીમાં કેટલાક યુવાનો બિલરામ ગેટ પાસે આવ્યા અને ત્યાં પાર્ક કરેલી ટ્રોલી પર ઈંટો ભરીને પથ્થરમારો શરૂ કર્યો.

એબીપી ન્યૂઝ ચેનલે પણ તે સમયે આ હિંસાનો અહેવાલ આપ્યો હતો. તેમણે લગભગ એ જ વાત કહી જે 'યુનાઈટેડ અગેન્સ્ટ હેટ'ની ફેક્ટ ફાઈન્ડિંગ ટીમને માહિતી મળી હતી. એબીપી ચેનલના પંકજ ઝાના અહેવાલનું શીર્ષક 'દેશભક્તિના નામે રમખાણો' હતું. આ રિપોર્ટ પછી, પંકજ ઝાને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી. રસપ્રદ વાત એ છે કે, ચેનલે તેમને ઈન્ટરનેટ પરથી દૂર કર્યા હશે કારણ કે આજે શોધવામાં આવે તો પણ તે ફૂટેજ મળી શકતા નથી. પંકજ ઝાનો આ અહેવાલ આજ તક જેવી ચેનલોના ભડકાઉ અહેવાલનો વિરોધ કરી રહ્યો હતો જેમાં પૂછવામાં આવ્યું હતું કે શું ભારતમાં નહીં તો શું આપણે પાકિસ્તાન જઈને ત્રિરંગો ફરકાવીશું?

વાસ્તવમાં કાસગંજમાં થયેલી હિંસા પૂર્વ-આયોજિત હતી પરંતુ આ યોજના કે કાવતરું હિન્દુત્વવાદી સંગઠનોનું હતું. તેમનો ઉદ્દેશ હિંસા ભડકાવવાનો હતો. બાઈક રેલી પહેલા હવામાં ફાયરિંગ કેમ થયું? બાઈક પર બંદૂક કેમ લહેરાવવામાં આવી રહી હતી? ચંદન ગુપ્તાને ખૂબ જ નજીકથી ગોળી મારી દેવામાં આવી હતી. લોકો પોતાની બાઈકો છોડીને બાઈક રેલીમાંથી ભાગી ગયા. તેઓ કોના લોકો હતા?

શું ૨૬ જાન્યુઆરી પછી ત્રણ દિવસ સુધી ચાલેલી હિંસાની કોઈ સરકારી તપાસ થઈ હતી? શું તેમાં સંડોવાયેલા લોકોની ધરપકડ કરવામાં આવી અને તેમને સજા કરવામાં આવી હતી? તે સમયે, કાસગંજના પોલીસ વડાએ ચેતવણી આપી હતી કે આ હિંસા ફેલાવવા દેવામાં આવશે નહીં. આટલું બોલ્યા પછી તરત જ તેમની બદલી કેમ કરવામાં આવી? શું એનું કારણ એ હતું કે મુસ્લિમોને તેમનામાં શ્રદ્ધા હતી?

શું કોર્ટે આ પ્રશ્નો પૂછ્યા હતા? ના. તેમણે પૂછ્યું કે આ પ્રશ્નો કેમ પૂછવામાં આવી રહ્યા છે? માનવ અધિકાર કે નાગરિક અધિકાર સંગઠનોને કાસગંજમાં કેમ રસ હતો? તે શા માટે 'તથ્ય શોધ' કરી રહ્યા હતા અને તે મુસ્લિમોને કાનૂની સહાય કેમ પૂરી પાડી રહ્યા હતા? તેઓ ન્યાય કેમ માંગી રહ્યા હતા ?

પીપલ્સ યુનિયન ઓફ સિવિલ લિબર્ટીઝ (PUCL)એ કોર્ટની ટિપ્પણીની ટીકા કરતા એક નિવેદન બહાર પાડ્યું છે. તેમણે સાચું કહ્યું છે કે નાગરિક સંગઠનો દ્વારા 'તથ્ય શોધ' ગેરકાયદેસર નથી અને તે આપણો બંધારણીય અધિકાર છે.

આ NIA કોર્ટ દ્વારા આપવામાં આવેલ નિર્ણય અન્યાયી છે અને તેની સામે અપીલ કરવી જ જોઈએ. આ નિર્ણય તે હિન્દુત્વવાદી સંગઠનોને પ્રોત્સાહન આપશે જેઓ કાસગંજ જેવી હિંસાનું આયોજન કરતા રહે છે. મુસ્લિમ વિસ્તારોમાં બળજબરીથી પ્રવેશ કરવો અને હિંસા કરવી એ તેમનો અધિકાર છે. પોલીસ આ હિંસા રોકશે નહીં અને મુસ્લિમો પોતાની સુરક્ષા માટે કંઈ કરી શકશે નહીં. ૨૦૧૮ના કાસગંજ હિંસા પછીના ૭ વર્ષમાં, આવી હિંસાની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. હિન્દુત્વ સંગઠનો અને નેતાઓને કોઈ સજા કરવામાં આવી નથી. આનાથી પણ આગળ વધીને, અદાલતો હવે કહી રહી છે કે મુસ્લિમોને કોઈપણ મદદ કરવી એ રાષ્ટ્ર વિરોધી કૃત્ય છે. લખનૌ કોર્ટનો આ નિર્ણય આપણને એહસાન જાફરીની હત્યા કેસમાં ન્યાય માટે તેમની પત્ની ઝાકિયા જાફરીના ૨૦ વર્ષના લાંબા સંઘર્ષ બાદ સુપ્રીમ કોર્ટે જે કહ્યું હતું તેની યાદ અપાવે છે. ફક્ત તેમની વિરુદ્ધ જ નહીં, પરંતુ ન્યાયની શોધમાં તેમની સાથે ઊભા રહેલા તિસ્તા સેતલવાડ સામે પણ ટિપ્પણી કરતા, કોર્ટે નારાજગી વ્યક્ત કરી કે તેણી આટલા લાંબા સમય સુધી ન્યાયની માંગણી કરતી રહી છે. અને કોર્ટને પણ આશ્ચર્ય થયું કે તિસ્તાને આટલો રસ કેમ હતો. આવું કરવાથી ઝાકિયાને ન્યાય મળી શક્યો હોત. આ ચોક્કસપણે એક ષડયંત્ર છે. કોર્ટે સરકારને તપાસ કરવા અને તેમની સામે કાર્યવાહી કરવા જણાવ્યું હતું. ભારતમાં, અદાલતો હવે ન્યાયની શોધને કાવતરું અને રાજદ્રોહ ગણવા લાગી છે. આ પ્રજાસત્તાક દિવસ માટે આ મુખ્ય પ્રશ્ન ધ્યાનમાં લેવો જરૂરી છે.

(સૌ.: સત્યહિન્દી.કોમ)

-અપૂર્વાનંદ

# 'ભાજપ મત માટે સોનાની ચેઈનનું વિતરણ કરી રહી છે' : અરવિંદ કેજરીવાલનો મોટો આરોપ

(એજન્સી) તા.૧૪

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટી (AAP)ના વડા અરવિંદ કેજરીવાલે ભાજપ પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેમણે મંગળવારે (૧૪ જાન્યુઆરી) કહ્યું કે, દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપ ખુલ્લેઆમ પૈસાનું વિતરણ કરી રહ્યું છે. તે સોનાની ચેઈન પણ વહેંચી રહી છે. આના કારણે લોકોમાં ભારે અસંતોષ છે.

તેમણે કહ્યું, "દુર્વ્યવહાર કરનારા પક્ષના લોકો પાસે ઘણા પૈસા છે. હવે તેમણે પોતાના નેતાઓને સોનાની ચેઈન વહેંચવા મોકલ્યા છે. પરંતુ તેમના નેતાઓ વિભાજીત નથી થઈ રહ્યા. જે કોઈ તેમની ઓફિસમાં જાય છે અને તેમની સાથે લડે છે, તેઓ તેને ચૂપ કરાવવા માટે તે આપે છે. જો તમને પણ ચેઈન જોઈતી હોય તો તમે તેમની ઓફિસમાં જઈને મેળવી શકો છો.

કેજરીવાલે કહ્યું, 'તેમની પાર્ટી (ભાજપ) એ દરેકને ૧૦,૦૦૦ રૂપિયા મોકલ્યા, પરંતુ તેમના નેતાઓને લાગે છે કે તેઓ જીતવાના નથી, તેથી તેમણે પૈસા કમાવવા જોઈએ.' તેમના નેતાઓએ દરેક માટે ૯,૦૦૦ રૂપિયા રાખ્યા અને દરેક માટે ૧,૦૦૦ રૂપિયા વહેંચ્યા. તે પણ બધાને આપવામાં આવ્યું ન હતું. જેમ જેમ લોકો આ વિશે જાણી રહ્યા છે, તેમ તેમ તેમનામાં ગુસ્સો વધી રહ્યો છે."

તેમણે પત્રકાર પરિષદમાં દાવો કર્યો હતો કે, 'તેમના નેતાઓએ જનતાના નામે આવેલા પૈસા ખાઈ લીધા છે. તેમના નેતાઓ જ્યાં પણ જઈ રહ્યા છે, જનતા તેમને પૈસા રાખવાનું કહી રહી છે.' તેમના લોકોએ કેટલીક જગ્યાએ ધાબળા વહેંચ્યા અને બીજી જગ્યાએ નહીં, લોકો આ અંગે પણ ગુસ્સે છે. લોકો પૂછી રહ્યા છે કે અમારા ધાબળા, સાડી, જૂતા અને જેકેટ ક્યાં ગયા ? તેઓએ એક કે બે વસાહતોમાં સોનાની ચેન પણ વહેંચી.

# જમ્મુ-કાશ્મીરના રાજૌરીમાં રહસ્યમય બીમારીથી ૧૦ બાળકો સહિત ૧૩ લોકોનાં મોત

(એજન્સી) તા.૧૪

રાજૌરી જિલ્લાના બાદલ ગામમાં સોમવારે રહસ્યમય બીમારીને કારણે વધુ બે બાળકોના મોત થયા. તેમની એક બહેનનું રવિવારે અવસાન થયું. તેના ત્રણ ભાઈ-બહેનો હાલમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

આ બધા છ બાળકો ગામના મુહમ્મદ અસલમના છે. આ બાળકોના પિતા મુહમ્મદ અસલમના મામા મુહમ્મદ યુસુફનું પણ મોડી સાંજે જીએમસી રાજૌરી ખાતે અવસાન થયું. તેને પણ આવા જ લક્ષણો હતા. આ સહિત, છેલ્લા એક મહિનામાં આ ગામમાં ૧૦ બાળકો સહિત ૧૩ લોકોના મોત થયા છે.

તમને જણાવી દઈએ કે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી, પુણે, પીજીઆઈ ચંદીગઢ, એઈમ્સ દિલ્હી અને નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ (એનસીડીસી) દિલ્હીના નિષ્ણાતોની વિવિધ ટીમોએ ગામની મુલાકાત લીધી છે જેથી ત્યાં ફેલાયેલા રહસ્યમય રોગનું કારણ જાણી શકાય, પરંતુ મૃત્યુ શોધી શકાયા નથી. તે કામ કરતું નથી. નમૂનાઓનું પરીક્ષણ કરવા માટે ગામમાં એક ખાસ પ્રયોગશાળા પણ લાવવામાં આવી હતી. કોટરંકા સબ-ડિવિઝનનું બાદલ ગામ એક રહસ્યમય રોગ સામે ઝઝૂમી રહ્યું છે.

ગયા વર્ષે ડિસેમ્બરમાં બે પરિવારના નવ સભ્યોની હત્યા કરવામાં આવી હતી. આમાં મુહમ્મદ અફઝલ અને ચાર બાળકોનું પણ મોત થયું. તેમની પત્ની હજુ પણ જીએમસી જમ્મુમાં સારવાર હેઠળ છે. ૧૧ જાન્યુઆરીએ તેમના ઘરે અંતિમ સંસ્કારની તારીખ હતી.

મુહમ્મદ અસલમ અને તેના બાળકો પણ આમાં ગયા. બંને નજીકના સગા છે. કાર્યક્રમમાં ખોરાક ખાધા પછી અસલમના છ બાળકો બીમાર પડ્યા. તેને ઉલટી, તાવ અને બેભાન થવાની ફરિયાદ થવા લાગી. તેમને પહેલા સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ કોટરાંકા અને પછી જીએમસી રાજૌરી લઈ જવામાં આવ્યા. આ પછી બધાને જીએમસી જમ્મુ રિફર કરવામાં આવ્યા.

# પશ્ચિમ બંગાળના માલદામાં ગોળીબારમાં ૨ TMC કાર્યકરો ઘાયલ

(એજન્સી) તા.૧૪

પોલીસે જણાવ્યું હતું કે, મંગળવારે પશ્ચિમ બંગાળના માલદા જિલ્લામાં તૃણમૂલ કોંગ્રેસના એક નેતા અને એક કાર્યકરની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ જ જિલ્લામાં ટીએમસી કાઉન્સિલરની હત્યાના બે અઠવાડિયાથી ઓછા સમયમાં ગોળીબાર થયો હતો. આ ઘટના કાલિયાગંજ વિસ્તારમાં એક રસ્તાના ઉદ્ઘાટન કાર્યક્રમ દરમિયાન બની હતી. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, ટીએમસી નેતા અને કાર્યકર બંને ગંભીર રીતે ઘાયલ થયા છે અને તેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ સમાચાર એજન્સી પીટીઆઈને જણાવ્યું હતું કે, 'અમે ગોળીબારની તપાસ કરી રહ્યા છીએ અને ઘટનાસ્થળે હાજર સાક્ષીઓ અને પક્ષના સભ્યો સાથે વાત કરી રહ્યા છીએ.'

# હૈદરાબાદમાં KTR અને હરીશ રાવને નજરકેદ કરવામાં આવ્યા

(એજન્સી) તા.૧૪

ભારત રાષ્ટ્ર સમિતિ (BRS)ના કાર્યકારી પ્રમુખ કેટી રામા રાવ (KTR) અને ધારાસભ્ય ટી હરીશ રાવ અને કેટલાક અન્ય નેતાઓને મંગળવાર, ૧૪ જાન્યુઆરીના રોજ હૈદરાબાદમાં નજરકેદ કરવામાં આવ્યા હતા.

તાજેતરની એક બેઠકમાં કોંગ્રેસના ધારાસભ્ય સાથે કથિત રીતે અથડામણ કરવા બદલ પોલીસે હુઝુરાબાદના ધારાસભ્ય પાડી કૌશિક રેડ્ડીની અટકાયત કર્યાના એક દિવસ પછી કેટીઆર અને રાવની અટકાયત કરવામાં આવી છે.

સોશિયલ મીડિયા પર ફરતા વીડિયોમાં હૈદરાબાદમાં સિદ્દીપેટના ધારાસભ્યના ઘરે ભારે પોલીસ બંદોબસ્ત જોવા મળ્યો હતો. નરસિંઘીના એસીપી રમણ ગૌડે પુષ્ટિ કરી કે રાવને નજરકેદ કરવામાં આવ્યા છે.

# ચીનનું સ્પેસ સ્ટેશન ૧,૦૦૦થી વધુ સંશોધન પ્રોજેક્ટ્સ હાથ ધરશે

(એજન્સી) તા.૧૪

ચાઈનીઝ એકેડેમી ઓફ સાયન્સિસ હેઠળના સેન્ટર ફોર ટેકનોલોજી એન્ડ એન્જિનિયરિંગ ફોર સ્પેસ યુટિલાઈઝેશન અનુસાર, ચીનનું સ્પેસ સ્ટેશન આગામી ૧૦થી ૧૫ વર્ષમાં ૧,૦૦૦થી વધુ સંશોધન પ્રોજેક્ટ્સ હાથ ધરશે, વિજ્ઞાનને લોકપ્રિય બનાવશે અને આંતરરાષ્ટ્રીય સહયોગ વધારશે. સિન્હુઆ ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ, કેન્દ્રના એપ્લિકેશન અને વિકાસ વિભાગના ડેપ્યુટી ડિરેક્ટર બા જિનએ સોમવારે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય અવકાશ પ્રયોગશાળા તરીકે સેવા આપતા, ચીનનું અવકાશ મથક આગામી દાયકામાં સઘન આંતરશાખાકીય અને બહુશાખાકીય સંશોધન સહયોગને ટેકો આપશે. નોંધપાત્ર વૈજ્ઞાનિક અને તકનીકી સિદ્ધિઓ પ્રાપ્ત કરવા અને તેમના ઉપયોગને વેગ આપવા માટે. અવકાશ જીવન વિજ્ઞાન અને માનવ સંશોધનના ક્ષેત્રમાં, મૂળભૂત જીવવિજ્ઞાન, બાયોટેકનોલોજી અને પરિવર્તન, જીવન ઈકોલોજી અને જીવનની ઉત્પત્તિમાં સંશોધનને વધુ ઊંડાણપૂર્વક વિકસાવવાના પ્રયાસો કરવામાં આવશે જેથી જીવન પર અવકાશ પર્યાવરણની અસર પદ્ધતિઓ અને પ્રતિસાદ પેટર્નને વધુ ઉજાગર કરી શકાય.

# 'RSS વિચારધારાને સમર્થન આપતા નથી પરંતુ તેમના કાર્યકરોની પ્રતિબદ્ધતા વખાણવા લાયક છે' : શરદ પવારે RSS વિશે શું કહ્યું

**RSSના વખાણ કર્યાના થોડા દિવસો પછી તેઓ સંઘ વિચારધારાનો વિરોધ કરે છે તેવી સ્પષ્ટતા કરતાં, આ પૂર્વ કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, હું તેમના કાર્યકર્તાઓની મહેનતની પ્રશંસા કરૂં છું**

(એજન્સી) તા.૧૪

NCP (SP)ના વડા શરદ પવારે મંગળવારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ની કાર્ય સંસ્કૃતિ અને તેની વિચારધારા પ્રત્યેની પ્રતિબદ્ધતા માટે પ્રશંસા કરી હતી. જો કે, આ પીઢ નેતાએ ઉલ્લેખ કર્યો કે તેઓ RSS વિચારધારાને સમર્થન આપતા નથી. આરએસએસના વખાણ કર્યાના થોડા દિવસો પછી, તેઓ સંઘ વિચારધારાનો વિરોધ કરે છે તે અંગે સ્પષ્ટતા આપતા, પૂર્વ કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, હું ખાસ કરીને આરએસએસ વિચારધારાને સમર્થન આપતો નથી. જો કે, આરએસએસ કેડરની તેની વિચારધારા અને પાર્ટીની કાર્ય સંસ્કૃતિ પ્રત્યેની પ્રતિબદ્ધતા પ્રશંસનીય છે. હું કાર્યકર્તાઓની મહેનતની પ્રશંસા કરૂં છું.

તેઓ મુંબઈમાં એક પત્રકાર પરિષદને સંબોધિત કરી રહ્યા હતા અને કહ્યું કે, મેં જન સંઘના સમયમાં કેટલાક આરએસએસ નેતાઓ સાથે કામ કર્યું છે. હું જાણું છું કે તેઓ કેવી રીતે કાર્ય કરે છે. હું હાલમાં દેશમાં આરએસએસ જે કરી રહ્યું છે તેનો સખત વિરોધ કરૂં છું. ગયા અઠવાડિયે, એનસીપી (એસપી) સુપ્રીમોએ આરએસએસની વિચારધારા પ્રત્યે સમર્પણ માટે પ્રશંસા કરી હતી અને તેમના પક્ષને બીઆર આંબેડકર અને રાજકીય દિગ્ગજ યશવંતરાવ ચવ્હાણના પ્રગતિશીલ વિચારો પ્રત્યે પ્રતિબદ્ધતા



સાથે કાર્યકર આધાર બનાવવા વિનંતી કરી હતી.

૯ જાન્યુઆરીના રોજ એક બેઠકમાં પાર્ટી કાર્યકરોને સંબોધતા, પવારે કહ્યું હતું કે આરએસએસ પાસે એવા પ્રતિબદ્ધ કાર્યકરો છે જે હિન્દુત્વ સંગઠનની વિચારધારા પ્રત્યે અટલ વફાદારી દર્શાવે છે અને કોઈપણ કિંમતે તેમના માર્ગથી ભટકતા નથી. ૮ ફેબ્રુઆરીએ યોજાનારી દિલ્હી ચૂંટણી વિશે શરદ પવારે આમ આદમી પાર્ટી (AAP)ને ટેકો આપવાનો સંકેત આપતા કહ્યું કે, દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં, આપણે અરવિંદ કેજરીવાલને મદદ કરવી જોઈએ. કેજરીવાલની આગેવાની હેઠળની પાર્ટી અને કોંગ્રેસ, બંને ઈન્ડિયા બ્લોકનો ભાગ છે, અને દિલ્હી ચૂંટણી અલગથી લડી રહ્યા છે. સમાજવાદી પાર્ટી અને તૃણમૂલ કોંગ્રેસ (TMC) સહિત અન્ય વિપક્ષી ગઠબંધન સભ્યોએ પણ AAPને ટેકો આપ્યો છે.

# ટેરેસ ટુરિઝમ : ઉત્તરાયણમાં પતંગ ઉડાવવા માટે જૂના અમદાવાદની અગાસીઓનો ઉપયોગ કરવાનો નવો વ્યવસાયિક વિચાર

**ઘણા ગુજરાતીઓ માને છે કે પતંગ ઉડાડવા અને ઉત્તરાયણની ઉજવણી કરવા માટે જૂના અમદાવાદ કરતાં વધુ સારી જગ્યા કોઈ ન હોઈ શકે, કારણ કે તેની અગાસીની ગીચતા વધારે છે, આ ક્રેઝના લીધે ટેરેસ ટુરિઝમ શરૂ થયું છે અને ઘરના માલિકો રૂા.૧ લાખ સુધીના ભાડા પર પોતાની અગાસી ભાડે આપી રહ્યા છે, તેમાં એવા પેકેજો પણ છે જેમાં ખોરાક, સંગીત અને મસાજનો પણ સમાવેશ થાય છે, પરંપરાગત રીતે, ઉત્તરાયણ પતંગ સ્પર્ધાઓ સાથે ઉજવવામાં આવે છે, હવે, અમદાવાદમાં ઘણા લોકો તહેવારો દરમિયાન ટેરેસ ભાડે લે છે**

(એજન્સી) તા.૧૪

અમદાવાદમા ૧૪ જાન્યુઆરીએ 'કાઈપો છે'ના ઉત્સાહી સૂત્રોચ્ચારથી શેરીઓ ગુંજી ઉઠે છે અને આકાશ તમામ રંગોના પતંગોથી છવાયેલું હોય છે. ૧૪-૧૫ જાન્યુઆરીએ ઉત્તરાયણ ઋતુમાં અમદાવાદ અનોખુ બની જાય છે. જો કે, લોકોનો આ મૂડ જૂના અમદાવાદ શહેર માટે અનોખો છે, જ્યાં ઘરોની ગીચતા ખૂબ જ વધારે છે અને છત કાં તો એકબીજા સાથે જોડાયેલી છે અથવા ફક્ત અમુક મીટર જ દૂર હોય છે. જો ભીડને કારણે ઘણા રહેવાસીઓ જૂના અમદાવાદથી બહાર નીકળી ગયા છે, અને તે જ કારણ છે જે ઉત્તરાયણ (મકરસંક્રાંતિ) દરમિયાન આ વિસ્તાર આકર્ષક બની જાય છે. જૂના અમદાવાદમાં આ ક્રેઝથી હવે એક નવો વ્યવસાય, 'ટેરેસ ટુરિઝમ'ને વેગ મળ્યો છે, અને ઘરમાલિકો પતંગ ઉડાવવાની સ્પર્ધાઓ અને પરિવાર સાથે થોડો સમય વિતાવવા માટે બે દિવસ માટે તેમની અગાસી ભાડે આપી રહ્યા છે.

આ નવા યુગના ટેરેસ બ્યુરો અને ટ્રાવેલ એજન્ટો આ તકનો લાભ લેવા માટે કૂદી પડ્યા છે. અને અનેક ટેરેસ-ટુરિઝમ પેકેજો સામે આવી રહ્યા છે જેમાં સ્વાગત પીણાં, તિલ-ચીક્કી, જલેબી, પુરી અને ઊંધિયા, સંગીત અને તાણ દૂર કરવા માટે માલિશનો સમાવેશ થાય છે. જો કે જૂના અમદાવાદમાં ટેરેસ ટુરિઝમ કેટલાક વર્ષો પહેલા શરૂ થયું હતું, પરંતુ તાજેતરમાં જ તે માત્ર ગુજરાતના લોકો જ નહીં પરંતુ મહારાષ્ટ્ર અને ગુજરાતી NRIs દ્વારા ઉત્તરાયણ માટે ટેરેસ ભાડે લેવામાં આવે છે અને લોકોમાં આ લોકપ્રિય બન્યું છે.

ફેસબુક પેજ પતંગ ઉડાવવાના શોખીનોને ઘરમાલિકો સાથે જોડવામાં મદદ કરે છે, અને રેડિટ પર જૂના અમદાવાદમાં ટેરેસ ભાડે કેવી રીતે મેળવવી તે અંગે પ્રશ્નના જવાબ આપે છે. આ પેકેજની લોકપ્રિયતાનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે ટ્રાવેલ એજન્ટો હવે ટેરેસ-ભાડા પેકેજો બનાવી રહ્યા છે, જેમાં લોકો



મકરસંક્રાંતિ દરમિયાન એક કે બે દિવસ માટે તેમના ટેરેસ ભાડે આપી શકે છે. પેકેજમાં સજાવટ અને લોકો માટે ઉત્સવના ખોરાક અને પીણાંનો સમાવેશ થાય છે. કેટલા લોકો ભાડા પર ટેરેસ મેળવવાનો હેતુ ધરાવે છે તેના આધારે, તેઓ ઘરમાલિક સાથે જોડાયેલા હોય છે. આ બધું પતંગોના પ્રેમ માટે છે.

ગુજરાતમાં પતંગ એક મોટો વ્યવસાય છે. પીટીઆઈના અહેવાલ મુજબ, ભારતના પતંગ ઉત્પાદનમાં ૪૦% સાથે રાજ્ય સૌથી મોટું યોગદાન આપે છે. તેથી, પતંગ ઉડાવવા માટે શ્રેષ્ઠ વિસ્તાર ગણાતા ગુજરાતના જૂના અમદાવાદમાં ટેરેસ ટુરિઝમ ખીલી રહ્યું છે તે આશ્ચર્યજનક નથી.

જૂના અમદાવાદમાં ૪૦૦-૫૦૦થી વધુ ટેરેસ છે જેનો ઉપયોગ ટેરેસ ટુરિઝમ માટે થઈ શકે છે, અને શહેરના ટેરેસ ટુરિઝમ વ્યવસાય સાથે સંકળાયેલા લોકોના મતે, ઘરમાલિકો આ બે દિવસમાં ૧ લાખ રૂપિયા સુધીની કમાણી કરી શકે છે. ઉત્તરાયણ ઋતુમાં પતંગ ઉડાવવાની સ્પર્ધાઓ માટે દરેક ઉત્તરાયણ ઋતુમાં ટેરેસ શણગારવામાં આવે છે.

**અમદાવાદમાં ટેરેસ બ્યુરો એ ઘરમાલિકો સાથે લોકોને જોડે છે**

અમદાવાદના સૌથી મોટા ટેરેસ ભાડે આપનારા એજન્ટ અજય મોદીને આ તક ત્યારે મળી જ્યારે તેમણે ઘૂંટણની સર્જરી કરાવી અને તેમને ઘર બદલવું પડ્યું હતું. તેમણે વધારાની આવક માટે પોતાનો ટેરેસ ભાડે આપવાનું નક્કી કર્યું. ત્યારબાદ તેમણે તહેવાર માટે તેમના ત્રણેય ઘરના ટેરેસ ભાડે લેવાનું શરૂ કર્યું હતું. જ્યારે તેમને આ વ્યવસાયને સકારાત્મક પ્રતિસાદ મળ્યો, ત્યારે તેમણે અન્ય લોકો માટે પણ ઉત્તરાયણ ઋતુ માટે ટેરેસ પેકેજ બનાવવાનું શરૂ કર્યું હતું. અજય મોદીએ કહ્યું કે, મેં આ ટેરેસ ટુરિઝમ પેકેજ શરૂ કર્યા કારણ કે ઉત્તરાયણ દરમિયાન શહેર આનંદથી ધમધમતું હોય છે.

તેઓ ટેરેસ ટુરિઝમનો વિસ્તાર કરવાનો અને લગ્ન બ્યુરોની જેમ 'ટેરેસ બ્યુરો' ખોલવાનો પણ પ્રયાસ કરી રહ્યા છે. તેમનું કહેવું છે કે, આનાથી ઉત્તરાયણ દરમિયાન પતંગ ઉડાવવા માટે અગાસીની શોધ કરનારાઓ સાથે ટેરેસ ભાડે લેવા ઈચ્છતા મોટી સંખ્યામાં મકાનમાલિકોને જોડવામાં મદદ મળશે. લોકો ટેરેસના ફોટા જોશે અને પસંદ કરશે કે તેઓ કયો ટેરેસ ઈચ્છે છે. હું આ વ્યવસાય વિકસાવવા માંગુ છું.

જરૂરિયાત અને સુવિધાઓના આધારે ટેરેસના ભાવ પ્રતિ વ્યક્તિ રૂા.૧,૯૯૯થી રૂા.૨,૯૯૯ સુધી શરૂ થાય છે. મારા દરેક ટેરેસમાં ૧૨ લોકો રહી શકે છે. તે ઉત્તરાયણ પર પ્રતિ વ્યક્તિ રૂા.૩,૦૦૦ અને વાસી-ઉત્તરાયણ (૧૫ જાન્યુઆરી) પર પ્રતિ વ્યક્તિ રૂા.૨,૦૦૦માં ઉપલબ્ધ છે.

ઉત્તરાયણ સીઝનમાં તેમણે તેમના ત્રણેય ઘર ભાડે આપ્યા છે, અને તેમણે અમદાવાદમાં ઘણા ઘરમાલિકોને ટેરેસ શોધી રહેલા લોકો સાથે પણ જોડ્યા છે. મોદીને આ સિઝનમાં ટેરેસ ભાડે લેવા અંગે ૧૦૦થી વધુ પ્રશ્નો મળ્યા છે, અને તેમણે શહેરભરમાં ૨૫ અન્ય ઘર ભાડે આપવામાં મદદ કરી છે. પોતાના ટેરેસ ભાડે આપતી રહેવાસી મીતા શાહે કહ્યું કે આ વર્ષે માંગ વધુ હતી. હું પ્રતિ વ્યક્તિ રૂા.૩,૦૦૦ ચાર્જ કરૂં છું અને નાસ્તો અને ખોરાક પૂરો પાડું છું.

પોતાની અગાસી ભાડે આપનાર જૂના અમદાવાદના અન્ય રહેવાસી મયુર દવેએ કહ્યું કે, આ વર્ષે તેમને સારો પ્રતિસાદ મળ્યો છે, પુણે સહિત મહારાષ્ટ્ર અને NRIમાંથી પણ પૂછપરછ કરવામાં આવી છે. સ્થાનિકો કહે છે કે શહેરના અન્ય ભાગોમાં સ્થળાંતર કરનારા અને હાઉસિંગ સોસાયટીઓમાં રહેતા લોકો જૂના શહેરમાં એકબીજા સાથે જોડાયેલ બાલ્કનીઓમાં પતંગ ઉડાવવાના અનુભવ વિશે યાદ કરે છે.

ઘણા એવા ઓનલાઈન પ્લેટફોર્મ છે જ્યાં લોકો ઉત્તરાયણ ઉજવણી માટે બાલ્કનીઓ માટે પૂછપરછ અને બુકિંગ કરી રહ્યા છે. માય ટેરેસ નામના ફેસબુક ગ્રુપ અને સ્થાનિક ટ્રાવેલ એજન્ટ જેવા પ્લેટફોર્મ લોકોને ટેરેસ શોધવામાં મદદ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. ખાડિયાના સાંકડી શેરીમાં દિવાનજીની હવેલી માટે, દર ઉત્તરાયણ ઋતુમાં ટેરેસ ભાડે આપવા માટે પૂછપરછ કરવામાં આવે છે. હવેલીના માલિક રૂપેશ સલોટે અમદાવાદ મિરરને જણાવ્યું હતું કે, અમારા ટેરેસમાં ૧૦૦ લોકો રહી શકે છે, પરંતુ અમે વધુ સારા અનુભવ માટે તેને ૫૦ મહેમાનો સુધી મર્યાદિત કરીએ છીએ. આ પેકેજો રૂા.૧ લાખથી રૂા.૨ લાખ સુધીના છે. અમે પીણાં, નાસ્તા, સજાવટ અને સરળ પતંગ સ્પર્ધાઓ માટે જરૂરી બધી સુવિધાઓ સાથે સ્વાગતભર્યું વાતાવરણ પૂરું પાડીએ છીએ.

આ હવેલી એરબીએનબી અને અન્ય ટ્રાવેલ વેબસાઈટ્સ પર પણ બુક કરી શકાય છે. આ ભાડાના ટેરેસ ઘણા વૃદ્ધ યુગલો માટે વધારાની આવકનો સ્ત્રોત બની ગયા છે જેઓ એકલા રહે છે અથવા જેઓ શહેરથી દૂર ચાલ્યા ગયા છે. અજય મોદીએ નિર્દેશ કર્યો કે, વૃદ્ધ યુગલો, જેમના બાળકો અન્ય શહેરોમાં રહે છે, તેઓ તેમના ટેરેસ ભાડે આપી શકે છે અને રૂા.૧ લાખ સુધી કમાઈ શકે છે. આ આવક તેમને ખર્ચનું સંચાલન કરવામાં મદદ કરે છે, તે વ્યવસાય કરવાનો, વધુ પૈસા કમાવવાનો એક શ્રેષ્ઠ માર્ગ છે.

**-પ્રિયંજલિ નારાયણ**

# ટ્રમ્પે મેક્સિકનોને 'બળાત્કારી' કહ્યા, કેનેડાને '૫૧મું રાજ્ય'- હવે તેઓ લોસ એન્જલસને બચાવી રહ્યા છે

(એજન્સી) તા.૧૪

લોસ એન્જલસ કાઉન્ટી વિસ્તારમાં આગ ઓલવવામાં મદદ કરવા માટે મેક્સિકોએ ૭૨ અગ્નિશામકો મોકલ્યા અને કેનેડાએ 'સુપર સ્કૂપર્સ' વિમાન સાથે ૬૦ માણસોની ક્રૂ તૈનાત કરી. બંને દેશો 'સારા પડોશી' છે, પરંતુ એક મહિના પહેલા જ રાષ્ટ્રપતિ-ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પે તેમને ઊંચા ટેરિફની ધમકી આપી હતી.

ગયા અઠવાડિયે LAમાં લાગેલી આગમાં ઓછામાં ઓછા ૨૪ લોકો માર્યા ગયા અને હજારો લોકો વિસ્થાપિત થયા. શનિવારે મેક્સિકોનો આભાર માનતા, કેલિફોર્નિયાના ગવર્નર ગેવિન ન્યુસોમે કહ્યું કે તેઓ 'આપણી સૌથી મોટી જરૂરિયાતના સમયે તેમના અતૂટ સમર્થન' માટે 'આભારી' છે. 'અમને શ્રેષ્ઠ આપવા બદલ રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શેનબૌમ પાર્ડોનો આભાર.'

'આપણા કેનેડિયન પડોશીઓનો આભારી છું કારણ કે તેઓ જરૂરિયાતના સમયે મદદનો હાથ લંબાવે છે,' ડેમોક્રેટે X પ્લેટફોર્મ પર લખ્યું, જેને ટ્વિટર તરીકે પણ ઓળખવામાં આવે છે.

જો કે, ટ્રમ્પ, જે ૨૦ જાન્યુઆરીએ સત્તાવાર રીતે રાષ્ટ્રપતિ બનશે, તેમણે આગ વિશેની તેમની ઘણી સોશિયલ મીડિયા પોસ્ટ્સમાં હજુ સુધી કેનેડા કે મેક્સિકોનો ઉલ્લેખ કર્યો નથી. તેના બદલે, ૭૮ વર્ષીય ટ્રમ્પે ન્યૂસમ, લોસ એન્જલસના મેયર કરેન બાસ અને અન્ય અધિકારીઓની ટીકા કરી છે. થોડા દિવસો પહેલા જ, ચૂંટાયેલા રાષ્ટ્રપતિએ ધમકી આપી હતી કે જો મેક્સિકો અને કેનેડા ડ્રગ્સ અને સરહદ પાર કરતા સ્થળાંતર કરનારાઓ પર કડક કાર્યવાહી નહીં કરે તો તેઓ તેમના પર ૨૫% ટેરિફ લાદશે. પાછળથી એવું બહાર આવ્યું કે ટ્રમ્પે માર-એ-લાગો રિસોર્ટની મુલાકાત વખતે કેનેડાને '૫૧મું રાજ્ય' અને પીએમ ટ્રુડોને 'ગવર્નર' પણ કહ્યા હતા. મજાક તરીકે શરૂ થયેલી આ ટિપ્પણી, ટ્રુડોએ આ મહિને લિબરલ પાર્ટીના નેતા તરીકે રાજીનામું આપ્યું ત્યાં સુધી ચાલુ રહી. ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ મેક્સીકન લોકોનું વર્ણન કરવા માટે 'બળાત્કારી' અને 'ગુનેગાર' જેવા શબ્દોનો ઉપયોગ કર્યો છે. 'જ્યારે મેક્સિકો પોતાના લોકોને મોકલે છે, ત્યારે તેઓ તેમના શ્રેષ્ઠ લોકોને મોકલતા નથી. તેઓ તમને મોકલી રહ્યા નથી. તેઓ તમને મોકલી રહ્યા નથી. તેઓ એવા લોકોને મોકલી રહ્યા છે જેમની પાસે ઘણી સમસ્યાઓ છે અને તેઓ ઉકેલવાના નથી.' તેઓ સમસ્યાઓ લાવી રહ્યા છે. તેઓ ડ્રગ્સ લાવી રહ્યા છે. તેઓ ગુના લાવી રહ્યા છે. તેઓ બળાત્કારી છે, તેમણે વ્હાઈટ હાઉસમાં તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન કહ્યું હતું. જોકે, મેક્સિકો 'ઉદારતા અને એકતા'માં માને છે, એમ રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શેનબૌમ પાર્ડોએ જણાવ્યું હતું. તેમણે ટ્રમ્પના મેક્સિકોના અખાતનું નામ બદલીને યુનાઈટેડ સ્ટેટ્સ રાખવાના દાવાને પણ નકારી કાઢ્યો.

# કેન્દ્ર, UGC રાજ્યની યુનિવર્સિટીઓને અસ્થિર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે : કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયન

(એજન્સી) તા.૧૪

કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને મંગળવારે આરોપ લગાવ્યો કે કેન્દ્ર સરકાર અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને અસ્થિર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે યુજીસીના નવીનતમ ડ્રાફ્ટ નિયમો આના ઉદાહરણો છે, જે રાજ્યની યુનિવર્સિટીઓની સ્વાયત્તતા માટે ખતરો છે.

વિજયને કહ્યું કે આ નિયમો રાજ્ય શાળાઓને સ્વાયત્તતા આપતા કાયદાઓનું ઉલ્લંઘન કરે છે, જે ચૂંટાયેલી વિધાનસભા દ્વારા ઘડવામાં આવ્યા હતા.રાજ્યના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત ઉચ્ચ શિક્ષણ પર આંતરરાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કર્યા પછી મુખ્યમંત્રીએ આ ટિપ્પણી કરી હતી.

પોતાના સંબોધનમાં, વિજયને એ પણ સ્પષ્ટ કર્યું કે શિક્ષકોની નિમણૂક માટે લઘુત્તમ લાયકાત જેવા મુદ્દાઓ પર રાજ્યને કોઈ વાંધો નથી. તેમણે કહ્યું કે, રાજ્ય સરકાર આ નિયમોનું પાલન કરે છે. પરંતુ આ હદ સુધી યુજીસીનો હસ્તક્ષેપ સ્વીકાર્ય નથી. તેમણે ધ્યાન દોર્યું કે મોટાભાગની યુનિવર્સિટીઓને રાજ્યના સંસાધનો દ્વારા ભંડોળ પૂરૂં પાડવામાં આવે છે. કેન્દ્ર તરફથી ખૂબ જ ઓછું યોગદાન છે.

વિજયને કહ્યું કે, તે ચિંતાજનક અને નિરાશાજનક છે કે કેન્દ્ર સરકાર અને યુજીસી આવા પગલાં લઈ રહ્યા છે જે આ સંસ્થાઓને અસ્થિર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે યુજીસી અને કેન્દ્ર સરકારને યુનિવર્સિટીઓની સ્વાયત્તતા અને રાજ્ય સરકારના અધિકારોનું સન્માન કરવા અપીલ કરી.

મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું કે, યુજીસી અને કેન્દ્ર સરકાર સમજી શકતા નથી કે આ પ્રયાસો જાહેર ભંડોળથી ચાલતી ઉચ્ચ શિક્ષણ પ્રણાલીને કેટલું નુકસાન પહોંચાડી શકે છે, જેનાથી ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ માટે માર્ગ મોકળો થાય છે.

# જમ્મુ અને કાશ્મીરના નૌશેરા સેક્ટરમાં આકસ્મિક લેન્ડમાઈન વિસ્ફોટમાં ૬ સેનાનાં જવાનો ઘાયલ

(એજન્સી) શ્રીનગર, તા.૧૪

જમ્મુ અને કાશ્મીરના રાજૌરી જિલ્લાના નૌશેરા સેક્ટરમાં મંગળવારે આકસ્મિક લેન્ડમાઈન વિસ્ફોટમાં ઓછામાં ઓછા છ ભારતીય સેનાના જવાનો ઘાયલ થયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ ઘટના નિયંત્રણ રેખા પર બની હતી. સમાચાર એજન્સી PTIના અહેવાલ મુજબ, એક સૈનિકે ભૂલથી લેન્ડમાઈન પર પગ મુકી દેતાં આ વિસ્ફોટ થયો હતો.

ખાંબા કિલ્લા નજીક ગોરખા રાઈફલ્સના જવાન નિયમિત પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે ખાણમાં વિસ્ફોટ થયો હતો, આ ઘટના મંગળવારે સવારે લગભગ ૧૦:૪૫ વાગ્યે બની હતી. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. વધુ વિગતો હજુ રાહ જોવાઈ રહી છે.

આ મહિનાની શરૂઆતમાં, જમ્મુ અને કાશ્મીરના બાંદીપોર જિલ્લામાં ભારતીય સેનાનો એક ટ્રક રસ્તા પરથી લપસીને ટેકરી પરથી નીચે પડી ગયો હતો, જેમાં ઓછામાં ઓછા ચાર સૈનિકોના મોત થયા હતા. ગયા મહિને, જમ્મુ અને કાશ્મીરના પૂંછ જિલ્લામાં એક સૈન્ય વાહન રસ્તા પરથી લપસીને ૩૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકતાં પાંચ સૈનિકોના મોત થયા હતા અને એટલા જ અન્ય ઘાયલ થયા હતા.

# ભાજપના નેતા વિક્રમ સૈનીનું નફરતી ભાષણ : મુસ્લિમો સામે હથિયાર ઉપાડવાની હાકલ મુદ્દે લોકોમાં આક્રોશ

**ભાજપ નેતા વિક્રમ સૈનીએ હિંદુઓને તેમની દુકાનોમાં લાકડીઓ અને પથ્થરો રાખીને મુસ્લિમો સામે સ્વરક્ષણ માટે તૈયાર રહેવા વિનંતી કરી હતી**

(એજન્સી) મુઝફ્ફરનગર, તા.૧૪

ભાજપના પૂર્વ ધારાસભ્ય વિક્રમ સૈની ઉગ્ર અને મુસ્લિમ વિરોધી નફરતભર્યા ભાષણો માટે કુખ્યાત છે. ભાજપના આ પૂર્વ ધારાસભ્ય વિક્રમ સૈનીએ ફરી એકવાર હિન્દુઓને તેમની દુકાનોમાં લાકડીઓ અને પથ્થરો રાખીને મુસ્લિમો સામે સ્વરક્ષણ માટે તૈયાર રહેવા વિનંતી કરીને આક્રોશ ફેલાવ્યો છે. યુનાઈટેડ હિન્દુ મોરચા દ્વારા આયોજિત એક કાર્યક્રમ દરમિયાન આપેલા ભાષણથી વ્યાપક આક્રોશ અને ચિંતા છે.

બાબરી મસ્જિદના સ્થળે અયોધ્યામાં આયોજિત રામ મંદિર સમારોહની પ્રથમ વર્ષગાંઠની ઉજવણીના કાર્યક્રમમાં સૈનીએ કહ્યું કે, આ મુલ્લાઓને તમારી દુકાનોમાં નોકરી પર રાખશો નહીં. ભલે તે વધુ ખર્ચાળ હોય, એક હિન્દુ છોકરાને રૂા.૧૦,૦૦૦ને બદલે રૂા.૧૫,૦૦૦ ચૂકવો. તેમણે દુકાનદારોને ચાર લાકડીઓ અને પથ્થરોના બે બોક્સ રાખવા સલાહ આપી અને કહ્યું કે, જો કોઈ તમારા પર પથ્થરથી હુમલો કરે, તો એક પથ્થર અને દસ લાકડીઓથી બદલો લો.

સૈનીએ મુસ્લિમોને પરોક્ષ રીતે 'અબ્દુલ' કહીને પોતાના વક્તવ્યમાં દાવો કર્યો કે, જ્યારે અબ્દુલ ખોરાક લેવા જાય છે, ત્યારે તે તમારી બહેનો અને દીકરીઓ તરફ જુએ છે. ટીકાકારોએ સૈનીના આ નિવેદનને ઉશ્કેરણીજનક અને હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે વિભાજનનો પ્રયાસ ગણાવ્યો છે. સૈનીના આ નિવેદનને ઉશ્કેરણીજનક અને હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે વિભાજનને વધુ ગાઢ બનાવવાના પ્રયાસ તરીકે વખોડી કાઢ્યું છે.

આ સભાને સંબોધતા, સૈનીએ જણાવ્યું કે પાકિસ્તાન મુસ્લિમોનું છે, અને હિન્દુસ્તાન



હિન્દુઓનું છે અને જો તમને ધમકી આપવામાં આવે તો હિન્દુઓએ લાકડીઓથી પોતાનો બચાવ કરવા તૈયાર રહેવું જોઈએ. જો કોઈ વક્ફના નામે આવે છે, તો તમારે લાકડી લઈને ઉભા થવું જોઈએ. હું ભાષણ આપતો પાતળો વ્યક્તિ છું, પણ મારામાં થપ્પડ મારવાની હિંમત છે.

સૈનીએ મુસ્લિમ જન્મદરનો સામનો કરવા માટે હિન્દુઓને વધુ બાળકો પેદા કરવા હાકલ કરતા કહ્યું કે, જો મુસ્લિમો જેહાદ માટે ૧૧ બાળકોને જન્મ આપી રહ્યા છે, તો હિન્દુઓએ ચાર બાળકોને જન્મ આપવો જોઈએ. એક દેશ માટે, એક દાદા-દાદી માટે, એક માતાપિતા માટે અને એક સમાજ માટે.

આ નિવેદનોની વિવિધ રાજકીય નેતાઓ, માનવાધિકાર સંગઠનો અને સમુદાયના નેતાઓ દ્વારા ટીકા કરવામાં આવી છે. ઘણા લોકોએ સમાજમાં નફરત અને વિભાજન ફેલાવવા બદલ સૈની સામે તાત્કાલિક કાર્યવાહી કરવાની હાકલ કરી છે. આ ભારતના રાજકીય અને સામાજિક પરિદૃશ્યમાં રહેલી ખામીઓને ઉજાગર કરે છે, જ્યાં ઉશ્કેરણીજનક વાણી-વર્તન વધુને વધુ સામાન્ય અને સામાન્ય બની રહ્યું છે, જે દેશમાં સાંપ્રદાયિક સંવાદિતા અને શાંતિ અંગે ચિંતાઓ ઉભી કરે છે.


# વડાપ્રધાન મોદીની ડિગ્રીનો વિવાદ : 'આરટીઆઈ તૃતીય પક્ષની જિજ્ઞાસાને સંતોષી શકે નહીં,' દિલ્હી યુનિવર્સિટીએ હાઈકોર્ટમાં નિવેદન આપ્યું

**હાઈકોર્ટ ૧૯૭૮માં બેચલર ઓફ આર્ટ્સ પ્રોગ્રામમાંથી સ્નાતક થયેલા વિદ્યાર્થીઓના રેકોર્ડનું નિરીક્ષણ કરવાની મંજૂરી આપવાના કેન્દ્રીય માહિતી આયોગના આદેશ સામે દિલ્હી યુનિવર્સિટીની ૨૦૧૭ની અરજી પર સુનાવણી કરી રહી હતી**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૪

દિલ્હી યુનિવર્સિટીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની કોલેજ ડિગ્રી સંબંધિત કેસમાં દિલ્હી હાઈકોર્ટને જણાવ્યું છે કે, માહિતી અધિકાર વિનંતીનો હેતુ તૃતીય પક્ષની જિજ્ઞાસાને સંતોષવાનો ન હોઈ શકે. યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કર્યું હતું, જેમણે કહ્યું હતું કે, વિદ્યાર્થીઓની માહિતી યુનિવર્સિટી દ્વારા વિશ્વાસુ તરીકે રાખવામાં આવી હતી. તે કોઈ અજાણી વ્યક્તિને જાહેર કરી શકાતી નથી. કલમ ૬ એ આદેશ આપે છે કે આ માહિતી આપવી પડશે. પરંતુ આરટીઆઈ કાયદો કોઈની જિજ્ઞાસાને સંતોષવાના હેતુ માટે નથી. હાઈકોર્ટ દિલ્હી યુનિવર્સિટીની ૨૦૧૭ની અરજી પર સુનાવણી કરી રહી હતી જેમાં સેન્ટ્રલ ઈન્ફર્મેશન કમિશનના ૧૯૭૮માં બેચલર ઓફ આર્ટ્સ પ્રોગ્રામમાંથી સ્નાતક થયેલા વિદ્યાર્થીઓના રેકોર્ડનું નિરીક્ષણ કરવાની મંજૂરી આપવાના આદેશ સામે સુનાવણી કરવામાં આવી હતી. આ વર્ષે મોદીએ પરીક્ષા પાસ કરી હોવાનું કહેવાય છે. મહેતાએ રજૂઆત કરી હતી કે જાહેર અધિકારીઓની કામગીરીમાં પારદર્શિતા અને જવાબદારી સાથે અસંબંધિત માહિતી જાહેર કરવાનો આદેશ આપીને RTI કાયદાનો દુરુપયોગ કરી શકાતો નથી. મોદીની ડિગ્રીઓ અંગે અટકળો અને વિવાદ ચાલી રહ્યો છે ત્યારે મહેતાએ એવું સૂચન કર્યું કે આનાથી આવી વધુ વિનંતીઓ માટે માર્ગ મોકળો થશે. તેઓ ૧૯૭૮માં દરેકની માહિતી ઈચ્છે છે. કોઈ આવીને કહી શકે છે કે ૧૯૭૯માં તો કોઈ ૧૯૬૪ની માહિતી માંગે છે. આ યુનિવર્સિટી ૧૯૨૨માં સ્થાપિત થઈ હતી.

# ‘લપેટ-લપેટ’ના ગગનભેદી નારા સાથે પતંગબાજો વચ્ચે ‘અવકાશી યુદ્ધ’ જામ્યું




ઉત્તરાયણના પર્વ નિમિત્તે સવારથી પતંગબાજો વચ્ચે ‘અવકાશી યુદ્ધ’ જામ્યું હતું અને ‘લપેટ લપેટ’ના ગગનભેદી અવાજથી માહોલ ગુંજી ઉઠ્યો હતો. ગુજરાતભરમાં મકરસંક્રાંતિની ભારે આનંદ અને ઉલ્લાસપૂર્ણ ઉજવણી થઈ હતી. પતંગ રસિકો માટે બે દિવસ સારા પવનના વાવડ આનંદ આપનાર છે. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ સહિત તમામ જિલ્લામાં પતંગ રસિકો વહેલી સવારથી જ ધાબે ચઢી ગયા હતા. આકાશ રંગબેરંગી પતંગોથી રંગાયું હતું. વિદેશથી પણ પતંગ ચગાવવાની મજા લેવા ગુજરાતીઓ આવ્યા હતા. ઉત્તરાયણમાં દર વર્ષે પતંગોમાં, વાનગીઓમાં અને સ્પીકરો પર વાગતા ગીતોમાં કંઈકને કંઈક ફેરફાર જોવા મળતો હોય છે. પરંતુ આ વર્ષે આખા વિશ્વના પ્રવાસીઓનું ધ્યાન અમદાવાદની પોળોમાં ઉત્તરાયણનો આનંદ લેવા માટે એકત્રિત થયું છે. પોળોમાં પતંગરસિકોની ભારે ભીડ જોવા મળી હતી. મંગળવારે ખૂબ પવન હોવાના કારણે સવારથી જ પતંગ ચગાવવાની લોકોને મજા પડી ગઈ હતી. નાના બાળકોથી લઈને મોટા લોકો અને વડીલો પણ ધાબા ઉપર પતંગ ચગાવતા નજરે પડ્યા હતા. તો બીજી તરફ ઉત્તરાયણના આ પર્વ પર કોઈ અકસ્માત સર્જાય તો તેના માટે ૧૦૮, કરૂણા અભિયાન અને ફાયરની ટીમો પણ ખડેપગે હતી. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં પણ વિવિધ થીમની પતંગો આકાશમાં જોવા મળી હતી. ઉત્તરાયણ પર્વ વચ્ચે રસ્તા પર નીકળતા વાહનચાલકોને પણ કામ વગર બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી હતી. ત્યારે ટુવ્હીલર લઈને નીકળેલા ચાલકના ગળે દોરી આવી ગઈ હતી. જો કે તેણે વાહનને તે જ સમયે થંભાવી દેતા દુર્ઘટના બનતા સદનસીબે અટકી હતી. જે તસવીરમાં દૃશ્યમાન થાય

### કેન્દ્રીય ગૃહમંત્રી ત્રણ દિવસ ગુજરાતની મુલાકાતે

## રાજ્યની સૌથી મોટી પોલીસલાઈનનું અમિત શાહે ખાતમુહૂર્ત કર્યું, કાર્યકર્તાઓ સાથે પતંગ ચગાવી





## અમિત શાહે બે પતંગો કાપી લપેટ...લપેટ...ની બૂમો પાડી, ત્યારબાદ પોતાનો પતંગ કપાતા હસી પડ્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૪

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ત્રણ દિવસની ગુજરાતની મુલાકાતે છે. આજે અમદાવાદમાં અમિત શાહે ઉત્તરાયણ પર્વની ઉજવણી કરી હતી. ઉત્તરાયણના પર્વની ઉજવણી અમિત શાહ મોટેભાગે અમદાવાદમાં કરતા હોય છે. દર વર્ષની માફક આ વર્ષે પણ અમદાવાદમાં કાર્યકર્તાઓ સાથે પતંગ ચગાવી તેઓએ ઉત્તરાયણની ઉજવણી કરી હતી. ત્રણ દિવસીય ગુજરાત પ્રવાસે આવેલા શાહે મેમનગર વિસ્તારમાં આવેલા શાંતિનિકેતન એપાર્ટેન્ટના ધાબા પર મુખ્યમંત્રી અને ભાજપના કાર્યકર્તાઓ સાથે પતંગ ચગાવી હતી. શાહે પતંગ ચગાવ્યો હતો જ્યારે પત્નીએ ફીરકી પકડી હતી.

શાંતિનિકેતન એપાર્ટમેન્ટમાં પતંગ ચગાવતા પહેલાં અમિત શાહનું અને મુખ્યમંત્રીનું સ્થાનિકો દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું. અમિત શાહે સ્થાનિક લોકો અને બાળકો સાથે મુલાકાત કરી ઉત્તરાયણના પર્વની શુભેચ્છા પાઠવી હતી. ત્યારબાદ ઘાટલોડિયામાં બનનારી રાજ્યની સૌથી મોટી પોલીસ લાઈનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જગન્નાથ મંદિરે દર્શન કરવા પહોંચ્યા હતા.

અમદાવાદમાં ઉત્તરાયણની ઉજવણી કરવા આવેલા અમિત શાહે પરિવાર સાથે મેમનગર વિસ્તારમાં આવેલા શાંતિનિકેતન એપાર્ટમેન્ટના ધાબા પરથી પતંગ ચગાવી હતી. આ સમયે પત્નીએ ફિરકી પકડી રાખી હતી. અમિત શાહે બે પતંગો કાપી લપેટ...લપેટ...ની બૂમો પાડી હતી. ત્યારબાદ પોતાનો પતંગ કપાતા તેઓ હસી પડ્યા હતા. આ સમયે મુખ્યમંત્રી સહિતના ભાજપના કાર્યકર્તાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં બનનારી રાજ્યની સૌથી મોટી પોલીસ લાઈનનું અમિત શાહના હસ્તે ખાતમુહૂર્ત કરાયું હતું. અમદાવાદ શહેરના ઘાટલોડિયા વિસ્તારમાં હવે શહેરની સૌથી મોટી પોલીસ લાઈન બનવા જઈ રહી છે. જે પોલીસ લાઈનમાં ૧૩ માળનાં કુલ ૧૮ ટાવર બનવાનાં છે. જેમાં બેઝમેન્ટ બે માળ સુધીનું હશે, જેમાં વાહન પાર્કિંગ માટે વ્યવસ્થા કરવામાં આવી છે.

૧૪થી ૧૬ જાન્યુઆરી એમ ત્રણ દિવસ કેન્દ્રીય ગૃહમંત્રી ગુજરાતમાં રહેશે. ૧૪ તારીખે સવારે થલતેજમાં કાર્યકર્તાના ત્યાં ઉત્તરાયણની ઉજવણી કરશે. ઉજવણી બાદ ઘાટલોડિયામાં પોલીસ સ્ટેશન અને આવાસનાં વિકાસ કાર્યોના કાર્યક્રમમાં હાજરી આપશે. સાંજે ન્યુ રાણીપ આર્યવિલા ફ્લેટ અને સાબરમતીમાં અર્હમ ફ્લેટ ખાતે ઉત્તરાયણની ઉજવણી કરશે. ૧૫ તારીખે કલોલ, માણસા ખાતે સરકારી કાર્યક્રમમાં હાજરી આપશે. ૧૬ તારીખે વડનગરમાં પી. એમ. મોદી જે સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો તે સ્કૂલમાં પ્રેરણા સંકુલનું ઉદ્‌ઘાટન કરશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાત આવ્ય છે, ત્યારે તેમની સુરક્ષાના ભાગરૂપે માનવરહિત રિમોટ સંચાલિત ડ્રોન, નાના વિમાન જેવા ઉપકરણો સંશોધન અથવા એરોસ્પોટમાં ઉપયોગમાં લેવાતાં સાધનોના ઉડાવવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અને આમ જનતાની સુરક્ષાના હેતુથી પોલીસ કમિશનર દ્વારા અમદાવાદ શહેરની હદને નો ડ્રોન ફલાય ઝોન જાહેર કરવામાં આવ્યો છે. જે દરમિયાન રિમોટ કંટ્રોલથી ચલાવવામાં આવતાં ડ્રોન, ક્વાડ કોપ્ટર, પાવર્ડ એરક્રાફ્ટ તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફ્ટ, હેંગ ગ્લાઈડર-પેરાગ્લાઈડર, પેરા મોટર તેમજ હોટ એર બલૂન તથા પેરા જમ્પિંગ જેવી પ્રવૃત્તિ ઉપર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. જો કોઈ વ્યક્તિ આ પ્રકારની કોઈ પણ પ્રવૃત્તિ કરતા ઝડપાશે તો પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

### ઉત્તરાયણના દિવસે વડાપ્રધાને દેશવાસીઓને મકરસંક્રાંતિની શુભકામના આપી

## ગુજરાતમાં તો બધા આજે ધાબા પર જ હશે : PM મોદી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારતીય હવામાન વિભાગના ૧૫૦મા સ્થાપના દિવસના કાર્યક્રમમાં ભાગ લેવા માટે ભારત મંડપમ પહોંચ્યા હતા. અહીંથી તેઓએ દેશવાસીઓને મકરસંક્રાંતિની શુભકામના આપી હતી. વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, હું ગુજરાતનો રહેવાસી છું, તો મારો પ્રિય તહેવાર મકરસંક્રાંતિ છે. આજે ગુજરાતના તમામ લોકો ધાબા પર હોય છે, આખો દિવસ મજા કરે છે. હું પણ ક્યારેક રહેતો હતો, ત્યારે ઘણો શોખ હતો, પરંતુ આજે હું તમારી વચ્ચે છું. આજે સૂર્ય ધન રાશિથી મકર રાશિમાં પ્રવેશ કરે છે. સૂર્ય ધીમે-ધીમે ઉત્તરની બાજુ ખસે છે. આપણે ત્યાં ભારતીય પરંપરામાં તેને ઉત્તરાયણ કહેવામાં આવે છે.




## ખીરાજે અકીદત

છીપા કબ્રસ્તાન કમિટીના સભ્ય જનાબ સરફુદ્દીનભાઈ બદરૂદ્દીનભાઈ અજમેરવાલાનું તા.૧૪.૦૧.૨૦૨૫ના રોજ લાંબી માંદગી બાદ દુઃખદ અવસાન થવાથી છીપા કબ્રસ્તાન કમિટી, છીપા સમસ્ત જમાત કમિટી, છીપા જમાત ચેરિટેબલ ટ્રસ્ટ, છીપા બયતુલમાલ કમિટી તેમજ સમગ્ર છીપા સમાજ ઘેરા શોકની લાગણી અનુભવે છે. તેઓ છીપા કબ્રસ્તાન કમિટી તેમજ છીપા જમાત બયતુલમાલ કમિટીના સક્રીય સભ્ય હતાં.

મર્હૂમ સરફુદ્દીનભાઈ બદરૂદ્દીનભાઈ અજમેરવાલા

તેઓની સેવાઓ છીપા જમાત ક્યારેય ભુલશે નહીં. અલ્લાહ તઆલા તેમને જન્નતુલ ફીરદૌશમાં આલા મકામ અતા ફરમાવે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે આમીન.

— છીપા સમસ્ત જમાત કમિટી
— છીપા જમાત ચેરીટેબલ ટ્રસ્ટ
— છીપા કબ્રસ્તાન કમિટી
— છીપા જમાત બયતુલમાલ કમિટી


### ઉત્તરાયણના દિવસે ગોઝારો અકસ્માત

## શંખેશ્વરમાં ઓવરસ્પીડ કાર લોકોને અડફેટે લીધા બાદ ટેમ્પોના બોનેટ પર ચઢી : બેનાં મોત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૪

રાજ્યમાં અકસ્માતની ઘટનાઓમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. ગઈકાલે અમદાવાદ શહેરમાં દર્દનાક અકસ્માતની ઘટના સામે આવી હતી, જેમાં બેફામ કારચાલકને લઈ એક નિર્દોષ યુવકને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. ત્યારે આજે ઉત્તરાયણના દિવસે એક ગોઝારો અકસ્માત સર્જાયો હતો, જેમાં બે લોકોનાં કરૂણ મોત નિપજ્યા છે.

પાટણના શંખેશ્વરમાં એક ઓવરસ્પીડ સ્કોર્પિયો કાર ટેમ્પો ટ્રાવેલર સાથે અથડાતાં આ ઘટના બની હતી. કારની ઓવરસ્પીડના લીધે તેણે રસ્તામાં લોકોને અડફેટે લીધા હતા, જેમાં બે લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા તો અન્ય બે લોકો ઈજાગ્રસ્ત થયા હતા. મળતી માહિતી અનુસાર આ ઘટના શંખેશ્વરના જહાજ મંદિર પાસે બની હતી, જ્યાં પૂરઝડપે આવતી સ્કોર્પિઓ કાર રોંગ સાઈડ પર પડેલી ટેમ્પો ટ્રાવેલ્સ સાથે અથડાઈ અને કાર ટેમ્પો ટ્રાવેલ્સ સાથે અથડાતાં હવામાં ફંગોળાઈ હતી અને ફંગોળાઈને તે ટેમ્પો ટ્રાવેલ્સના બોનેટ પર ચઢી ગઈ હતી. મંદિરે આવેલા લોકોમાં આ ઘટનાને લીધે નાસભાગ થઈ હતી. કાર હવામાં ફંગોળાતા તેણે મંદિરે આવેલા લોકોને અડફેટે લીધા હતા. આ ઘટનામાં બે લોકો ઈજાગ્રસ્ત થતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે નજીકની રેફરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યારે બે લોકોનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. મળતી માહિતી મુજબ મૃત્યુ પામનાર તેમજ ઈજાગ્રસ્ત લોકો તમામ શંખેશ્વરના રહેવાસી હોવાની વાત સામે આવી છે. હાલ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને સમગ્ર મામલાની તપાસ શરૂ કરી છે.



મંદિરે આવેલા લોકોમાં નાસભાગ મચી

### અમરેલી લેટરકાંડ મુદ્દે બે નેતાઓએ આપ્યા નિવેદન

## ગુજરાતમાં કોંગ્રેસ ખલાસ થઈ ગઈ, તે અમરેલી મુદ્દે હવાતિયાં મારી રહી છે : પૂર્વ CM વિજય રૂપાણી

### જ્યારે ભાજપના જ બીજા નેતા દિલીપ સંઘાણી કહે છે કે, પોલીસે કાયદાનો દુરૂપયોગ કરીને દીકરીનું સરઘસ કાઢ્યું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૪

અમરેલી લેટરકાંડમાં પાટીદાર દીકરી પાયલ ગોટીને ન્યાય અપાવવા માટે કોંગ્રેસના નેતાઓ મેદાને આવ્યા છે. અમરેલી બાદ સુરતમાં કોંગ્રેસ નેતાઓ દ્વારા ‘નારી સ્વાભિમાન આંદોલન’ યોજી ધરણાં પ્રદર્શન કરવામાં આવ્યા હતા. અમરેલી લેટરકાંડમાં પાટીદાર દીકરી સામે થયેલી પોલીસ કાર્યવાહીને લઈ હવે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને સહકારી નેતા દિલીપ સંઘાણીનું નિવેદન સામે આવ્યું છે.

અમરેલી પત્રકાંડ મામલે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું કે, પાયલ સાથે જે થયું તેની તપાસ થવી જોઈએ. જે તે પોલીસકર્મી સામે પગલાં પણ લેવા જોઈએ. પાયલને ભાજપની સરકાર ચોક્કસ ન્યાય આપશે. વિજય રૂપાણીએ કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે, કોંગ્રેસ અમરેલી મુદ્દે હવાતિયા મારી રહી છે. ગુજરાતમાં કોંગ્રેસ ખલાસ થઈ ગઈ છે. નવા સંગઠન મુદ્દે વિજય રૂપાણીએ કહ્યું કે, BJP પાર્ટી લોકતાંત્રિક ઢબે ચાલે છે. સમય-સમયે આંતરિક ચૂંટણીઓ કરે છે. સંગઠન મુદ્દે પાર્ટી એકમતે નિર્ણય કરશે.

બીજી બાજુ અમરેલી પત્રકાંડ અંગે પાટીદાર દીકરી સામે પોલીસ કાર્યવાહીને લઈ સહકારી નેતા દિલીપ સંઘાણીએ સવાલ ઊઠાવ્યા છે. તેમણે કહ્યું કે, પોલીસે કાયદાનો દુરૂપયોગ કરીને દીકરીનું સરઘસ કાઢ્યું હતું. પોલીસે ઓવર કામગીરી કરીને દીકરીનું અપમાન કર્યું છે. માર મારવો, સરઘસ કાઢવું એ વધારે પડતું છે. તેમણે કહ્યું કે, હું દીકરીને મળવા જેલમાં ગયો એટલે આખુ ભાજપ આવી ગયું. નકલી લેટરકાંડની સત્યતા અંગે તપાસ થવી જોઈએ અને સત્ય હકીકત બહાર લાવવી જોઈએ. સરકારે નિર્લિપ્ત રાયને તપાસ સોંપી છે, આથી જનતાને વિશ્વાસ બેસે એવી કડક કાર્યવાહી કરવી જોઈએ. આ સાથે તેમણે કોંગ્રેસ પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, આ મુદ્દે કોંગ્રેસ માત્ર રાજકારણ કરે છે.

### નોકરિયાત કર્મચારીઓને પગાર ચૂકવવામાં અન્ય રાજ્યો કરતા ગુજરાત પાછળ

## ગુજરાતીઓ દર અઠવાડિયે સરેરાશ ૫૩ કલાક કામ કરે છે જે અન્ય રાજ્યો કરતાં વધુ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૪

ગુજરાતની ગણતરી એક સમૃદ્ધ રાજ્ય તરીકે થાય છે. ગુજરાતીઓ સુખી અને સમૃદ્ધ પણ કહેવાય છે. જે ગુજરાતીઓના લોહીમાં વ્યવસાય છે, તેમણે ક્યારેય પોતાની જમીન ગુમાવી નથી. ગુજરાતીઓ દરેક ક્ષેત્રમાં પોતાની હાજરી નોંધાવી રહ્યા છે. ગુજરાત મોડેલની દુનિયાભરમાં પ્રશંસા થાય છે. પરંતુ એક ક્ષેત્રમાં ગુજરાતીઓ અને ગુજરાત પાછળ રહી ગયા. ગુજરાત નોકરિયાતોને પગાર ચૂકવવામાં પાછળ છે. ગુજરાતમાં ગમે તેટલા ઉદ્યોગો હોય, પણ નોકરિયાત કર્મચારીઓનો પગાર અન્ય રાજ્યો કરતા ઓછો જોવા મળ્યો છે. તાજેતરમાં પ્રકાશિત થયેલ પીરિયડિક લેબર ફોર્સ સર્વે (PLFS) ૨૦૨૩-૨૪ ડેટા બહાર પાડવામાં આવ્યો છે. જેમાં ગુજરાતનો રિપોર્ટ ખૂબ જ ચોંકાવનારો છે. ગુજરાતમાં પગારદાર કર્મચારીઓનો પગાર દેશના અન્ય મુખ્ય રાજ્યો કરતા ઓછો છે. સૌથી ઓછો પગાર ગુજરાતમાં ૧૭૫૦૩ રૂપિયા પ્રતિ માસ છે. જે અન્ય રાજ્યોની સરખામણીમાં ઘણું ઓછું છે. તેમજ અહીં કામના કલાકો પણ લાંબા છે. ગુજરાતમાં નિયમિત પગારદાર કર્મચારીઓ દેશમાં સૌથી વધુ સરેરાશ ૫૩ કલાક પ્રતિ સપ્તાહ કામ કરે છે. તેલંગાણામાં રોજગાર મેળવનારા લોકો દર અઠવાડિયે સરેરાશ ૪૬.૫ કલાક કામ કરે છે અને દર મહિને ૨૭૬૦૬ રૂપિયા કમાય છે. કર્ણાટકમાં કર્મચારીઓ ૪૬.૯ કલાક કામ કરીને સરેરાશ ૨૫૬૨૧ રૂપિયાનો પગાર મેળવે છે. ગુજરાતમાં કામના કલાકોની વાત કરીએ તો, ગુજરાતીઓ દર અઠવાડિયે સરેરાશ ૫૩ કલાક કામ કરે છે. જે અન્ય રાજ્યો કરતા વધુ છે. એટલે કે ૩૦ ટકા લોકો ૪૮ થી ૬૦ કલાક કામ કરે છે. એટલું જ નહીં, ગુજરાતીઓને કાર્યસ્થળ પર પણ યોગ્ય લાભ મળતા નથી. ગુજરાતમાં ૪૨.૨% નિયમિત પગારદાર કર્મચારીઓ પગારદાર રજા, લેખિત નોકરી-કરાર અને સામાજિક સુરક્ષા લાભો વિના કામ કરે છે. જે ખૂબ જ ખરાબ બાબત છે. કુલ ૬૦% પગારદાર કર્મચારીઓ પીએફ-પેન્શન, ગ્રેચ્યુઈટી, આરોગ્ય સંભાળ અને પ્રસૂતિ લાભો વિના કાર્યરત છે. ગુજરાતમાં આટલો પગાર મેળવતા કર્મચારીઓની સંખ્યા રાષ્ટ્રીય સરેરાશ ૩૯.૬% કરતા વધારે છે.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS